
શ્રીમદ્ દેવચન્દ્રજી-કૃત

# અધ્યાત્મ ગીતા



પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા.

# દ્વિતીયા વૃત્તિ વખતે

અધ્યાત્મ રસ નિમગ્ન પૂજ્ય દેવચન્દ્રજી મહારાજની અધ્યાત્મ-ગીતાનું પુનઃ પ્રકાશન કરતાં ખૂબજ આનંદ થાય છે. વિ.સં. ૨૦૨૮, મહા સુદ-૧૪, શનિવારના શુભ દિવસે (જ્યારે ભુજ-(કચ્છ)માં પૂજ્ય દેવેન્દ્રસૂરિજીની નિશ્રામાં ૧૧ સામૂહિક દીક્ષાઓ થઈ હતી.) આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઇ હતી, જેમાં અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. (તે વખતે પં. મ.) દ્વારા કરાયેલી અર્થ-ગંભીર વિવેચના આપવામાં આવી હતી. જિજ્ઞાસુઓના હૃદયમાં તે પુસ્તકે સારી ચાહના જગાવી હતી. આ બીજી આવૃત્તિમાં વાંકી ચાતુર્માસમાં (વિ.સં. ૨૦૫૫) અધ્યાત્મ-ગીતા પર અપાયેલી વાચના 'વાચના-પ્રસાદી' રૂપે દરેક ગાથાના વિવેચન પછી આપવામાં આવી છે, જે 'કહે, કલાપૂર્ણસૂરિ' નામના ગ્રન્થમાંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવી છે.

વાચકોને તે અવશ્ય ગમશે, તેવો વિશ્વાસ છે.

પરમ કૃપાળુ પરમાત્માના અનન્ય ભક્ત પૂજ્ય આચાર્યશ્રીની આ વિવેચના સૌ ઉમળકાભેર વધાવી લેશે, તેવી શ્રદ્ધા છે.



॥ श्री पद्म-जीत-हीर-कनक-देवेन्द्रसूरीश्वर सद्‌गुरुभ्यो नमः ॥

# અધ્યાત્મ ગીતા

: પ્રકાશક-પ્રાપ્તિસ્થાન :

**C/o. શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક કેન્દ્ર,**
શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, શાસ્ત્રી રોડ,
અંજાર-કચ્છ.



**પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ નકલ**
સંવત્ ૨૦૨૮ના મહા સુદ-૧૪, શનિવાર,
તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૭૨,
વીર સંવત્ ૨૪૯૮.

**દ્વિતીય આવૃત્તિ ૧૦૦૦ નકલ**
સંવત્ ૨૦૫૭ માગ. સુદ-૫, શુક્રવાર
તા. ૧-૧૨-૨૦૦૦

● **મુદ્રક** ●
**જયંત પ્રિન્ટરી :** ૩૫૨/૫૪, ગિરગામ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : **૨૦૫ ૭૧ ૭૧.**

# સત્કાર

**"સા**ગરના પાણીને ગાગરમાં સમાવી શકાય ખરૂં ?"

આ પ્રશ્નનો જવાબ આપવો ખૂબ જ મુશ્કેલ છે. અશક્ય લાગતા આ સવાલનો જવાબ પરમ પૂજ્ય પાઠકપ્રવર શ્રીમદ્ દેવચન્દ્રજી મહારાજ આપણા ઉપર મહાન ઉપકાર કરીને આપી રહ્યા છે.

અનંત ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માની પુણ્ય પ્રસાદીરૂપ અધ્યાત્મ જ્ઞાન એ તો સાગરના નીર જેટલું ઊંડું છે. આપણા જેવા અલ્પ બુદ્ધિવાળા જીવોનું ગજું નથી કે એમાં ડૂબકી મારી અણમોલ રત્નો હાથ કરી લઈએ.

માત્ર ૪૭ (પ્રશસ્તિના બે શ્લોક સહિત ૪૯) શ્લોકોમાં અધ્યાત્મજ્ઞાનને ગૂંથી લઈ પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ સાહેબ **અધ્યાત્મ ગીતા** આપણા માટે વારસામાં આપતા ગયા છે, એ આપણું પરમ સદ્ભાગ્ય છે.

**અધ્યાત્મ ગીતા**ના એક એક શ્લોકમાં અદ્ભુત રહસ્ય ભર્યું છે. ઉપલક નજરે વાંચન કરવા માત્રથી એનો રસાસ્વાદ માણી નહિ શકાય ! પણ ઉંડાણમાં જાવું પડે. જેમ કુશળ પાકશાસ્ત્રી દૂધમાંથી બાસુંદી તૈયાર કરી આપે અને આપણે એનો આસ્વાદ માણીએ છીએ, તેવી જ રીતે આવા ગંભીર અને આત્માને ઉપકારક જ્ઞાનનો રસાસ્વાદ પૂજ્ય પંન્યાસજી શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજ સાહેબ (હાલ પૂ. આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી) આ વિવેચન દ્વારા કરાવી રહ્યા છે.

સૌ પ્રથમ આ પુસ્તકના પ્રારંભમાં આપેલા અધ્યાત્મ રહસ્ય, ત્યાર પછી અધ્યાત્મ ગીતા સાર એક ધ્યાનથી વાંચી લઈએ અને પછી જ્યારે **અધ્યાત્મ ગીતા**ના વાંચનમાં ઓતપ્રોત બનીએ છીએ ત્યારે અધ્યાત્મ જ્ઞાનનો દિવ્ય રસાસ્વાદ અને આનંદ માણી શકાય છે. ભાષા જુની છે પણ અતિ મધુર છે; વારંવાર વાંચન-મનન કરીએ છતાં કંટાળો નથી આવતો, પરંતુ દર વાંચન તથા મનન પછી નવાં ને નવાં અદ્ભુત રહસ્યો સમજવા મળે છે ! સ્વાનુભવે સમજાય તેવી આ વિશિષ્ટ જ્ઞાન પ્રસાદી છે. સૌ કોઈ જિજ્ઞાસુ વાચક આ વાતનો સાક્ષાત્કાર કરે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

જ્ઞાની મહાપુરુષોએ અધ્યાત્મ જ્ઞાનની મહત્તા બતાવતાં કહ્યું છે :-

**બહુ કોડ્યો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ,**
**જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કર્મ ખપાવે તેહ.**

જેમ જેમ અધ્યાત્મ જ્ઞાનનો વિકાસ થતો જાય છે તેમ તેમ કર્મોનો વિનાશ જલદી ને જલદી થતો જાય છે અને પરમ આનંદ તથા દિવ્ય સુખનો પ્રત્યક્ષ અનુભવ પણ થતો જાય છે. શ્રી વીતરાગ પ્રભુની આ અણમોલ જ્ઞાન - પ્રસાદીરૂપ વિમાનમાં પ્રવેશ મેળવી લઈએ એટલે અનંત સુખમય મોક્ષમાં જલદી પહોંચી, અનંતા સિદ્ધ ભગવંતોનો મેળાપ થઈ જાય, એ શું મહાનમાં મહાન લાભ નથી...?

વૈદ્યરાજો કહે છે કે બદામપાક આપણા મગજને પુષ્ટિ આપે છે. એ જ રીતે આ અધ્યાત્મ જ્ઞાનરૂપ બદામપાક આપણા આત્માને અખૂટ પુષ્ટિ આપે તેવો છે ! મોક્ષપુરીના રાજમાર્ગ પર દોડતું કરી મુકે તેવું અદ્ભુત બળપ્રદ છે ! અનંત સિદ્ધ ભગવંતો સાથે મેળાપ કરાવી શાશ્વતસુખના ભોક્તા બનાવી દે તેવું છે !

એકાદ લોટરી ખરીદી, પંદર-વીસ લાખનું પ્રથમ ઈનામ મેળવી લક્ષાધિપતિ થવાના આપણા કોડ પરિપૂર્ણ થઈ શકે કે કેમ એ પ્રશ્નાર્થ છે, પણ આ અધ્યાત્મ જ્ઞાનરૂપ લોટરીને આપણે હૃદયસ્થ કરી લઈએ તો એના ઉત્કૃષ્ટ ઈનામરૂપ મોક્ષ મેળવવાના કોડ તો અવશ્ય ને અવશ્ય પરિપૂર્ણ થવાના જ છે. એમાં જરાય શંકાને સ્થાન નથી.

રત્ન કદમાં નાનું હોય છે પણ કિંમતમાં એ ખૂબ જ મૂલ્યવાન હોય છે.

આ નાનકડી પુસ્તિકા પણ તત્ત્વજિજ્ઞાસુઓ માટે તો મહામૂલ્યવાન જ બની રહેવાની છે.

પૂ. પંન્યાસજી મહારાજ સાહેબ (પૂ. આચાર્યશ્રી) પોતે આ વિષયના ઊંડા અભ્યાસી અને અનુભવી છે, એમની કલમે સંસ્કાર પામેલી આ પુસ્તિકા ભવ્ય આત્માઓના અંતરને અજવાળી, આત્મશ્રેયના પરમપંથે ચડાવી દેવામાં અપૂર્વ પ્રેરણા અને બળપ્રદાન કરી શકશે.

પૂ. પં. મહારાજ સાહેબના આ મહામૂલા ગ્રંથને પ્રગટ કરવાનું મહાન સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે એ અમારા માટે પરમ આનંદનો વિષય છે. એમના સૌ પ્રથમ પુસ્તક **"તત્ત્વજ્ઞાન પ્રવેશિકા"**ને ખૂબ જ સુંદર સફળતા પ્રાપ્ત થઈ, એ જ રીતે કલ્યાણમિત્ર સમા આ પુસ્તકને પણ ભવ્ય આત્માઓ સત્કારશે એમાં જરાય શંકા નથી. ભવિષ્યમાં હજુ પણ ઉત્તમોત્તમ ગ્રન્થરત્નોની પ્રસાદી આપણને પ્રાપ્ત થતી રહે, એવો અંતરમાં લોભ જાગ્યો છે ! આપણને પૂજ્યશ્રી નિરાશ નહિ જ કરે, એવી દઢ શ્રદ્ધા આપણે સૌ રાખીશું.

વિશેષમાં પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે (પૂજ્ય શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય) તથા પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે (પૂજ્ય બાપજી મહારાજના સુશિષ્ય. હાલમાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિજી) સમગ્ર ગ્રંથને તપાસી યોગ્ય સૂચનો કરી, જે ઉમદા સહકાર આપ્યો છે તે બદલ કૃતજ્ઞભાવે તેમનો આભાર માનું છું.

નાનકડો બાળ જે રીતે વડીલની આંગળી પકડી ઈચ્છિત સ્થાને પગલાં માંડતો જાય છે, તે રીતે અધ્યાત્મ શાસ્ત્રના જ્ઞાતા ગુરુ મહારાજની આંગળી પકડી આપણે સૌએ એમની સાથે જ અદષ્ટ પણ શાશ્વતા સુખના ધામરૂપ મોક્ષપુરી તરફ પગલાં માંડી વહેલી તકે પહોંચી જઈએ એવી ઉત્કૃષ્ટ અભિલાષા રાખીએ !

**લિ.**

**ડૉ. ઉમરશી પુનશી દેઢીઆ**
શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ, અંજાર (કચ્છ)
(પ્રથમ આવૃત્તિમાંથી સાભાર.)

# અધ્યાત્મનું રહસ્ય

**અ**નંત જ્ઞાની જિનેશ્વર પરમાત્માએ ભવ્યાત્માઓના હિત માટે અધ્યાત્મનું સ્વરૂપ પ્રકાશ્યું છે.

એ અધ્યાત્મનું શુદ્ધ સ્વરૂપ અધ્યાત્મશાસ્ત્રો (જિનાગમો)ના પઠનપાઠન દ્વારા આજે પણ જાણી શકાય છે.

અધ્યાત્મજ્ઞાનના અધ્યયન-મનનથી આત્મતત્ત્વની સાચી ઓળખાણ થતાં પરપૌદ્‌ગલિક પદાર્થોની પ્રીતિ-મમતા મંદ થાય છે અને આત્મસ્વભાવમાં તન્મય બનવાની રુચિ જાગૃત થાય છે અને તે રુચિની તીવ્રતા અનુસારે આત્મા, આત્મવીર્ય (શક્તિ) વડે આત્મસ્વભાવમાં તન્મય બનવા પ્રબળ પુરુષાર્થ કરવાનો પ્રારંભ કરે છે અને સતત પુરુષાર્થના યોગે તત્ત્વરમણતા રૂપ ભાવચારિત્રને પ્રાપ્ત કરી અનુક્રમે પૂર્ણ સુખનો (શાશ્વત સહજ આનંદનો) ભોક્તા બને છે. તેથી સર્વ કોઈ મુમુક્ષુ (મોક્ષ સુખની અભિલાષાવાળા) આત્માઓને અધ્યાત્મના શુદ્ધ સ્વરૂપને બતાવનારા અધ્યાત્મ શાસ્ત્રોનું શ્રવણ, મનન અને પરિશીલન કરવું અત્યંત આવશ્યક છે.

**અધ્યાત્મનું શુદ્ધ લક્ષણ :**

આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે જે વિશુદ્ધ ધર્મ-ક્રિયા કરવામાં આવે તે જ ''અધ્યાત્મ'' છે અને તે અધ્યાત્મ સર્વ પ્રકારના યોગોમાં વ્યાપક છે, અર્થાત્ સર્વ પ્રકારના યોગોનો સમાવેશ ''અધ્યાત્મ''માં થઈ જાય છે એ હકીકત યોગશાસ્ત્રમાં દર્શાવિલા યોગનાં લક્ષણ દ્વારા સમજી શકાય છે.

**યોગનું લક્ષણ :**

मोक्षेण योजनात् योगः (આત્માને) મોક્ષની સાથે જોડનાર (સંબંધ કરાવનાર) હોય તે **''યોગ''** કહેવાય છે. સર્વ પ્રકારનો મોક્ષસાધક આચાર એ જ **'યોગ'** છે. અર્થાત્ જ્ઞાનાચારાદિ પંચાચારોનું પાલન એ **યોગ** છે.

આત્માના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે જે ધર્મક્રિયા સહાયક બને છે તે જ **''અધ્યાત્મ''** અથવા **''યોગ''** કહેવામાં આવે છે. નામભેદ હોવા છતાં બન્નેનું કાર્ય એક જ છે. આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરાવવાના સાધન હોવાથી બન્ને અભિન્ન (એક) સ્વરૂપવાળાં છે.

**યોગબિન્દુ**માં પૂ. હરિભદ્રસૂરીશ્વરજીએ યોગના પાંચ ભેદોમાં **''અધ્યાત્મ''**ને પ્રથમ ભેદ તરીકે વર્ણવ્યો છે. તેઓશ્રીએ અધ્યાત્મ (યોગ)ના સ્વરૂપને વિશેષ સ્પષ્ટ કર્યું છે. વિવિધ પ્રકારની પ્રક્રિયાઓને પણ ગીતાર્થ-આચાર્યો **''અધ્યાત્મ''** કહે છે; તે વિવિધ પ્રક્રિયાઓ આ પ્રમાણે છે:-

(૧) ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારી આત્માની મૈત્ર્યાદિ ભાવનાઓથી યુક્ત શાસ્ત્રાનુસારી વિચારણા એ **''અધ્યાત્મ''** છે.

(૨) આરાધ્ય પરમાત્મા, દેવ વગેરેનું નામ અથવા મંત્રપદ સ્વાધ્યાય રૂપ હોવાથી **"જપ"** એ અધ્યાત્મ છે.

(૩-૪) પોતાની યોગ્યતાનો વિચાર કરી ધર્માનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવી તથા આત્મનિરીક્ષણ કરવું એ **ઔચિત્યાલોચનરૂપ** તથા **આત્મસંપ્રેક્ષણરૂપ** અધ્યાત્મ છે.

(૫-૬-૭) **દેવવંદન** (ચૈત્યવંદન) **પ્રતિક્રમણ** અને મૈત્રી પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ **ભાવનાનું** ચિંતન એ પણ અધ્યાત્મ છે.

ઉપર્યુક્ત અધ્યાત્મયોગની વ્યાખ્યાઓનું રહસ્ય આ પ્રમાણે સમજાય છે :

**પહેલી વ્યાખ્યા :**

વ્રત નિયમોનું દઢતાપૂર્વક પાલન કરનાર શ્રાવકો અને પંચ મહાવ્રતધારક સાધુ મહાત્માઓ મૈત્રી આદિ ભાવનાઓથી ચિત્તને નિર્મળ બનાવી જે આત્મતત્ત્વનું ચિંતન કરે છે તેને **અધ્યાત્મયોગ** કહેવાય છે, એમ બતાવીને વ્યવહારથી વ્રત નિયમોના પાલન દ્વારા જ આત્મચિંતનરૂપ નિશ્ચલ અધ્યાત્મની ભૂમિકા પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે અને અધ્યાત્મના સતત અભ્યાસથી ભાવના યોગ પ્રગટે છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ બતાવેલા દેશવિરતિ-સર્વવિરતિરૂપ અથવા દાન-શીલ-તપ-ભાવરૂપ ધર્મનો સમાવેશ અધ્યાત્મ યોગમાં થયો છે અર્થાત્ મોક્ષ સાધક સર્વ અનુષ્ઠાનોનો સંગ્રહ અધ્યાત્મમાં થયેલો છે. અધ્યાત્મની અન્ય વ્યાખ્યાઓમાં એ બાબતને સ્પષ્ટ કરવામાં આવી છે.

**બીજી વ્યાખ્યા :**

નવકાર મહામંત્ર આદિ સર્વ પ્રકારના **"જપ"**ને 'અધ્યાત્મ' કહે છે. જો કે પ્રથમ વ્યાખ્યામાં સર્વ અનુષ્ઠાનો સાથે "જપ"નો પણ સમાવેશ થઈ જાય છે. છતાં તેની **પ્રધાનતા** બતાવવા માટે (આધ્યાત્મિક જીવનમાં જપની અત્યંત અગત્ય બતાવવા માટે) જ અહિ તેનો સ્વતંત્ર નિર્દેશ થયેલો છે.

ધર્મની પ્રાથમિક ભૂમિકાથી માંડીને સર્વોચ્ચ કોટિની ભૂમિકા સુધી પણ "જપ"ને સ્થાન આપવામાં આવ્યું છે અર્થાત્ નાના બાળકને પણ પ્રથમ નવકાર મંત્રનો જાપ કરાવવાનું શિખવવામાં આવે છે અને ચૌદ પૂર્વધર જેવા મહાન ગીતાર્થ યોગીઓ પણ અંત સમય સુધી મહામંત્રના જાપને જપતા રહે છે... કારણ કે જપ એ પાપરૂપી ઝેરનો પ્રત્યક્ષ અપહાર કરે છે. વિશિષ્ટ મંત્રોચ્ચારથી જેમ સર્પાદિના ઝેર તરત જ ઉતરી જાય છે તેવી રીતે જપથી પણ મિથ્યાત્વ મોહનીય આદિ પાપો પળવારમાં પલાયન થઈ જાય છે એટલું નહિ પરંતુ તે મંત્ર અરિહંતાદિની સ્તુતિરૂપ હોવાથી તેમના અનુગ્રહ-કૃપાને પણ પ્રાપ્ત કરાવે છે.

**જૈન દર્શનમાં જપ સાધનાનું મહત્ત્વ :**

જપની આરાધના પ્રતિજ્ઞા ગ્રહણ કરવાપૂર્વક નિત્ય-નિયમિત સ્થાને અને નિયમિત સમયે મનને

મંત્રાક્ષરો ઉપર કે તેના અર્થચિંતનમાં અથવા પ્રભુમૂર્તિ ઉપર કેન્દ્રિત કરીને એકાંત-પવિત્ર સ્થળમાં કરવાથી તે શીઘ્ર ફળદાયી બને છે.

જેમ જેમ મનની એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ આત્મશક્તિઓનો ઝડપી વિકાસ થતો જાય છે. તેમજ વિવિધ પ્રકારના દિવ્ય અનુભવો પણ થાય છે.

"જપ" એ ધ્યાનનું સાધન છે અર્થાત્ જપ એ અભ્યાસ દ્વારા ધ્યાનરૂપે પરિણમે છે.

શ્રી યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં પદસ્થ ધ્યાનરૂપે અનેક મંત્રોનું ધ્યાન કરવાની વિવિધ પ્રક્રિયાઓ બતાવવામાં આવી છે.

અનેક પ્રકારના અનુષ્ઠાનોમાં નવકાર મંત્ર વિગેરેનો જાપ સર્વવ્યાપક બનેલો છે. જેમ કે

(૧) વીશસ્થાનક, નવપદ, વર્ધમાન આયંબિલ અને ઉપધાન તપ આદિ સર્વ પ્રકારના તપમાં પ્રતિદિને ૨૦૦૦ વાર મંત્રનો જાપ જપવાનું વિધાન છે.

(૨) કોઈપણ શુભ કાર્યના પ્રારંભમાં નવકાર મહામંત્રનું સ્મરણ અવશ્ય કરવામાં આવે છે.

(૩) ઉપધાન તપમાં એક લાખ નવકાર મહામંત્રનો જાપ કરવાનું વિધાન છે અને પ્રતિદિન સો (૧૦૦) લોગસ્સનું કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાન (માનસિક જાપ) કરવાનું હોય છે. શત્રુંજય તીર્થની નવ્વાણુ યાત્રા અને ગિરિરાજમાં ચાતુર્માસ કરનારને પણ લાખ નવકારમંત્રનો જાપ યાત્રા સાથે વિહિત કરેલો છે.

(૪) નામસ્તવરૂપ લોગસ્સ સૂત્ર પણ દેવતા-સ્તવ સ્વરૂપ હોવાથી શ્રેષ્ઠ મંત્ર છે અને તેનો પ્રયોગ પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓમાં અને વિવિધ તપોમાં વારંવાર થાય છે.

(૫) "યોગોદ્વહન" (સૂત્ર - સિધ્ધાંતના રહસ્યને પ્રાપ્ત કરાવવા માટેની વિશિષ્ટ પ્રક્રિયામાં પણ વારંવાર શ્રી નમસ્કાર મહામંત્ર અને લોગસ્સ સૂત્રનો ભાષ્ય જાપ અને માનસિક જાપ (કાયોત્સર્ગ) કરવાનું વિધાન છે.

(૬) શ્રી તીર્થંકર પરમાત્માએ અર્થથી પ્રકાશિત કરેલા અને શ્રી ગણધર ભગવંતોએ સૂત્ર રૂપે ગૂંથેલા આગમ ગ્રન્થો એ મંત્ર સ્વરૂપ જ છે. તે સૂત્રોનો સ્વાધ્યાય સાધુ ભગવંતોને દિન રાત્રિમાં ચાર-પાંચ પ્રહર સુધી કરવાનું વિધાન છે. તે પણ સૂત્ર રૂપી મંત્રોનો એક પ્રકારનો જાપ છે.

(૭) ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ, સ્તવન, સ્તોત્ર અને નવ સ્મરણાદિ પણ દેવતા સ્તવરૂપ હોવાથી ભાષ્ય જપ જ છે અને તે સર્વેનો ઉપયોગ સર્વ આરાધકો નિરંતર કરે છે.

આ ઉપરથી જાણી શકાય છે કે પ્રત્યેક ધર્મ ક્રિયાઓમાં "જપ" ખૂબ જ વ્યાપક બનેલો છે.

**જપ** એ સર્વોપયોગી, સહજ અને સરલ સાધના હોવાથી સર્વ પ્રકારના સાધકોને સુસાધ્ય, રુચિકર અને હિતકર છે.

આત્મા આ રીતે જાપના સતત અભ્યાસથી પણ ભાવનાયોગ અને ધ્યાનયોગને પ્રાપ્ત કરે છે અને નિરંતર નિયમિત જપ કરનાર સાધક અધ્યાત્મના સૂક્ષ્મ રહસ્યોને અનુક્રમે જાણી શકે છે.

અધ્યાત્મની ત્રીજી અને ચોથી વ્યાખ્યામાં સ્વઔચિત્યાલોચનપૂર્વક ધર્મપ્રવર્તન અને આત્મસંપ્રેક્ષણ એ પણ અધ્યાત્મ છે એમ બતાવવામાં આવ્યું છે.

**ત્રીજી વ્યાખ્યા**

સ્વઔચિત્યાલોચન એટલે પોતાની યોગ્યતાનો વિચાર નીચે મુજબના ત્રણ પ્રકારથી કરવો:-

**(૧) યોગશુદ્ધિ :-** મન, વચન અને કાયાના પ્રશસ્ત વ્યાપારથી યોગ્યતાનો વિચાર કરવો એટલે કે શુભ ચિંતન, શુભ ભાષણ, હિત-મિત સત્યવચન અને જયણાપૂર્વક ગમન આ રીતે ત્રણ યોગોની શુદ્ધિ વડે પોતાની યોગ્યતા વિચારવી.

**(૨) જનવાદ :-** મારા વિષયમાં જનસમૂહ શું કહે છે તે ઉપરથી પોતાની યોગ્યતાનું માપ કાઢવું.

**(૩) લિંગ-શકુન-ઉપશ્રુતિ :-** આ ત્રણે દ્વારા કાર્યસિદ્ધિની યોગ્યતાનો વિચાર કરવો. જેમકે કોઈ પણ કાર્ય કરતાં પહેલાં શુભ શકુન વિગેરે જોવામાં આવે છે અથવા તો ''કાર્ય અવશ્ય સિદ્ધ થશે'' એવું અન્ય સજ્જન પુરુષોના મુખેથી સાંભળવામાં આવે તો સમજવું કે કાર્યસિદ્ધિ અવશ્ય થવાની છે. તે પૂર્વક ધર્મપ્રવર્તન ઉપરોક્ત રીતે સ્વયોગ્યતાનો વિચાર કરવાપૂર્વક ચૈત્યવંદન, વ્રત, નિયમ આદિ ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી, જેથી તે પ્રવૃતિ અવશ્ય અભીષ્ટ ફળને આપનારી બને છે.

સાધકની જેમ જેમ ધર્મમાં પ્રીતિ વધે છે તેમ તેમ ભાવની વિશુદ્ધિ વૃદ્ધિ પામે છે. ધર્મમાં ગાઢપ્રીતિ થયા વિના સ્વયોગ્યતાનો વિચાર કરવાનું સૂઝતું જ નથી. તેથી વ્રત ભંગાદિના ભયથી ભયભીત બનેલો શ્રદ્ધાળુ શ્રાવક સર્વવિરતિ કે દેશવિરતિ આદિ સ્વીકારતાં પહેલાં પોતાની યોગ્યતાનો યુક્તિપૂર્વક પૂરતો વિચાર કરે છે.

**ચોથી વ્યાખ્યા :- આત્મસંપ્રેક્ષણ એટલે આત્મનિરીક્ષણ :**

અણુવ્રત કે મહાવ્રતનો સ્વીકાર કર્યા પછી તેના પાલનમાં તત્પર બનેલા સાધકને ક્યારેક તીવ્ર અશુભ કર્મના ઉદયથી વ્રતમાં અતિચાર કે ભંગ થવાનો ભય ઉત્પન્ન થાય તો તે ભયની નિવૃત્તિ માટે આત્મસંપ્રેક્ષણ-આત્મનિરીક્ષણ કરે છે કે, ''ગ્રહણ કરેલા વ્રત નિયમનું કેટલું પાલન થયું છે ? કેટલું બાકી છે ? મારી ચાલુ પ્રવૃત્તિ, મારા વ્રત નિયમને બાધ કરનારી તો નથી ને?'' આવી રીતે આત્મ નિરીક્ષણ કરીને વ્રત-નિયમમાં દઢતા લાવવા માટે દેવાધિદેવ પરમાત્મા અથવા સદ્ગુરુ કે સાધર્મિક બન્ધુનો આશ્રય ગ્રહણ કરે છે તેમના અચિંત્ય પ્રભાવથી અશુભ કર્મોનો શીઘ્ર નાશ થઈ જાય છે. તેથી અશુભ વિચારો આવતા સર્વથા અટકી જાય છે.

**૫-૬-૭ વ્યાખ્યામાં**

(૫) દેવવંદન (પ્રભુ ભક્તિ)

(૬) સામાયિક, પ્રતિક્રમણ (ષટ્ આવશ્યક સ્વરૂપ અથવા પાપના પ્રાયશ્ચિત રૂપ) અને

(૭) મૈત્રી આદિ ભાવનાઓ એ પણ ''અધ્યાત્મ'' છે.

આ ત્રણેય વ્યાખ્યાઓમાં પણ સમગ્ર ધર્મ અનુષ્ઠાનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેનું રહસ્ય સૂક્ષ્મ અનુપ્રેક્ષા દ્વારા સમજી શકાય છે તથાભવ્યત્વ (જીવની મુક્તિગમન યોગ્યતા)નો વિકાસ ચતુ:શરણ-ગ્રહણ, દુષ્કૃતનિંદા અને સુકૃત અનુમોદના દ્વારા થાય છે અને એ ત્રણેનો સમાવેશ નિમ્નોકત અનુષ્ઠાનોમાં થયેલો છે.

**(૫) દેવવંદન :-** ચઉવીસત્થો (ચતુસ્તવ) ગુરુવંદન આદિ દ્વારા અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવાનું વિધાન છે.

**(૬) પ્રતિક્રમણ :-** (પાપનું પ્રાયશ્ચિત, પશ્ચાત્તાપ) વડે દુષ્કૃતની ગર્હા (નિંદા) કરવામાં આવે છે.

**(૭) ભાવના :-** મૈત્રી, પ્રમોદ આદિ ભાવનાથી સુકૃતની અનુમોદનાદિ થાય છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મરૂપ ત્રણે તત્ત્વોની આરાધના તેમજ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધનાનો સમાવેશ પણ ષટ્ આવશ્યકમાં થયેલો છે તે આ પ્રમાણે:-

**(૧) સામાયિક :-** (સમતાભાવરૂપ)માં ધર્મ તત્ત્વ અને સમ્યક્ ચારિત્રનો સમાવેશ થયેલ છે.

**(૨) ચતુર્વિંશતિસ્તવ :-** (પરમાત્મ સ્તુતિરૂપ ભક્તિયોગ)માં દેવતત્ત્વ અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સમાવેશ થયેલો છે.

**(૩) વંદના :-** (ગુરુ વંદનરૂપ ગુરુભક્તિ)માં ગુરુતત્ત્વ અને સમ્યગ્ દર્શન-જ્ઞાનનો સમાવેશ થયેલો છે.

**(૪) પ્રતિક્રમણ :-** (પાપ પ્રાયશ્ચિતરૂપ)માં તપરૂપ ધર્મતત્ત્વ અને સમ્યક્ ચારિત્રનો સમાવેશ થયેલો છે.

**(૫) કાયોત્સર્ગ :-** (વિશિષ્ટ ધ્યાન સ્વરૂપ)માં તપરૂપ ધર્મતત્ત્વ અને સમ્યક્ ચારિત્રનો સમાવેશ થયેલો છે.

**(૬) પ્રત્યાખ્યાન :-** (જ્ઞપરિજ્ઞા, પ્રત્યાખ્યાન પરિજ્ઞારૂપ)માં ધર્મતત્ત્વ અને સમ્યક્ચારિત્રનો સમાવેશ થયેલો છે.

આ પ્રમાણે પાંચે પરમેષ્ઠિ ભગવંતોનો તથા નવે પદોની આરાધનાનો પણ સમાવેશ ષટ્ આવશ્યકમાં થયેલો જ છે.

શ્રી ગણધર ભગવંતો વિગેરે મહાપુરુષો પણ જેનું આરાધન નિત્ય કરે છે તે ષટ્ આવશ્યકમાં રહેલા મહાન ભક્તિયોગ, સમતાયોગ આદિ યોગોના રહસ્યને પ્રગટ કરવામાં તો અનુભવી જ્ઞાનીઓ જ સમર્થ છે. !

**૫ટ્ આવશ્યકનું સંક્ષિપ્ત રહસ્ય :-**

જાંગુલીમંત્રના પ્રભાવથી જેમ વિષધરોના વિષ પળવારમાં ઉતરી જાય છે તેમ સામાયિક આદિ આવશ્યકના આરાધનથી અતિચાર-દોષોની આલોચના કરી તેનો ઊંડો પશ્ચાત્તાપ કરવાથી આત્મા કર્મવિષથી મુક્ત બને છે, અશુભ કર્મ રહિત બને છે.

**(૧) સામાયિક :-** સર્વ સાવદ્યયોગ, (પાપ વ્યાપાર)નો ત્યાગ કરી સમભાવમાં રહેવું એ જ સામાયિક છે. તે સામાયિકથી રાગ દ્વેષરૂપી મલિનતા દૂર થતાં આત્મા નિર્મળ બને છે. તેથી સામાયિક એ જ આત્માનો સ્વભાવ છે. અથવા નિશ્ચયથી આત્મા એ જ સામાયિક છે.

સામાયિક એ સકળ દ્વાદશાંગીનો સાર-સંક્ષેપ છે. શ્રી તીર્થંકર દેવો પણ સંયમગ્રહણ કરતી વેળાએ ''સામાયિક સૂત્ર''નું ઉચ્ચારણ કરે છે તેમજ તેઓ ''સર્વ સામાયિક'' દ્વારા કેવળ જ્ઞાન પ્રાપ્ત કરીને ધર્મતીર્થની સ્થાપના કરે છે અને ભવ્ય જીવોના સર્વ પ્રકારના શારીરિક-માનસિક દુ:ખોના નાશ કરવાના અનન્ય ઉપાય તરીકે સામાયિકનો ઉપદેશ આપે છે.

સમતાનો લાભ એ જ સામાયિક. સમતા એ આત્માનો ગુણ છે. ગુણ ગુણીનો કથંચિદ્ અભેદ હોવાથી આત્માને જ સામાયિક કહેવામાં આવે છે. સમતા એ અમૃતના અભિનવ-નવીન મેઘની વૃષ્ટિ સમાન છે, જે તૃષ્ણારૂપી તીવ્ર તૃષાને શાંત કરી દે છે. સ્વભાવ રમણતા એ સમતા છે પરભાવ રમણતા એ મમતા છે. સમતાથી મમતાનો વિષમ વિષજ્વર વિનષ્ટ થઈ જાય છે.

સમતારૂપી સૂર્યનો ઉદય થતાં રાગ-દ્વેષ રૂપી ગાઢ અંધકારનો વિલય થઈ જાય છે. તેથી જ યોગીપુરુષોને પોતાના આત્મામાંજ પરમાત્મસ્વરૂપનાં દર્શન થાય છે.

શત્રુ મિત્ર ઉપર સમભાવ ધારણ કરી રાગ દ્વેષરૂપી શત્રુઓ ઉપર વિજય મેળવી પરમાનંદદાયક સામાયિક જલમાં ઝીલવાથી સમગ્ર કર્મ મલીનતા દૂર થઈ જાય છે.

કરોડો જન્મ સુધી કરેલા તીવ્ર તપથી પણ જે કર્મો નાશ નથી પામતા તે કર્મો પળમાત્રના સમભાવથી વિનષ્ટ થાય છે.

સામાયિક-આવશ્યકના સતત સેવનથી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખીને તેમાં રમણતા કરે છે. તેથી જ આગમોમાં સામાયિકનો અપૂર્વ મહિમા બતાવેલો છે.

સામાયિકના પરિણામથી અનંત આત્માઓ સિદ્ધિગતિને પામી, અનંત અક્ષય-અવ્યાબાધ અને શાશ્વત સુખના સ્વામી બન્યા છે અને ભવિષ્યમાં પણ બનશે.

**(૨) ચઉવીસત્થો :** (ચતુર્વિંશતિ સ્તવ) : આ આવશ્યકમાં સામાયિક ધર્મના આદ્ય પ્રકાશક દેવાધિદેવ અરિહંત પરમાત્માઓ અને તેમના સદ્‌ગુણોની સ્તુતિ કરવામાં આવે છે. તે સ્તુતિ દ્વારા અધ્યવસાયોની વિશુદ્ધિ થાય છે અને અધ્યવસાયોની વિશુદ્ધિથી કર્મક્ષયરૂપ મોક્ષફળની પ્રાપ્તિ થાય છે.

પરમાત્મભક્તિથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને સમ્યગ્દર્શન દ્વારા ભાવસમાધિ મળે છે તેથી મોક્ષ થાય છે. માટે **પરમાત્મભક્તિ એજ મોક્ષનું મૂળ કારણ છે.** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, ''શ્રી જિનેશ્વરદેવની પરમભક્તિ વડે પૂર્વસંચિત સમગ્ર કર્મોનો ક્ષય થઇ જાય છે. કારણ કે શ્રી જિનેશ્વર પરમાત્મા જ સર્વોત્કૃષ્ટગુણી અને સર્વોત્કૃષ્ટ ઉપકારી છે. તેઓની ભક્તિ એ ઉત્કૃષ્ટ ગુણ બહુમાન છે અને ઉત્કૃષ્ટ ગુણ બહુમાન એ કર્મવનને બાળવામાં દાવાનળ સમાન છે.''

**(૩) વંદના :** આ આવશ્યકમાં સામાયિક ધર્મનું પાલન કરનારા સદ્ગુરુઓને વિધિપૂર્વક વંદન કરવાનું વિધાન છે. **વિનય એજ ધર્મનું મૂળ છે** અને તે બહુમાનપૂર્વક ગુણીપુરુષોના વંદન-પૂજન કરવાથી થાય છે. ગીતાર્થ ગુરુવર્યોને બત્રીસ દોષ રહિત અને તેત્રીસ આશાતના વર્જીને ભાવપૂર્વક વંદન કરવાથી અશુભ કર્મોનો ક્ષય અને ઉચ્ચ ગોત્ર આદિ શુભ કર્મોનો બંધ થાય છે તેમજ ક્ષાયિક સમ્યગ્દર્શન અને તીર્થંકરપદ આદિની પ્રાપ્તિ પણ સુલભ બને છે.

આ પ્રમાણે બીજા આવશ્યકમાં દેવતત્ત્વની ભક્તિ અને ત્રીજા આવશ્યકમાં ગુરુતત્ત્વની ભક્તિ નિરંતર અવશ્ય કરવાનું બતાવી ભક્તિયોગની પ્રધાનતા દર્શાવવામાં આવી છે.

**(૪) પ્રતિક્રમણ :** (જ્ઞાનાદિ) પાંચ પ્રકારના આચારોના પાલનમાં કોઇ સ્ખલના થઇ હોય અર્થાત્ કોઇપણ દૂષણ-અતિચાર લાગ્યા હોય તેની આલોચનાપૂર્વક નિંદા કરવી અર્થાત્ સદ્ગુરુ સમક્ષ પ્રગટ કરી તે પાપનું પ્રાયશ્ચિત કરવું. પોતાથી થઇ ગયેલી ભૂલોનો સ્વીકાર કરી તે પાપથી પાછા હઠવું. ''ફરીને તેવી ભૂલ નહિં કરૂં'' એવા નિર્ણયપૂર્વક મિચ્છામિ દુક્કડં આપવું (આ મારૂં પાપ મિથ્યા થાઓ). સદ્ગુરુની આગળ પાપશલ્યને પ્રકાશિત કરી નિ:શલ્ય બનાવવાથી ભાવની વિશુદ્ધિ થાય છે.

**પ્રતિક્રમણ કોનું થાય ? :-** નિષિદ્ધ કાર્યો કરવાથી, કરણીય કાર્યો નહિં કરવાથી તથા જિનોક્ત તત્ત્વની અશ્રદ્ધા કરવાથી તેમજ જિનવચનની વિપરીત પ્રરૂપણા કરવાથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરવું જોઇએ અથવા ઉપરોક્ત દોષોમાંથી કોઇ દોષ ન પણ લાગ્યો હોય છતાં પ્રતિક્રમણ કરવું એ **ત્રીજા ઔષધ**ની જેમ મહાન ગુણકારી છે.

**પ્રતિક્રમણનો શબ્દાર્થ :-** પાછા ફરવું-પાછા હઠવું અર્થાત્ પોતાની ભૂમિકા (સમ્યગ્દષ્ટિ શ્રાવક યા સાધુધર્મ)થી પ્રમાદવશ નીચેની ભૂમિકામાં આવ્યા પછી ફરીને પોતાની મૂળ ભૂમિકામાં આવવું તેને પ્રતિક્રમણ કહેવાય છે.

**(૫) કાયોત્સર્ગ :-** શરીરનો ત્યાગ અર્થાત્ આકાર સહિત શરીરનો ત્યાગ કરવો: **સાકાર**ના બે અર્થ થાય છે: (૧) સાકાર-કાયોત્સર્ગ યોગ્ય શરીરનો આકાર બનાવવો અર્થાત્ લાંબા હાથ કરી જિનમુદ્રાએ ઉભા રહી હલન ચલન આદિ ક્રિયાઓનો ત્યાગ કરવો.

(૨) સાકાર-ઉચ્છ્વાસ નિશ્વાસ આદિ બાર આગાર-અપવાદ છોડીને કાયાનો ત્યાગ કરવો અર્થાત્ એક સ્થાનમાં મૌન અને ધ્યાન સિવાય અન્ય સર્વ ક્રિયાઓનો અમુક સમય સુધી ત્યાગ કરવો.

**આઠ નિમિત્તો (હેતુઓ)થી કાયોત્સર્ગ કરવાનું વિધાન :-**

(૧) પાપ ક્ષપણ (૨) વંદન (૩) પૂજન (કેશર, સુગંધી ચૂર્ણ, પુષ્પમાળા વડે અર્ચન કરવું), (૪) સત્કાર-(શ્રેષ્ઠ વસ્ત્ર, આભૂષણ આદિ વડે અર્ચન કરવું.) (૫) સન્માન-વાચિક સ્તુતિ અથવા ગુણ પ્રશંસા કરવી, (૬) બોધિલાભ-જિનધર્મની પ્રાપ્તિ, (૭) મોક્ષ અને (૮) શાસનદેવના સ્મરણ-એ માટે કાયોત્સર્ગ કરાય છે.

ઉપર્યુક્ત નિમિત્તોથી કરાતો કાયોત્સર્ગ પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાપૂર્વક કરવાથી ઈષ્ટફળની સિદ્ધિ થાય.

**શ્રદ્ધા :-** સ્વ અભિલાષારૂપ છે, અર્થાત્ મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી જન્ય ચિત્તપ્રસાદ-પ્રસન્નતા થાય છે તે.

**મેધા :-** ગ્રન્થગ્રહણ પટુ પરિણામરૂપ છે અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જન્ય ચિત્ત પરિણામરૂપ હોવાથી ગ્રન્થ-શાસ્ત્રના રહસ્યને ગ્રહણ કરવામાં કુશળતા પ્રાપ્ત થાય છે.

**ધૃતિ :-** મનઃપ્રણિધાન સ્વરૂપા-મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી તથા દીનતા અને ઉત્સુકતા રહિત ધીર અને ગંભીર આશયયુક્ત હોય છે.

**ધારણા :-** પ્રસ્તુત વસ્તુની અવિસ્મૃતિ અર્થાત્ સ્મૃતિ સ્વરૂપ છે.

**અનુપ્રેક્ષા :-** તત્ત્વાર્થ અનુચિન્તનરૂપ અનુપ્રેક્ષા છે. તે પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જન્ય અનુભૂત પદાર્થના વિશિષ્ટ અભ્યાસ (પુનઃ પુનઃ આવૃત્તિ) રૂપ છે.

શ્રદ્ધાથી મેધા ઉત્પન્ન થાય અને મેધાથી ધૃતિ, ધૃતિથી ધારણા અને ધારણાથી અનુપ્રેક્ષા એમ અનુક્રમે એ ગુણોની ઉત્પત્તિ થાય છે. તેમજ અનુક્રમે વૃદ્ધિ પામે છે.

સદા હરહંમેશ વધતી જતી શ્રદ્ધા આદિ પૂર્વક કાયોત્સર્ગ કરવામાં આવે તો જ બોધિલાભ અને મોક્ષની અનુક્રમે પ્રાપ્તિ થાય છે !

"શ્રદ્ધા મેધા ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષા એ પાંચે અપૂર્વકરણરૂપ મહાસમાધિના બીજો છે." તે શ્રદ્ધાદિ બીજોના અતિશય અને પરિપાકથી જ સમાધિદશા પ્રાપ્ત થતાં અનુક્રમે અપૂર્વકરણરૂપ મહાસમાધિ પણ સિદ્ધ થાય છે.

શ્રદ્ધાદિ ચારના પરિપાકથી અનુપ્રેક્ષાની શક્તિ વધે છે અને અનુપ્રેક્ષા દ્વારા ધ્યાનમાં તન્મયતા એકાગ્રતા વધે છે અને તે અપૂર્વકરણ-અપૂર્વઅધ્યવસાયરૂપ મહાસમાધિરૂપે પરિણમે છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે "કાયોત્સર્ગ" એ વિશિષ્ટ પ્રકારનું ધ્યાન જ છે અને તે વિશિષ્ટ ધ્યાનશક્તિનો પ્રાદુર્ભાવ શ્રદ્ધાદિ ભાવોની અભિવૃદ્ધિથી જ થઈ શકે છે.

**દ્રષ્ટાંત દ્વારા વિશેષ સ્પષ્ટતા :**

**શ્રદ્ધા :** એ જળશોધકમણિ જેવી છે. જેમ જળશોધકમણિને તળાવ વિગેરેમાં નાખવામાં આવે તો તે કાદવ વિગેરેની મલીનતા દૂર કરી પાણીને અત્યંત નિર્મળ સ્વચ્છ બનાવે છે તેમ આ શ્રદ્ધારૂપ

મણિ પણ ચિત્તરૂપ સરોવરમાં ઉત્પન્ન થયેલા તત્ત્વ સંબંધી સંશય, ભ્રમ, ચપળતા અને અશ્રદ્ધા આદિ સર્વ મલીનતા દૂર કરી જિનપ્રણીત તત્ત્વમાર્ગને ચિત્તમાં વાસિત બનાવે છે અથવા જિનપ્રણીત તત્ત્વમાર્ગમાં ચિત્તને વાસિત બનાવે છે.

**મેધા :-** રોગીને ઔષધ પ્રત્યે જેમ પરમ ઉપાદેયભાવ હોય છે તેમ શ્રદ્ધાવાન સાધકને (નિપુણ બુદ્ધિ વડે) તત્ત્વપ્રતિપાદક સત્શાસ્ત્રપ્રતિ પરમ ઉપાદેયભાવ ઉત્પન્ન થાય છે. તેમજ તે શાસ્ત્રઅધ્યયનમાં પ્રયત્નશીલ બને છે, અન્ય પ્રવૃત્તિને છોડીને શાસ્ત્રઅધ્યયનમાં જ આદરપૂર્વક પ્રવૃત્તિ કરે છે.

**ધૃતિ :-** ચિંતામણી રત્નની પ્રાપ્તિ સમાન છે. જેમ કોઈ દરિદ્રીને ચિંતામણી રત્નની પ્રાપ્તિ થઈ હોય અને તેનો અપૂર્વ મહિમા જાણી તેને દરિદ્રતાની ચિંતા મટી જાય છે, તેમ જિનધર્મરૂપી ચિંતામણી રત્નનો અચિંત્ય પ્રભાવ જાણીને સાધક સંસારના સમસ્ત દુ:ખોની ચિંતાથી મુક્ત થઈ જાય છે અને વિશિષ્ટ ધૃતિ ઉત્પન્ન થાય છે.

**ધારણા :-** મોતીની માળા પરોવનાર ઝવેરી જેમ તે માળાને વ્યવસ્થિત રીતે ચિત્તની એકાગ્રતાપૂર્વક ઉપયોગ રાખીને પરોવે તો જ માળા અતિસુદંર બને છે, તેમ ધારણાના બળથી સ્થાનાદિ યોગમાં પ્રયત્નશીલ સાધક અન્ય વિક્ષેપોને છોડી વિધિપૂર્વક અનુક્રમે વસ્તુનું દઢતાથી ગ્રહણ કરે છે.

**અનુપ્રેક્ષા :-** રત્નશોધક અગ્નિ જેવી છે. જેમ રત્નને શુદ્ધ બનાવનાર અગ્નિ રત્નની ચારે બાજુ વ્યાપ્ત થઈને તેમાં રહેલી સમગ્ર મલીનતાને બાળી નાખીને રત્નને નિર્મળ અને તેજસ્વી બનાવે છે તેમ તત્ત્વચિંતનરૂપ અનુપ્રેક્ષા (અગ્નિ) આત્મરત્નમાં એટલે કે આત્મપ્રદેશોમાં વ્યાપીને તેમાં રહેલા સમગ્ર કર્મમળને બાળીને કેવલજ્ઞાન પ્રગટાવે છે.

આ પ્રમાણે શ્રદ્ધા, મેધા, ધૃતિ અને ધારણા એ અનુપ્રેક્ષા (તત્ત્વચિંતનરૂપ ધ્યાન)ના સાધનો છે અને અનુપ્રેક્ષાનો શ્રદ્ધાદિપૂર્વક થતો અતિશય અને પરિપાક (વિકાસ) એ અપૂર્વકરણરૂપ મહાસમાધિમાં અર્થાત્ આત્મતત્ત્વની રમણતામાં પરિણત થાય છે.

કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસ-નિશ્વાસ આદિ આગારો રાખી આઠ શ્વાસોશ્વાસાદિ કાળપ્રમાણ કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે :-

જ્યાં સુધી ''नमो अरिहंताणं'' અર્થાત્ અરિહંત પરમાત્માને નમસ્કાર કરી કાયોત્સર્ગ ન પારું ત્યાં સુધી હું એક જ સ્થાનમાં (એક આસને) સ્થિર રહી મૌનપણે ધ્યાન કરીશ અને તે સિવાયની સર્વ પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરૂં છું.

કાયોત્સર્ગમાં જઘન્ય આઠ શ્વાસોશ્વાસનો પ્રમાણ (આવશ્યકાદિમાં) નિયત છે પરંતુ તેવી રીતે ધ્યાનનું ધ્યેય નિયત નથી. ધ્યેય તો આત્માના પરિણામ અનુસાર હોય છે અને તે ધ્યાનના અનેક ધ્યેય (વિષય) આ પ્રમાણે હોઈ શકે છે.

(૧) શ્રી અરિહંત પરમાત્માના જ્ઞાનાદિ ગુણોનું ધ્યાન.
(૨) જિનોક્ત જીવ અજીવ આદિ તત્ત્વોનું ચિંતન.
(૩) સ્થાન, વર્ણ, અર્થ આલંબનયોગ.
(૪) ક્રોધાદિ દોષોની પ્રતિપક્ષી ભાવનાઓ-મૈત્રી આદિનું ચિંતન.

આ પ્રમાણે અનેક પ્રશસ્ત ધ્યેય વિષયક ધ્યાન હોય છે. તેમાંથી કોઈપણ નિયત ધ્યેયનું ધ્યાન એ વિવેકને ઉત્પન્ન કરે છે એમ શ્રી અરિહંત પરમાત્માએ કહ્યું છે અને તે પ્રમાણે જ તેમના કહેલા શાસ્ત્રમાં પ્રતિપાદિત થયેલું છે.

નિયત ધ્યેયના ધ્યાનથી વિવેકની ઉત્પત્તિ થાય છે અને તેથી ઉપયોગની શુદ્ધિ અર્થાત્ આત્માની નિર્મળતા થાય છે.

જે આત્માનું ધ્યાનબળ જેટલા પ્રમાણમાં વધુ હોય છે તેટલા પ્રમાણમાં તેની વિવેકશક્તિ વધે છે અને જેટલી વિવેકશક્તિ વધેલી હોય છે તેટલી તે અનુસારે આત્મપરિણતિ શુદ્ધ બને છે. અને તે શુદ્ધ ભાવથી ઉપાર્જિત શાતાવેદનીયાદિ કર્મ અવન્ધ્ય ફળવાળું હોય છે. અર્થાત્-તે કર્મના વિપાક કાળમાં પુન: શુદ્ધ ભાવરૂપ ફળની ઉત્પત્તિ થાય છે. જેમ સુવર્ણનો ઘટ ભાંગી જાય તો પણ સુવર્ણ જ પ્રાપ્ત થાય છે તેમ શુદ્ધભાવથી બંધાયેલું પુણ્યાનુબંધી પુણ્ય પણ શુદ્ધ પરિણામને ઉત્પન્ન કરે છે. કારણ કે તે શુભકર્મના ઉદયકાળે પણ વિવેકની ઉત્પત્તિ થાય છે અને વિવેક દ્વારા શુદ્ધ ભાવની ઉત્પત્તિ અવશ્ય થાય છે. સર્વત્ર કાર્ય એ પોતાના કારણને અનુરૂપ હોય છે અર્થાત્ કાર્યનો સ્વભાવ કારણના સ્વભાવને અનુસરે છે.

**કાયોત્સર્ગ અને અષ્ટાંગ યોગ :-**

યમ નિયમનું પાલન કરનાર વ્યક્તિ જ કાયોત્સર્ગ માટે યોગ્ય બને છે.

આસન જિનમુદ્રાએ (ઉભા) કાયોત્સર્ગ કરવાનું વિધાન એ એક વિશિષ્ટ પ્રકારનું આસન છે.

**પ્રાણાયામ** - કાયોત્સર્ગમાં આઠ શ્વાસોશ્વાસ આદિનું નિયત પ્રમાણ બતાવવામાં આવ્યું છે.

**પ્રત્યાહાર** - કાયોત્સર્ગમાં ઇન્દ્રિયોને સર્વ વિષયોથી રોકવી પડે છે, તે પ્રત્યાહાર છે.

**ધારણા** - ધૃતિ ધારણાપૂર્વક કાયોત્સર્ગ કરવામાં આવે છે.

**ધ્યાન** - અનુપ્રેક્ષાપૂર્વક કાયોત્સર્ગ કરવામાં આવે છે. તે ચિંતનરૂપ ધ્યાન જ છે.

**સમાધિ** - કાયોત્સર્ગમાં ધ્યાનના સતત અભ્યાસથી અપૂર્વકરણરૂપ મહાસમાધિ પ્રગટે છે.

**❑ કાયોત્સર્ગનું ફળ :-**

ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં કાયોત્સર્ગના ફળ આ પ્રમાણે બતાવ્યાં છે :-

(૧) દેહ જાડ્ય શુદ્ધિ - શ્લેષ્માદિથી થતી જડતાનો નાશ થાય છે.
(૨) મતિ જાડ્ય શુદ્ધિ - મનની ગતિ કેન્દ્રિત થવાથી મતિ-બુદ્ધિની શુદ્ધિ થાય છે.
(૩) સુખ દુ:ખ તિતિક્ષા - સુખ - દુ:ખને સમભાવથી સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.
(૪) અનુપ્રેક્ષા - અનિત્યત્વાદિ ભાવનાઓનો અભ્યાસ વૃદ્ધિ પામે છે.
(૫) ધ્યાન - ધ્યાનનો અભ્યાસ સહજ બની જાય છે.

**પચ્ચક્ખાણ** - પ્રત્યાખ્યાન આવશ્યકમાં ચાર આહાર વિગેરેના ત્યાગની પ્રતિજ્ઞા લેવામાં આવે

છે. ઈચ્છાઓ આકાશ જેવી અનંત છે. ઈચ્છાઓ કદી તૃપ્ત થતી નથી. માટે તે ઈચ્છાઓને પ્રત્યાખ્યાન દ્વારા રોકવામાં આવે છે.

"ઈચ્છારોધન તપ નમો:" **ઈચ્છાઓનો નિરોધ એ જ તપ છે** અને તે પણ ક્ષમા-સમતાપૂર્વક કરવામાં આવે તો નિકાચિત કર્મોનો પણ ક્ષય થઈ જાય છે. તેના પ્રભાવે અનેક લબ્ધિઓ પ્રગટે છે અને અષ્ટસિદ્ધિ, નવનિધિ, સ્વર્ગ, દેવેન્દ્ર, નરેન્દ્ર, આદિ પદની પ્રાપ્તિ થાય છે... અને અનુક્રમે શાશ્વત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ પણ થાય છે.

પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) નહિ કરવાથી મિથ્યાત્વ, અવિરતિ આદિ (કર્મબંધના હેતુઓ) ટળતા નથી અને અવિરતિ ટળ્યા વિના વિરતિ (ચારિત્ર) પ્રગટતી નથી અને વિરતિ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી... તેથી મોક્ષમાર્ગનું મૂળ પચ્ચક્ખાણ છે એમ સિદ્ધ થાય છે.

હિંસાદિ પાપ નહિ કરનારને પણ એકેન્દ્રિયની જેમ પાપની પ્રતિજ્ઞા નહિ કરવાથી પાપનો બંધ થાય છે. માટે એક ક્ષણમાત્ર પણ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) વિના ન રહેવું.

કોઈને પાપ કરવાનો વિચાર પણ ન સ્ફૂર્યો હોય, પાપકારી વચનો પણ ન ઉચ્ચાર્યા હોય અને કાયાથી પાપપ્રવૃત્તિ પણ ન કરતો હોય છતાં તે પાપના પચ્ચક્ખાણ કર્યા વિના (પાપ) અશુભકર્મબંધની પરંપરા બાંધે છે.

**દા.ત.** કોઈ ચોર ચોરી કરવા નીકળ્યો પણ રસ્તામાં વૃક્ષ નીચે સૂઈ ગયો તે વખતે તેને ચોરી કરવાનો વિચાર પણ નથી, વચનોનો ઉચ્ચાર પણ નથી અને કાયાની પ્રવૃત્તિ પણ નથી છતાં તે ચોર જ કહેવાય છે, પણ શાહુકાર ગણાતો નથી. તેવી રીતે સંસારી જીવ પણ જ્યાં સુધી પાપની પ્રતિજ્ઞા ગ્રહણ ન કરે ત્યાં સુધી પાપ ન કરતો હોય તો પણ તે સાધુ (વિરતિ) ન કહેવાય.

**પચ્ચક્ખાણ એ આત્માનો મૂળ સ્વભાવ છે** - પાપથી વિરમવું-અટકવું એ પચ્ચક્ખાણ છે અને તે જીવ માત્રનો મૌલિક સ્વભાવ છે, કેમકે આત્માના મૂળ ગુણો જે કેવલજ્ઞાન, કેવલદર્શન અને વીતરાગતા આદિ છે તે પાપવિરમણરૂપ પચ્ચક્ખાણથી જ પ્રગટે છે.

અપચ્ચક્ખાણ-અવિરતિ એ વિકારરૂપ છે અને પચ્ચક્ખાણ-વિરતિ આત્મસ્વભાવ રૂપ છે. તે સ્વભાવ (વિરતિ) ને અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજવલન કષાયો રોકે છે. પચ્ચક્ખાણ અર્થાત્ પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા કરવાથી તે તે આવરણો દૂર થતાં વિરતિ આદિ ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે.

તત્ત્વાર્થ ભાષ્યમાં વિરતિનું સ્વરૂપ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે :-

विरतिर्नाम ज्ञात्वा अभ्युपेत्याऽकरणम् -

પાપને પાપરૂપે જાણી તથા પાપને પાપરૂપે માનીને પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા તે "વિરતિ" છે.

જૈન દર્શનમાં સમ્યક્ત્વ, દેશવિરતિ કે પાંચ મહાવ્રત (સર્વ વિરતિ) આદિનું પાલન પચ્ચક્ખાણપૂર્વક જ કરવામાં આવે છે. શ્રી તીર્થંકર ભગવંતો તથા ગણધર ભગવંતો પણ ચારિત્ર ગ્રહણ કરવા વખતે સર્વ સાવધ વ્યાપારના પચ્ચક્ખાણ કરે છે.

**પચ્ચક્ખાણ એ જ મોક્ષમાર્ગ છે.**

મોક્ષના સાધક તત્ત્વો સંવર અને નિર્જરા છે.
મોક્ષના બાધક તત્ત્વો આશ્રવ અને બંધ છે.

પચ્ચક્ખાણ કરવાથી નવાં આવતાં કર્મો અટકે છે અને પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે તેથી (પચ્ચક્ખાણ એ સંવર-નિર્જરા રૂપ હોવાથી) મોક્ષની સિદ્ધિ થાય છે. આ રીતે પચ્ચક્ખાણ એ મોક્ષસાધક સર્વ અનુષ્ઠાનોમાં વ્યાપક છે. સર્વ સાધકોને તે અવશ્ય કરવા યોગ્ય હોવાથી ષટ્ આવશ્યકમાં તેનું મહત્ત્વભર્યું સ્થાન ઉચિત છે.

**પચ્ચક્ખાણનો અધિકારી કોણ ?**

જે પાંચે આચારોના પાલનમાં વ્યવસ્થિત (તત્પર) હોય તે જ પચ્ચક્ખાણનો ખરો અધિકારી છે. પચ્ચક્ખાણમાં પાંચે આચારોનું પાલન-(૧) પચ્ચક્ખાણનું સામાન્યજ્ઞાન પણ અવશ્ય હોય છે. (૨) પાપવ્યાપાર-અવિરતિ હોય છે, એવી શ્રદ્ધા હોય છે. (૩) યથાશક્તિ તે પાપોનો સર્વત: કે દેશત: ત્યાગ અવશ્ય કરવામાં આવે છે. (૪) પચ્ચક્ખાણ દ્વારા દુ:ખને સહર્ષ સહન કરવાની શક્તિ પ્રગટે છે. પચ્ચક્ખાણ લેનાર ઈચ્છાપૂર્વક ભૂખ તરસ વિગેરે દુ:ખોને સહન કરવામાં તત્પર હોય છે અને (૫) પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં આત્મવીર્ય (શક્તિ) ફોરવાય છે. તે વિના અલ્પ પણ પચ્ચક્ખાણ થઈ શકતું નથી. આ રીતે જ્ઞાનાદિ પાંચે આચારોનું પાલન થાય છે.

આ પ્રમાણે ''ષટ્ આવશ્યક'' એ સર્વ સદાચારોનું મૂળ છે.

શ્રી તીર્થપતિ અને ગણધર ભગવંતો તેમજ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા-રૂપ ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિને સામાન્યતયા ઉપયોગમાં આવતા ષટ્ આવશ્યકો પ્રત્યેક ધર્મપ્રવૃત્તિની સાથે સંકળાયેલા હોય છે. તેમજ અન્યતર-કોઈપણ એક સામાયિકાદિ આવશ્યકમાં-શેષ પાંચે આવશ્યકો ગૌણભાવે રહેલા હોય છે. પરસ્પર એવો ગાઢ સંબંધ હોવાથી કોઈપણ એક આવશ્યક શેષ પાંચ વિના રહી શકતું નથી. જેમ-સામાયિક ભાવમાં સ્થિત વ્યક્તિ ચતુર્વિંશતિસ્તવ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ પણ અવશ્ય કરતી હોય છે. સર્વ શાસ્ત્રોમાં ષટ્ આવશ્યક સૂત્રોનું પ્રથમ સ્થાન છે એનું એ જ કારણ સમજાય છે કે બાકીના સર્વ આગમો ષટ્ આવશ્યકના જ વિસ્તાર સ્વરૂપ છે. તેથી જ સર્વ શાસ્ત્રોના જ્ઞાતા ચૌદ પૂર્વધર મહર્ષિઓ પણ ષટ્ આવશ્યકોનું સદા આરાધન કરે છે.

આ રીતે ષટ્ આવશ્યકરૂપ પ્રતિક્રમણ એ ''અધ્યાત્મયોગ'' છે એમ સ્પષ્ટ સમજી શકાય છે.

આવશ્યક સૂત્રમાં ષટ્ આવશ્યકના ''અર્થાધિકાર'' આ પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

(૧) સામાયિક અધ્યયનમાં-પ્રાણાતિપાતાદિ સાવદ્યયોગની વિરતિનો અધિકાર છે, અર્થાત્ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ આદિ પાપોનો ત્યાગ કરવાનું બતાવ્યું છે.

(૨) ચઉવીસત્થો અધ્યયનમાં-શ્રી તીર્થંકર ભગવંતોનું ગુણ-કીર્તન કરવામાં આવ્યું છે. શ્રી તીર્થંકર ભગવાન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવે છે તેમજ સમ્યગ્દર્શન કર્મક્ષય કરવા માટેનું પ્રધાન સાધન પણ છે.

શ્રી તીર્થંકર પરમાત્મા જ સામાયિક (સાવદ્યયોગ, વિરતિ)ના ઉપદેશક હોવાથી પરમોપકારી છે તેથી તેમની સ્તુતિ કરવી અત્યંત આવશ્યક છે.

(૩) વંદના અધ્યયનમાં ગુણવાનની પ્રતિપત્તિ કરવાનું દર્શાવ્યું છે.

(૪) પ્રતિક્રમણ અધ્યયનમાં-અકાર્ય (દુષ્કૃત)ની નિંદાનો અધિકાર છે. પ્રતિક્રમણ કરવાથી પાપની વિશુદ્ધિ થાય છે.

(૫) કાયોત્સર્ગ અધ્યયનમાં - ભાવવ્રણની ચિકિત્સા કરવાનું ફરમાવ્યું છે. પ્રતિક્રમણ કરવા છતાં જે અશુદ્ધિ રહી જવા પામી હોય તેને કાયોત્સર્ગ દ્વારા દૂર કરવામાં આવે છે.

(૬) પ્રત્યાખ્યાન અધ્યયનમાં-''ગુણધારણ'' કરવાનો અધિકાર છે અર્થાત્ પ્રત્યાખ્યાન કરવાથી મૂળગુણ અને ઉત્તરગુણોની પ્રાપ્તિ થાય છે તેમજ તેનું નિરતિચાર પાલન થાય છે.

**ષટ્ આવશ્યક દ્વારા પાંચે આચારોનું પાલન થાય છે :-**

(૧) સામાયિક અર્થાત્ સાવદ્યયોગના ત્યાગથી અને નિરવદ્ય અનુષ્ઠાનોના સેવનથી ચારિત્રાચારની વિશુદ્ધિ થાય છે.

(૨) ચોવીશ તીર્થંકર દેવોના અદ્ભુત ગુણકીર્તન દ્વારા દર્શનાચારની વિશુદ્ધિ થાય છે.

(૩) વંદના-સદ્ગુરુઓની પ્રતિપત્તિ દ્વારા જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે તેથી તેમને વંદન કરવાથી જ્ઞાનાચારાદિ આચારોની વિશુદ્ધિ થાય છે.

(૪) પ્રતિક્રમણ દ્વારા ચારિત્રાચારાદિ આચારોની વિશુદ્ધિ થાય છે.

(૫) કાયોત્સર્ગ દ્વારા પણ ચારિત્રાચારાદિ આચારોની વિશુદ્ધિ થાય છે.

(૬) પ્રત્યાખ્યાન દ્વારા તપાચાર અને વીર્યાચારનું પાલન થાય છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓનું ચિંતન એ પણ **''અધ્યાત્મયોગ''** જ છે.

(૧) **મૈત્રીભાવના** - સર્વસત્ત્વો (પ્રાણીઓ)નું હિતચિંતન, હિતભાવના તે મૈત્રી છે. સામાન્ય પુરૂષ પણ પોતાના ઉપકારીનું, સ્વજન સંબંધીઓનું તેમજ પરિચિત જનોનું હિત ચિંતવે છે. પરન્તુ કાંઈપણ પ્રત્યુપકારની આશા (અપેક્ષા) રાખ્યા વિના સર્વ પ્રાણીઓનું હિત થાઓ, સર્વે જીવો પરમ સુખી બનો, એવું ચિંતન કરવું તે ઉત્કૃષ્ટ મૈત્રી ભાવના છે અને તેના સતત અભ્યાસ દ્વારા સર્વ પ્રકારના વૈર વિરોધ શાંત થઈ જાય છે અને ક્ષમાગુણનો ઉત્તરોત્તર વિકાસ થતો જાય છે તેમજ ચિત્ત અત્યંત પ્રફુલ્લ અને પ્રસન્ન બને છે.

મૈત્રીભાવની સિદ્ધિ થતાં સાધકના સાન્નિધ્યથી હિંસક, ક્રૂર, પરસ્પર આજન્મ વૈરી પ્રાણીઓ પણ શાંત થઈ જાય છે. પોતાના વૈરભાવને વિસરી જાય છે.

**યોગશાસ્ત્ર**માં મૈત્રીભાવનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે :-

કોઈપણ જીવ પાપ ન કરો; કોઈપણ જીવ દુ:ખી ન થાઓ. સર્વ જીવો કર્મબંધથી મુકત બનો, આવી વિચારણાને મૈત્રીભાવના કહેવાય છે.

આ વ્યાખ્યાથી સ્પષ્ટ સમજી શકાય છે કે પ્રાણીમાત્રનું સાચું હિત હિંસાદિપાપોનો પરિહાર કરવાથી જ થઈ શકે છે. દુ:ખનું મૂળ કારણ પણ **"પાપ"** જ છે. પાપના આચરણથી અશુભ કર્મ બંધાય છે અને અશુભ કર્મના ઉદયથી દુ:ખો આવે છે. સુખનું મૂળ કારણ અહિંસાપ્રધાન ધર્મ જ છે. તેના (ધર્મ) આચરણથી જ જીવ સર્વથા કર્મમલરહિત બને છે. સર્વ જીવો હિંસાદિ પાપોને છોડી અહિંસાદિ ધર્મ પાલનમાં તત્પર બનો એવી ભાવના એ જ પરમ પવિત્ર મૈત્રીભાવનાના વિકાસથી વ્રત પાલનમાં સ્થિરતા આવે છે.

**(૨) પ્રમોદભાવના :-** ગુણાધિક - પોતાનાથી અધિક ગુણી પુરૂષો પ્રતિ આદર-બહુમાન થવો તે પ્રમોદભાવ છે. અહિં પરિણામે હિતકારી એવી (આલોક-પરલોકમાં પરમ આનંદ આપનાર) ધર્મપ્રવૃત્તિ કરનારા સત્પુરુષોના સદ્‌ગુણો જોઈને પ્રમુદિત-આનંદિત થવું તેમજ અવ્યાબાધ સુખ અને કેવળજ્ઞાનાદિ ગુણોના સ્વામી અરિહંત પરમાત્મા તથા સિદ્ધ પરમાત્માની મૂર્તિ આદિ નિહાળી તેમનું સ્વરૂપ આલંબી હર્ષિત થવું તેજ "તાત્ત્વિક પ્રમોદ ભાવના" છે.

આ ભાવનાના બળે દેવગુરુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ થાય છે.

શ્રી નવકાર મહામન્ત્રાદિનો જાપ, વીતરાગસ્તુતિ, દેવપૂજા, ગુરુવંદન આદિ પ્રમોદભાવસ્વરૂપ અનુષ્ઠાનના સેવનથી પ્રમોદભાવનાનો વિકાસ થાય છે અને તે તે ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે અને અનુક્રમે તે ગુણોની પૂર્ણતા થતાં સાધક સિદ્ધ-બુદ્ધ-પરમાત્મા બને છે.

**પ્રમોદભાવના એ યોગનું મુખ્ય બીજ છે.**

કહ્યું પણ છે કે -

શ્રી જિનેશ્વર ભગવંતો ઉપર અત્યંત પ્રીતિયુક્ત ચિત્ત અને તેમને ભાવપૂર્વક નમસ્કાર (વાણી તેમજ કાયા દ્વારા) કરવું એ યોગનું પ્રધાન બીજ છે.

પ્રમોદભાવના એ વિનય સ્વરૂપ છે. વિનય એ ધર્મનું મૂળ છે. તેમજ પ્રમોદ ભાવના એ ભક્તિ સ્વરૂપ પણ છે. ભક્તિથી સમ્યગ્‌દર્શન પ્રગટે છે માટે પ્રમોદ ભાવના એ ધર્મનું તથા સમ્યગ્‌દર્શનનું મૂળ છે. પ્રત્યેક ગુણ, ગુણી પુરુષોના બહુમાનથી પ્રગટે છે. પ્રમોદભાવના એ ગુણ બહુમાનરૂપ હોવાથી એ સર્વગુણોનું મૂળ છે.

**(૩) કરુણાભાવના :-** પ્રાણી માત્ર ઉપર અનુગ્રહયુક્ત હિતબુદ્ધિ થતાં ભાવકરુણા ઉત્પન્ન થાય છે. સર્વ જીવોને શાશ્વત સુખ પ્રાપ્ત થાઓ, તેમના સર્વ દુ:ખો-દોષો નાશ પામી જાઓ, એ ભાવકરૂણા છે. દયા-કરુણા એ જીવનું લક્ષણ છે. દયાનો પ્રાદુર્ભાવ થવાથી જ યોગબીજનું ગ્રહણ થાય છે.

યોગદષ્ટિમાં કહ્યું છે કે-

દુ:ખી જીવો ઉપર અત્યંત દયા, ગુણીજનો ઉપર અદ્વેષ, દીન-અનાથાદિ પ્રતિ ઉચિત પ્રવૃત્તિ, એ ધર્મી જીવમાત્રનું લક્ષણ છે. મૈત્રીભાવનામાં પરહિતચિંતન હોય છે, ત્યારે કરૂણાભાવનામાં પરદુ:ખવિનાશ કરવાની યથાશક્તિ પ્રવૃત્તિ પણ હોય છે.

તીર્થંકર નામકર્મની નિકાચના સર્વજીવોને જિનશાસનના રસિક બનાવવાની ઉત્કૃષ્ટ કરૂણાભાવનાથી જ થાય છે. તેથી કરૂણાભાવના એ જ તીર્થંકરપદનું તેમજ જિનશાસનનું મૂળ છે. **સર્વ ધર્મોનું મૂળ દયા છે.** દયામય અહિંસાપ્રધાન ધર્મ જ મોક્ષસાધક બને છે. માટે અહિંસા અને તેનું મૂળ કરૂણાભાવના એ જ મોક્ષનું પ્રધાન સાધન છે.

(૪) **માધ્યસ્થભાવના :-** પરના દોષોની ઉપેક્ષા કરવી એ માધ્યસ્થ ભાવના છે. અવિનીત, દોષયુક્ત, પાપરક્ત, ધર્મદ્વિષી એવા દુર્ગુણી જીવોના દોષો જોઇ તેની ઉપેક્ષા કરવી પરંતુ તેમના પ્રતિ લેશમાત્ર પણ દ્વેષ ધારણ ન કરવો. કારણ કે કોઈપણ જીવ પ્રત્યે કરેલો દ્વેષ એ મહાભયંકર દોષ છે. તેથી આત્મા સમભાવમાં રહી શકતો નથી અને સમભાવ (સમતા) વિના કરેલી સર્વ ક્રિયા નિષ્ફળ જાય છે. વળી ભારેકર્મી જીવોને હિતોપદેશ પણ વિપરીત પરિણામ નિપજાવે છે. તેથી તેઓ પ્રતિ માધ્યસ્થ રહેવું એજ યોગ્ય છે. સામાયિકસ્વરૂપ ચારિત્રગુણના વિકાસ માટે માધ્યસ્થ ભાવનાની અત્યંત આવશ્યકતા રહે છે.

**મૈત્રીભાવનાથી** વૈર-ઝેરનો નાશ થાય છે,
**પ્રમોદભાવનાથી** ચિત્તની પ્રસન્નતા થાય છે,
**કરૂણાભાવનાથી** હૈયું દયાર્દ્ર બને છે અને

**માધ્યસ્થભાવનાથી** પર પ્રત્યેની દોષદષ્ટિ દૂર થઈ જાય છે - તેથી આત્મા સ્વભાવમાં સ્થિર થાય છે.

આ પ્રમાણે ચારે ભાવનાઓથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણની પ્રાપ્તિ તથા વિકાસ થતો હોવાથી તેની ગણના પણ અધ્યાત્મયોગમાં કરવામાં આવી છે.

અધ્યાત્મયોગનું વારંવાર સેવન કરવાથી અર્થાત્ તેનો નિરંતર અભ્યાસ કરવાથી મન સમાધિયુક્ત બને છે - તે ભાવનાયોગ છે.

ભાવનાયોગથી અનાદિકાલીન મલીનવૃત્તિઓની નિવૃત્તિ થાય છે અને જ્ઞાન-ધ્યાનાદિ ગુણોના અભ્યાસમાં અનુકૂળતા થાય છે તેમજ ચિત્તની વિશુદ્ધિ વધે છે.

અધ્યાત્મયોગ એ ભાવનાયોગરૂપે પરિણમે છે ત્યારે ધ્યાનયોગની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

ભાવના યોગના વિકાસથી ચિત્ત એક જ આલંબનમાં, વાયુરહિત સ્થાનમાં સ્થિર દીપકની જેમ સ્થિર બને છે, તે જ ધ્યાનયોગ છે.

જ્ઞાનની સૂક્ષ્મતા વિના ધ્યાન થઈ શકતું નથી, તેથી પ્રથમ અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ કરી તેના જ્ઞાનથી આત્માને ભાવિત બનાવવો જોઈએ જેથી આત્મા કે પરમાત્માના સ્વરૂપમાં મન સુસ્થિર બની શકે. આ જ **"ધ્યાનયોગ"** છે. ધ્યાનયોગના સતત અભ્યાસથી મન સ્વાધીન (આત્માધીન) બને છે અને તેથી શુભભાવો (પરિણામો)ની સ્થિરતા ટકી રહે છે - અશુભકર્મનો અનુબંધ અટકી જાય છે.

ધ્યાનયોગનો નિરંતર અભ્યાસ કરવાથી જ્યારે ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓમાં સમભાવ પ્રગટે છે અર્થાત્ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના ઉત્પન્ન થતી નથી ત્યારે "સમતાયોગ" કહેવાય છે. શુદ્ધ સંગ્રહનયની

અપેક્ષાએ સર્વ જીવો સિદ્ધસમાન છે તથા ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કર્મજન્ય છે એમ જાણી તેની ઉપેક્ષા કરવાથી અનાહત સમતા પ્રગટે છે તે જ સમતાયોગ છે.

સમતાયોગી પ્રાપ્ત થયેલી આમર્ષાદિ લબ્ધિઓનો પ્રયોગ કરતા નથી તેમજ કોઈપણ પર પદાર્થની અપેક્ષા સેવતા નથી તેથી કેવલજ્ઞાનાદિને આવરણ કરનારા સૂક્ષ્મકર્મોનો પણ નાશ કરવામાં સમર્થ બને છે.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ વખતે મનદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલી વિકલ્પવૃત્તિઓનો નિરોધ અને અયોગી અવસ્થામાં શરીરની પરિસ્પંદનરૂપ વૃત્તિઓનો પણ નિરોધ અપુનર્ભાવિથી થાય છે તે ''વૃત્તિસંક્ષય'' યોગ કહેવાય છે. આ યોગથી કેવલજ્ઞાન, શૈલેશી અવસ્થા અને સદાનંદમયી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે અધ્યાત્મયોગ એ ભાવનાયોગનું કારણ છે અને ભાવના, ધ્યાન તથા સમતાયોગ એ વૃત્તિસંક્ષયયોગના કારણ છે.

યોગ એ પરમાર્થથી આત્મામાં રહેલી કર્મસંયોગની યોગ્યતાનો નાશ કરે છે. આત્માની વૃત્તિઓ બે પ્રકારની છે. (૧) સ્થૂલ ચેષ્ટા (ગમનાગમનરૂપ) અને (૨) સૂક્ષ્મચેષ્ટા (શ્વાસોશ્વાસરૂપ) એ કર્મસંયોગ જન્ય છે. તેથી કર્મસંયોગની યોગ્યતા એજ સંસારવૃક્ષનું મૂળ છે. વૃત્તિઓ તો પલ્લવ (પાંદડા) જેવી છે. મૂળના નાશથી તેનો નાશ આપોઆપ થઈ જવાનો.

અધ્યાત્માદિયોગ કર્મ સંયોગની યોગ્યતાનો અનુક્રમે સમૂળ નાશ કરે છે.

ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો એ યોગ છે. તેના બે પ્રકાર છે:-

(૧) અશુભયોગમાંથી નિવૃત્ત થઈને શુભયોગમાં પ્રવૃત્તિ કરવી.

(૨) સર્વથા વૃત્તિઓનો નિરોધ કરવો.

અધ્યાત્માદિ પ્રથમના ચાર યોગમાં પહેલા ભેદનો અને વૃત્તિ સંક્ષયમાં બીજા ભેદનો સમાવેશ થાય છે.

આ પ્રમાણે અપેક્ષાથી પાંચે યોગ વૃત્તિનિરોધરૂપ હોવા છતાં પ્રારંભમાં એકી સાથે સર્વ વૃત્તિઓનો નિરોધ થઈ શકતો નથી પણ અનુક્રમે દરેક યોગમાં વધારે ને વધારે નિરોધ થાય છે અને અંતે સર્વ નિરોધની યોગ્યતા પ્રાપ્ત થઈ અયોગીપણું અને તેના ફળ સ્વરુપ **સિદ્ધપણું** પ્રાપ્ત થાય છે.

(''અધ્યાત્મગીતા'' પરના શ્રી અમીકુંવરમુનિકૃત પ્રાચીન ટબાના આધારે સરળ ગુજરાતી ભાષામાં આ લખાણ કરવાનો યત્કિંચિત્ પ્રયાસ કર્યો છે. અજ્ઞાનતાદિ દોષે કોઈ ક્ષતિ થવા પામી હોય તે **મિચ્છામિ દુક્કડમ્.**

પ.પૂ. તપસ્વી મુનિરાજ શ્રી કંચનવિજયજી મ.ના
શિષ્ય **પં. કલાપૂર્ણવિજય**

# અધ્યાત્મગીતા સાર

**જૈન દર્શન સ્યાદ્વાદમય છે.**

નિત્ય-અનિત્યાદિ (પરસ્પર વિરોધી) અનેક ધર્મયુક્ત વસ્તુને માનવી... એ સ્યાદ્વાદનું લક્ષણ છે. **"અધ્યાત્મ ગીતા"** માં સ્યાદ્વાદ શૈલીએ અધ્યાત્મનું અદ્ભુત સ્વરૂપ આલેખવામાં આવ્યું છે. નય, નિક્ષેપ અને પ્રમાણાદિ દ્વારા આત્માનું સ્વરૂપ વિચારવાથી **"આત્મજ્ઞાન"** પ્રગટે છે. આત્મજ્ઞાન વડે... આત્મરૂચિ - તત્ત્વ શ્રદ્ધા દઢ થાય છે અને સમ્યગ્ શ્રદ્ધાયુક્ત જ્ઞાન વડે સ્વભાવ રમણતારૂપ સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થાય છે. ચારિત્ર દ્વારા મોક્ષ-શાશ્વતસુખની સંપ્રાપ્તિ થાય છે... નિજાનંદની મસ્તી પ્રગટે છે !!

**અધ્યાત્માદિ પાંચ યોગ :-**

આત્માના સ્વરૂપની નય-નિક્ષેપાદિ દ્વારા વારંવાર વિચારણા કરવાથી આત્મજ્ઞાન ભાવિત બને છે. ભાવિત બનેલું આત્મજ્ઞાન, આત્મધ્યાન પ્રગટાવે છે. ધ્યાન વડે સમતા પ્રગટે છે અને સમતારસમાં નિમગ્ન બનેલો આત્મા વૃત્તિઓનો સર્વથા ક્ષય કરી કેવલજ્ઞાન અને મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ રીતે "યોગ બિન્દુ"માં બતાવેલા "અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયયોગ"નું સંક્ષિપ્ત સ્વરૂપ પણ તેના કાર્ય રૂપે બતાવવામાં આવ્યું છે... તે આ પ્રમાણે :-

**(૧) અધ્યાત્મ યોગ :-**

ઉચિત પ્રવૃત્તિયુક્ત વ્રતધારી આત્મા મૈત્ર્યાદિ ભાવનાઓથી ભાવિત બની શાસ્ત્ર-આગમ દ્વારા જે આત્મતત્ત્વાદિનું ચિંતન કરે છે તે તત્ત્વચિંતનને **"અધ્યાત્મ"** કહેવાય છે. દેવવંદન, સમ્યક્ પ્રતિક્રમણ અને મૈત્રી, પ્રમોદ વિગેરે ભાવનાઓનું ચિંતન એ પણ અધ્યાત્મ છે. **અધ્યાત્મ યોગ** એ સર્વ યોગોનું મૂળ છે. તેની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. માટે તે અધ્યાત્મ યોગને પ્રાપ્ત કરાવનાર તેમજ તેને પુષ્ટ બનાવનાર એવા વિવિધ વિષયોનું વિશદ વિવરણ **"અધ્યાત્મ ગીતા"**માં શ્લોક ૧ થી ૨૦ સુધી કરવામાં આવ્યું છે.

**જિનવાણીનો અપૂર્વ મહિમા :-**

સર્વજ્ઞવાણી એ જ **જિનાગમ** છે. જિનાગમના અભ્યાસથી જ આત્મતત્ત્વાદિનું સ્પષ્ટ સ્વરૂપ જાણી શકાય કે તેનું ચિંતન-મનન થઈ શકે... તેથી સર્વ યોગ સાધનાઓનું મૂળ **જિનાગમ** જ છે. ખરેખર, જિનાગમ એ ગહન ભવભ્રમણની જાળને તોડવામાં સમર્થ છે. મહામોહનો નાશ કરી મહાનંદપદ પ્રાપ્ત કરાવે છે. કારણ **જિનાગમ** જીવાજીવાદિ અનંત દ્રવ્યોનું જ્ઞાન કરાવે છે. શુદ્ધ

આત્મતત્ત્વની ઓળખાણ કરાવે છે તેમજ તેમાં સર્વ પદાર્થોનું પ્રમાણ, નય અને નિક્ષેપ દ્વારા સ્યાદ્વાદ દષ્ટિએ વર્ણન હોય છે. માટે **જિનાગમ એ વિશ્વના સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ** છે. તે જ સર્વને આદરણીય અને વંદનીય છે. (શ્લોક નં. ૧ થી ૨)

**જિનવાણીના ઉપદેશક સદ્ગુરુ (આત્મરમણી મુનિ)ની ઓળખાણ કરાવે છે :-**

જેમણે આત્માની શુદ્ધ સત્તાને ઓળખી છે, જાણી છે તેમણે લોકાલોકના સર્વ ભાવોને પણ જાણ્યા જ છે, કારણ કે "જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે. જે સર્વને જાણે છે તે એક આત્માને જાણે છે." એવા સર્વજ્ઞ-સર્વદર્શી મુનિઓ આત્મસ્વભાવના જ કર્તા, ભોક્તા, રમણી, ગ્રાહક, રક્ષક, વ્યાપક અને ધારક હોય છે તથા જેઓમાં અનંત દાનાદિ લબ્ધિઓ પ્રગટ થયેલી છે એવા મહામુનિઓ અધ્યાત્મના શુદ્ધ સ્વરૂપને બતાવે છે. (૩ થી ૪)

**નયનું સ્વરૂપ :-**

અધ્યાત્મનું સ્વરૂપ નય સાપેક્ષ જ્ઞાન મેળવવાથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. તેથી સાત નયની અપેક્ષાએ આત્માનું સ્વરૂપ સમજાવે છે.

**૧. નૈગમ નય :-**

વસ્તુના એક અંશ વડે પણ વસ્તુને પૂર્ણ માનનાર... નૈગમ નયના મતે સર્વ આત્માઓ સિધ્ધ સમાન છે, કારણ કે અસંખ્ય પ્રદેશી આત્માના આઠ રૂચક પ્રદેશો સદા નિરાવર્ણ હોય છે.

**૨. સંગ્રહ નય :-**

સત્તાગ્રાહી આ નય સર્વ આત્માઓને એક જ માને છે. ચેતનાની અપેક્ષાએ જીવ એક જ છે-સર્વ જીવોમાં "જીવત્વ" જાતિ એક જ છે...

**૩. વ્યવહાર નય :-**

ભેદગ્રાહી હોવાથી આ નય આત્માના શુધ્ધ-અશુદ્ધાદિ ભેદ પાડે છે. સિદ્ધ અને સંસારી વિગેરે ભેદો આ નયની અપેક્ષાએ થાય છે. અશુદ્ધ વ્યવહાર નયે-જીવના ૫૬૩ ભેદ થાય છે. તેમજ ઔદયિકભાવને લઈ જીવના અનંત ભેદ પણ થઈ શકે છે. શુદ્ધ વ્યવહાર નય-જીવમાં વિવિધ પ્રકારની પ્રગટ થતી વિશુદ્ધ અવસ્થાઓને જુદી જુદી માને છે. જેમ ક્ષાયોપશમિક ભાવના અસંખ્ય **પ્રકારો** અને ક્ષાયિક ભાવનો એક જ **ભેદ** થાય...

**૪. ૠજુસુત્ર નય :-**

વર્તમાનમાં જેવા પરિણામવાળો જીવ હોય તેને તેવો જ માને-જેમ સાધુતાના પરિણામવાળાને જ સાધુ તરીકે માને પણ વેશ માત્રથી સાધુ ન માને.

**૫. શબ્દ નય :-**

જે પોતાની શુદ્ધ સત્તાની ઓળખાણ કરી તેને પ્રગટાવવાની રૂચિ ધરાવતો હોય તથા તે અનુસાર પ્રબળ પુરૂષાર્થ પણ કરતો હોય તેને જીવ માને છે. જેમ કે-સમ્યગ્ દૃષ્ટિ, દેશ વિરતિ અને સર્વ વિરતિને જ જીવ માને છે...

**૬. સમભિરૂઢ નય :-**

આ નય શબ્દ નય કરતાં પણ વિશુદ્ધ હોવાથી કેવલજ્ઞાની-સર્વજ્ઞને (સયોગી કેવલી) જ જીવ તરીકે સ્વીકારે છે.

**૭. એવંભૂત નય :-**

અતિ વિશુદ્ધ હોવાથી સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામેલા સિદ્ધાત્માને જ જીવ તરીકે સ્વીકારે છે.

નયનું જ્ઞાન અધ્યાત્મયોગને પુષ્ટ બનાવે છે. (૫ થી ૧૧)

**આત્મા અને કર્મના સંબંધની વિચારણા :-**

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે. કારણ કે પર પદાર્થની આસક્તિ જીવમાં અનાદિ કાળથી રહેલી છે. ભૌતિક પદાર્થના સંયોગમાં આનંદ માનવાથી અનંત કર્મરજકણોનો પૂંજ જીવ સાથે ચોંટી જાય છે. તે કર્મોનું તીવ્ર કટુકફળ ભોગવતી વખતે રાગ-દ્વેષ થવાથી ફરી નવા-નવા કર્મ બંધાતા જાય છે. જુના કર્મો નાબુદ થાય તેજ વખતે નવાં કર્મો આવીને પોતાના સજાતીય કર્મનું સ્થાન ગ્રહણ કરી લે છે. એમ અનેક ભવો સુધી કર્મ-બંધની પરંપરા ચાલ્યા કરે છે.

કર્મના ઉદય કાળમાં જીવના જ્ઞાનાદિગુણો ઢંકાઈ જાય છે. ગુણ પ્રગટીકરણ વિના જીવનું ભવ ભ્રમણ અટકતું નથી-તેનું આ કારણ છે.

કર્મનો પ્રબળ ઉદય આત્મગુણોને અવરોધે છે. આત્મગુણો આચ્છાદિત થવાથી જીવ આત્મધર્મને ગ્રહણ કરી શકતો નથી, પરંતુ પરપુદ્ગલોને જ ગ્રહણ કરે છે. પરપદાર્થોને જ પોતાના માની આનંદપૂર્વક ભોગવે છે... પરનો કર્તા, ભોકતા બનેલો જીવ કર્મની અત્યંત વૃદ્ધિ કરે છે. આવી અવસ્થામાં કોઈને જીવદયા આદિનો શુભ પરિણામ ઉત્પન્ન થયો હોય તો શુભ કર્મ બંધાય પરંતુ આત્મગુણની પ્રાપ્તિ થઈ શકતી નથી. શુભ કર્મનો બંધ એ જ દ્રવ્યદયાનું ફળ છે. (૧૨ થી ૧૫)

**દ્રવ્ય હિંસા અને ભાવહિંસાનું સ્વરૂપ :-**

દ્રવ્ય હિંસા જ્યારે ચંચલ વૃત્તિવાળો જીવ વિષયાસક્ત બની પરજીવોની હિંસા કરે છે ત્યારે કટુકફળ આપનાર એવા અશુભ કર્મો બાંધે છે. ''આ જ દ્રવ્યહિંસા છે.'' ભાવહિંસા-દ્રવ્યહિંસા કરતી વેળાએ જે રાગ-દ્વેષાદિના સંકિલષ્ટભાવ ઉત્પન્ન થાય છે, તેના વડે જીવના જ્ઞાનાદિ ગુણો હણાય છે. 'આત્મ ગુણોનો ઘાત એ જ ભાવહિંસા છે.''

**નિશ્ચયથી ધર્મ અને અધર્મ :-**

આત્મગુણોનું રક્ષણ એ જ નિશ્ચયથી ધર્મ છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિ કરવી કે પ્રાપ્ત થયેલા ગુણોનું મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન વિગેરે દોષોથી રક્ષણ કરવું એ જ **ધર્મ** છે...

અહિંસા, સત્ય આદિ આત્મગુણોને પ્રાપ્ત કરવામાં તથા તેના રક્ષણમાં સહાયક બને છે માટે તે પણ વ્યવહારથી **ધર્મ** કહેવાય છે.

**અધર્મનું સ્વરૂપ :-**

સ્વગુણનો ઘાત એ જ **અધર્મ** છે.

અજ્ઞાનાદિ દોષો દ્વારા જ્ઞાનાદિ ગુણોનો અવરોધ થાય છે. તેનાથી ભાવહિંસા થાય છે. તે ભાવહિંસાને જ નિશ્ચયથી **અધર્મ** કહેવાય છે.

હિંસા, અસત્ય આદિ આત્મગુણોના અવરોધમાં સહાયક હોવાથી વ્યવહારની અપેક્ષાએ **અધર્મ** કહેવાય છે.

આ પ્રમાણે નયનું સ્વરૂપ, કર્મનું સૂક્ષ્મ સ્વરૂપ તેમજ તેના વડે સર્જાતી સંસારની વિષમ યાત્રાનું સ્વરૂપ તથા હિંસાદિના દારૂણ પરિણામ વિચારવાથી અધ્યાત્મ જ્ઞાન (યોગ)ની પ્રાપ્તિ થાય છે અને તેથી અનુક્રમે સંસારનો ઉચ્છેદ થાય છે. (૧૬ - ૧૭)

**ત્રણ અવંચક યોગ :-**

આત્મજ્ઞાન (યોગ) ની પ્રાપ્તિ સદ્‌ગુરુના સમાગમથી થાય છે.

ગીતાર્થ, શ્રુત-સિદ્ધાંતના પારગામી, આત્માનંદી, સ્વભાવ રમણી ગુરુના ઉપદેશથી ઉપરોક્ત નયાદિ વિષયોનું રહસ્ય સરળતાથી સમજાય છે.

આત્માનું પૂર્ણાનંદમય શુદ્ધ સ્વરૂપ એજ મારૂં ધ્યેય છે, એમ નિશ્ચય થાય છે તેમજ તે ધ્યેયને સિદ્ધ કરવા માટે સદ્‌ગુરુની સેવા, પરમાત્મા ભક્તિ તથા અહિંસાદિ ધર્મમાં પ્રવૃત્તિ થાય છે અને તે શુભ પ્રવૃત્તિ દ્વારા આત્મવિશુદ્ધિ રૂપ ફળ પ્રાપ્ત થાય છે. આ રીતે સદ્‌ગુરુનો સમાગમ, તેમને વંદનાદિની પ્રવૃત્તિ તથા તેના ફળની પ્રાપ્તિ અનુક્રમે યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક વડે થાય છે.

**સમ્યગ્દર્શન :-**

આ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિ ઘણા જીવોને સદ્‌ગુરુના યોગે થાય છે. કેટલાક જીવોને સહજભાવે ગુરુ ઉપદેશ વિના પણ થાય છે. આત્મશક્તિની પ્રબળતાથી તીવ્ર રાગ-દ્વેષની નિબિડ ગ્રન્થીને ભેદી જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે અનુભવજ્ઞાન પ્રગટે છે. સ્વ-પરનો સાચો વિવેક પ્રાપ્ત થાય છે. (૧૮-૧૯)

**સમ્યગ્દર્શનનું (ફળ) કાર્ય :-**

ભેદજ્ઞાન પ્રગટ થવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્મદ્રવ્યમાં અનંત જ્ઞાનાદિ ગુણ અને પર્યાયની સત્તાને સ્યાદ્વાદ દષ્ટિએ નિહાળે છે. તેથી પરભાવના કર્તૃત્વ અને ભોકતૃત્વની ભીતી ભાંગી જાય છે. પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપ (સાધ્ય)ને સિદ્ધ કરવા માટે તેની ચેતના શક્તિ સ્વભાવમાં રમણતા કરવા માટે ઉલ્લસિત બને છે. તેમજ સ્વભાવ રમણતાની શક્તિ પ્રગટાવવા માટે પરમાત્મા અને સદ્ગુરુની સેવા આદિ સદનુષ્ઠાનમાં એકાગ્ર બને છે. આ અધ્યાત્મયોગી વિવિધ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત બનાવે છે. (૨૦)

**ભાવનાયોગ :-**

બહિરાત્મભાવ દુર થવાથી અધ્યાત્મયોગીને અંતરમાં જ સર્વ પ્રકારની સમૃદ્ધિઓ અનુભવાય છે. ઇન્દ્ર, ચન્દ્ર, ચક્રવર્તિ કે વાસુદેવાદિની સમૃદ્ધિ એને મન રોગતુલ્ય અને ઉપાધિરૂપ જ છે. બાહ્ય ધનાદિ તો આપવાથી ખૂટી જાય છે, ચૌરાદિથી લુંટાઇ જાય છે, પણ આત્મ વિશુદ્ધિ રૂપ અમૂલ્ય ધન સંપત્તિ બીજાને આપવાથી ખુટતી નથી તેમજ ચૌરાદિથી લૂંટી શકાતી નથી... એમ જાણીને જ તે યોગી નિર્ભય અને નિશ્ચિંત બને છે.

પોતાની આત્મસત્તાની સાચી ઓળખાણ થવાથી તે યોગી સર્વ જીવોને પણ જીવત્વ જાતિની અપેક્ષાએ સિદ્ધ સમાન-મહાન સુખના નિધાનરૂપ માને છે. સત્તાએ સર્વ જીવો અનંત ગુણના ભંડાર છે. તેથી એવા સ્વજાતીય આત્મ બંધુઓનો વધ કે બંધનાદિ કરવા ઉચિત નથી એમ તેઓના હૈયામાં ભાવ કરૂણા પ્રગટે છે, માટે તે યોગી ભાવ અહિંસક કહેવાય છે. (૨૧-૨૨)

**ધ્યાનયોગ :-**

**ધ્યાન** અને **ચારિત્ર**-સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણતા એજ **ચારિત્ર** છે અને જ્ઞાનમાં સ્થિરતા એજ **ધ્યાનયોગ** છે.

નવતત્ત્વ, ષટ્દ્રવ્ય, નયનિક્ષેપાદિ-સ્યાદ્વાદ, અધ્યાત્મ કે યોગ સંબંધી શાસ્ત્રોનું અધ્યયન, ચિંતન, મનન અને પરિશીલન દ્વારા જ્ઞાનનો ઉપયોગ જેમ જેમ તીક્ષ્ણ બને છે તેમ તેમ ચારિત્રગુણની પ્રાપ્તિ તથા અનુક્રમે તેની વૃદ્ધિ થાય છે... એટલે જ્ઞાન વિના ચારિત્ર ગુણ પ્રગટતો નથી... વળી તે જ્ઞાનમાં એકાગ્રતા, સ્થિરતા જેમ જેમ વધે છે તેમ તેમ ધ્યાનયોગમાં નિશ્ચલતા આવતી જાય છે અને જ્યારે આત્મધ્યાનમાં પૂર્ણ તન્મયતા થાય છે ત્યારે આત્મા પૂર્ણ-નિર્મળ આનંદને અનુભવે છે... આ જ બાબત આગળના શ્લોકો દ્વારા સ્પષ્ટ સમજાવવામાં આવી છે.

ચેતન દ્રવ્યના અસ્તિ સ્વભાવમાં સ્વજ્ઞાનાદિ ગુણોનું જ અસ્તિત્વ છે. અન્ય પદાર્થોનું (રાગ-દ્વેષાદિનું) અસ્તિત્વ નથી પણ નાસ્તિત્વ (અભાવ) છે.

શુભાશુભ વિકલ્પો રાગ-દ્વેષ જન્ય હોવાથી આત્માને અરુચિકર-અહિતકર લાગે છે, તેમજ આત્માની અનંત શક્તિનું શ્રદ્ધાપૂર્વક જ્ઞાન થવાથી મોહનો ભય પણ નડતો નથી સ્વગુણ પર્યાયના ચિંતનમાં તન્મય બનેલો યોગી પરભાવમાં રમતો નથી એટલે રાગ દ્વેષાદિ કરતો નથી ! (૨૩ થી ૨૫)

**સમતાયોગ :-**

ધ્યાનનું ફળ **સમતા** છે. ધ્યાનમાં તન્મય બનેલા યોગીને સમતાની પ્રાપ્તિ થાય છે. પુણ્ય એ શુભ કર્મ છે અને પાપ એ અશુભ કર્મ છે. એમ બન્ને પરભાવ રૂપે તેને ભાસે છે. શુભાશુભ કર્મના ઉદયથી જ જીવ અતિ દુ:ખદ એવી વિભાવ દશાને પામે છે એમ જાણી સ્વગુણના ભોગમાંજ આનંદનો આસ્વાદ લેતો તે મુનિ સ્વર્ગ-નરક, તૃણ-મણિ, માન-અપમાન કે શત્રુ-મિત્ર ઉપર પણ સમાન ભાવ રાખી શુદ્ધ સમતા રસમાં ઝીલે છે. (યોગ બિન્દુ ૩૬૪)

સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરનારી સમતા જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ આત્માનંદનો અનુભવ થતો જાય અને અનુક્રમે ક્રોધાદિ કષાયોનો મૂળથી ક્ષય થતો જાય, કહ્યું પણ છે કે આમર્ષૌષધિ વિગેરે લબ્ધિઓનો અપ્રયોગ, સૂક્ષ્મ કર્મનો ક્ષય અને અપેક્ષા તન્તુનો વિચ્છેદ થવો એજ સમતાયોગનું ફળ છે. (યોગ બિન્દુ ૩૬૫) (૨૬ થી ૩૩)

**વૃત્તિસંક્ષયયોગ :-**

અન્ય સંયોગના નિમિત્તથી ઉત્પન્ન થયેલી વૃત્તિઓનો અપુનર્ભાવપણે ક્ષય કરવો તે "વૃત્તિસંક્ષયયોગ" જાણવો. તે વૃતિઓ બે પ્રકારની હોય છે.

(૧) **વિકલ્પ રૂપ વૃત્તિ -** મનોદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થાય છે. (તેનો નાશ ૧૨મા ગુણ૦ હોય છે.) (૨) **પરિસ્પન્દરૂપવૃત્તિ -** શરીરના યોગથી ઉત્પન્ન થાય છે. (તેનો નાશ ૧૪ ગુણ૦ હોય છે.)

(૧) **વિકલ્પવૃત્તિ :** મનનાં વિકલ્પોનો નાશ ક્રમે ક્રમે ઉપાયથી થઈ શકે છે. તેનો ક્રમ આ પ્રમાણે છે - પ્રથમ અશુભ વિકલ્પોને દૂર કરી ધર્મધ્યાનમાં તન્મય બની શ્રી અરિહન્ત અને સિદ્ધપરમાત્માનું (સવિકલ્પ) ધ્યાન ધરવું જોઈએ. આ ધ્યાનના સતત અભ્યાસથી આત્માની સહજ અવસ્થાનું ભાન થાય છે. સ્વ (ગુણપર્યાય) સ્વરૂપમાં તન્મય બનેલો નિર્મોહી આત્મા પૂર્ણ નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરે છે. જ્યારે નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે ત્યારે શુદ્ધ-બ્રહ્મ-આત્મા પરમાનંદમય સુખને અનુભવે છે, તથા ભેદરત્નત્રયી અભેદરત્નત્રયી રૂપે પરિણમે છે અને પૂર્ણશુદ્ધ સમાધિદશા પ્રાપ્ત થતાં... ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય છે. તેથી સત્તામાં રહેલ અનંતજ્ઞાન, અનંતદર્શન, ચારિત્ર અને વીર્યગુણ ક્ષાયિકભાવે પ્રગટ થાય છે.

(૨) **પરિસ્પન્દવૃત્તિ :-** સયોગીકેવલી મન, વચન અને કાયાના સર્વ વ્યાપારોનો નિરોધ કરી જ્યારે અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ પ્રકારની પરિસ્પન્દરૂપ વૃત્તિઓનો પણ નાશ થતાં

મેરૂપર્વત જેવી અચલતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે માટે એને ''શૈલેશી'' અવસ્થા પણ કહે છે. ત્યાર પછી અયોગી કેવલી પાંચ લઘુ-અક્ષરના ઉચ્ચારણ જેટલા કાલમાં શેષ સર્વ અઘાતી કર્મોનો પણ ક્ષય કરી સિદ્ધ અવસ્થાને પામે છે.

આ પ્રમાણે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયયોગનું સંક્ષિપ્ત સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. (૩૪ થી ૩૭)

**સિદ્ધાત્માનું સ્વરૂપ :-** સિદ્ધ (મુક્ત) આત્મા સમશ્રેણીએ લોકના અન્તે એક સમયમાત્રમાં જ પહોંચી જાય છે. ત્રિભાગ ન્યૂન ચરમ દેહના પ્રમાણ જેટલી અવગાહનામાં તેમના આત્મપ્રદેશો ગોઠવાય છે. આત્મા અરૂપી હોવાથી જ્યાં એક સિદ્ધાત્મા રહે છે ત્યાં અનંત સિદ્ધાત્માઓ પરસ્પર નિરાબાધપણે રહી શકે છે. તેમજ સિદ્ધાત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિથી રહિત, જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ અને અનંત-અવ્યાબાધ સુખના આસ્વાદમાં મગ્ન હોય છે. પૂર્ણજ્ઞાનાદિ પ્રકાશમય-પૂર્ણાનંદમય સ્વરૂપને વરેલા સિદ્ધાત્માના સ્વરૂપને કેવલજ્ઞાની જ સંપૂર્ણપણે જાણી શકે છે...! (૩૮ થી ૪૨).

**સિદ્ધ બનવાના સાધનો અને હિતોપદેશ :-**

આત્મસત્તાને પ્રગટાવવાની રૂચિ તે સમ્યગ્દર્શન છે. આત્મ (ધર્મો) ગુણોનું નિર્મળ ભાસન તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મસ્વભાવમાં રમણતા તે સમ્યક્ચારિત્ર છે... આ રત્નત્રયીની સાધના જ સિદ્ધતા પ્રગટાવે છે ! માટે હે ભવ્યજનો ! તમે જૈન ધર્મને સારી રીતે ઓળખો ! જેથી સમ્યગ્રત્નત્રયીનું સ્વરૂપ સમજવા મળશે ! અધ્યાત્મનું અદ્ભુત રહસ્ય પ્રાપ્ત થશે, અને તેની આરાધના વડે અલ્પકાળમાં જ દુષ્ટ કર્મોનો નાશ થતાં... પરમાનંદ-પરમસુખની પ્રાપ્તિ થશે. ધર્મની ઓળખાણ સદ્ગુરુના સમાગમ દ્વારા થાય છે. તેથી સિદ્ધાન્તના પારગામી, સમ્યગ્રત્નત્રયીના આરાધક, નિશ્ચયદષ્ટિનું લક્ષ્ય બાંધી વ્યવહાર ધર્મનું પાલન કરનારા, નિર્ગ્રન્થ મુનિ મહાત્માઓની સેવાભક્તિમાં સદા તત્પર બનવું જોઈએ... એજ સર્વ સિદ્ધાંતોનો સાર છે.

વસ્તુતત્ત્વે રમ્યા તે નિર્ગ્રન્થ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુપંથ,<br>
તિણે ગીતાર્થ ચરણે રહીજે, શુદ્ધ સિદ્ધાન્ત રસ તો લહીજે (૪૭)

સદ્ગુરુની કૃપાથી જિનાગમના પરમ રહસ્યને પામી સર્વ મુમુક્ષુ આત્માઓ આત્મકલ્યાણ સાધે એજ એક ગ્રંથ રચનાનો ઉદ્દેશ છે. (૪૩ થી ૪૭)

આ ગ્રન્થના ગહનતત્ત્વોને સમજવા જિજ્ઞાસા ધરાવતા સુસાધકો સહેલાઈથી ગ્રન્થના ભાવોને સમજી શકે એ હેતુથી તેનો સંક્ષિપ્ત સાર અહિં આપવામાં આવ્યો છે.

આશા છે કે જિજ્ઞાસુઓ અવશ્ય આ ગ્રન્થના અભ્યાસ માટે પ્રયત્નશીલ બની સ્વ-પરનું શ્રેય સાધશે !

# અધ્યાત્મ ગીતા

મંગલાચરણ:-

**પ્રણમિયે વિશ્વહિત જૈનવાણી, મહાનંદતરુ સિંચવા અમૃત પાણી**
**મહામોહપુર ભેદવા વજ્ર પાણી, ગહન ભવફંદ છેદન-કૃપાણી...(૧)**

**અર્થ** - ત્રણે જગતના જીવોને હિતકારક, મહાનંદરૂપ વૃક્ષને સિંચવામાં અમૃત સમાન, મહામોહરૂપનગરને નષ્ટ કરવામાં પુરંદર-ઈન્દ્ર સમાન અને અત્યંત ગહન એવા ભવ-સંસાર રૂપ જાળને તોડવામાં તીક્ષ્ણ તલવારની ધાર સમાન શ્રી જિનેશ્વર ભગવાનની વાણી (આગમ) ને નમસ્કાર કરીએ છીએ...

**વિવેચન** - અધ્યાત્મ જેવા મહાન ગહન વિષયનું વર્ણન સાદી અને સરળ ભાષામાં કરવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર...મંગલરૂપે જિનાગમની સ્તુતિ કરવા દ્વારા પ્રથમ જિનવાણીનો મહિમા બતાવે છે.

(૧) જિનવાણી એ સમગ્ર વિશ્વનું હિત કરનાર છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું સ્વરૂપ પ્રગટ કરી સર્વ જીવોનું રક્ષણ કરે છે.

(૨) જિનવાણી એ અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃતજળના સિંચનથી આત્માના પરમાનંદની વૃદ્ધિ કરે છે. જેમ જેમ અધ્યાત્મજ્ઞાન વધે છે તેમ તેમ આત્મિક આનંદની વૃદ્ધિ થાય છે.

(૩) જિનવાણી એ રાગ-દ્વેષ અને મોહાદિ અંતરંગ શત્રુઓને જીતવાની કલા બતાવે છે.

(૪) જિનવાણી એ ગહન ભવ (કર્મ) બંધનને તોડવા માટે ધ્યાનાદિ તીક્ષ્ણ શસ્ત્રોનું સર્જન અને સંચાલન કરવાના ઉપાયો બતાવે છે...

અધ્યાત્મનું સૂક્ષ્મ અને સ્પષ્ટ સ્વરૂપ આગમો દ્વારા જાણી શકાય છે-તેથી પ્રથમ મંગલાચરણમાં જિનવાણી (રૂપ આગમ)ની સ્તુતિ કરી છે.

શ્રી જિનેશ્વર પ્રભુએ પ્રકાશેલા સ્વાદ્‌વાદ સિદ્ધાન્તના શ્રવણથી મહામોહનો ક્ષય થાય છે અને મોહના સંપૂર્ણ ક્ષયથી સંસારનો અર્થાત્ શેષ સર્વ કર્મોનો ક્ષય થઇ જાય છે અને પૂર્ણાનંદમય મોક્ષની પ્રાપ્તિ થાય છે,

મહાપુરુષો ગ્રન્થના પ્રારંભમાં ઇષ્ટદેવતાની સ્તુતિરૂપ મંગલાચરણ અવશ્ય કરે છે. જેથી ગ્રન્થની સમાપ્તિ નિર્વિઘ્નપણે થાય છે.

જિનવાણીની સ્તુતિ-એ પરમાર્થથી શ્રી જિનેશ્વર પરમાત્માની જ સ્તુતિ છે...''શાસ્ત્રને આગળ કરવાથી તેના પ્રણેતા વીતરાગ પરમાત્મા જ આગળ થાય છે... શ્રી વીતરાગ પરમાત્માને આગળ કરવાથી સર્વ પ્રકારની સિદ્ધિઓ અવશ્ય થાય છે.''

અધ્યાત્મના શુદ્ધ સ્વરૂપને જાણવા અને અનુભવવાની ઇચ્છાવાળા ભવ્યજનોએ સર્વજ્ઞ કથિત

શાસ્ત્રોનું અધ્યયન, મનન કરવું પરમ આવશ્યક છે. સદ્‌ગુરુનો સમાગમ સાધી આધ્યાત્મિક ગ્રન્થોનું શ્રવણ, મનન કરી તેનું રહસ્ય સમજવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

**વાચના પ્રસાદી** - તીર્થંકરને નમન કરવાથી તો મંગળ થાય જ.

તીર્થંકરની વાણીને નમન કરવાથી પણ મંગળ થાય.

ભગવતીમાં **'नमो सुअस्स' 'नमो बंभीए लिवीए'** કહીને મંગળ કર્યું છે.

આ પ્રણાલિકા આજે પણ સચવાયેલી છે. આગમને આપણે સૌ નમીએ છીએ.

જિનવાણીને નમન પરમ મંગળ છે.

જિનવાણી સમગ્ર વિશ્વને હિતકર છે.

એક શબ્દ જિનવાણીમાંથી એવો શોધી બતાવો, જેનાથી કોઈનું અહિત થતું હોય.

ચારે - ચાર માતાઓ (વર્ણમાતા, નવકારમાતા, અષ્ટ પ્રવચનમાતા અને ધ્યાનમાતા) જિનવાણીને લગતી જ છે. ચારેય માતાઓની માતા આ જિનવાણી જ છે.

સામાયિકથી બિન્દુસાર (૧૪મું પૂર્વ) સુધી જિનવાણી વિસ્તૃત છે.

માતા એને જ કહેવાય જે બાળકનું અહિત નિવારે, એકાન્તે હિત જ કરે. આ માતા શાશ્વત સુખ આપી પરમહિત કરે છે.

માટે લખ્યું :

'મહાનંદ-તરુ સિંચવા અમૃત પાણી...'

મહાનંદ એટલે મોક્ષ. મોક્ષ-વૃક્ષને સિંચવા આ જિનવાણી અમૃતની ધાર છે.

બાહ્ય તૃષા પાણીથી શમે, પણ અંદરની તૃષા તો જિનવાણીથી જ શમે. પાણી ન પીઓ તો અજીર્ણ થાય, સ્વાસ્થ્ય બગડે, તેમ જિનવાણી ન મળે તો ભાવ-આરોગ્ય બગડે.

મહામોહરૂપી પુર (દૈત્યનું નગર) ને ભેદવામાં આ જિનવાણી ઈન્દ્ર છે. ભયંકર ભવ-અટવીને છેદવામાં કૃપાણી છે, કુહાડી છે.

**દ્રવ્ય અનંત પ્રકાશક, ભાસક તત્ત્વ સ્વરૂપ...**
**આતમ તત્ત્વ વિબોધક, શોધક સચ્ચિદ્રુપ...!**
**નય નિક્ષેપ પ્રમાણે, જાણે વસ્તુ સમસ્ત**
**ત્રિકરણ યોગે પ્રણમું, જૈનાગમ સુપ્રશસ્ત...(૨)**

**અર્થ** - જીવ અજીવ આદિ અનંતાનંત દ્રવ્યને પ્રકાશિત કરનાર, આત્મ તત્ત્વના શુદ્ધ સ્વરૂપને જણાવનાર અને અનુભવ કરાવનાર સચ્ચિદાનંદ સ્વરૂપના શોધક, નય નિક્ષેપ અને પ્રમાણો વડે સમસ્ત વસ્તુઓને જાણનાર એવા પ્રશસ્ત જિનાગમને હું ત્રિકરણયોગ (મન-વચન-કાયા) વડે પ્રણામ કરૂં છું...

**વિવેચન -** જગતના બધાય ધર્મશાસ્ત્રો એ કાંઇ સુપ્રશસ્ત નથી કારણ કે તે શાસ્ત્રોના જ્ઞાન માત્રથી આત્મતત્ત્વ કે જડતત્ત્વનું યથાર્થ સ્વરૂપ જાણી શકાતું નથી.

જ્યારે શ્રી જિનેશ્વર ભગવંતે બતાવેલા શસ્ત્રોમાં સર્વ જગતમાં રહેલા અનંતા દ્રવ્યોનું સ્વરૂપ નય, નિક્ષેપ અને પ્રમાણોવડે જણાવવામાં આવ્યું છે.

આત્મતત્ત્વનો યથાર્થ બોધ (જ્ઞાન) અને અનુભવ પણ જિનાગમ દ્વારા જ થઈ શકે છે. તેથી જિનાગમ સર્વ શ્રેષ્ઠ હોવાથી વંદનીય છે...

અધ્યાત્મ ગીતાના ઉપદેશક કોણ ?

**વાચના પ્રસાદી -** વેદાદિ શાસ્ત્રોને તેમના અનુયાયીઓ ભગવાન માને. શીખો ગુરુગ્રન્થને ભગવાન માને. આપણે પણ આગમમાં ભગવદ્ બુદ્ધિ કરવાની છે.

મૂર્તિ આકારથી મૌન ભગવાન છે. જ્યારે આગમ બોલતા ભગવાન છે.

* દુનિયાના પદાર્થો પણ એટલે જાણવાના છે, કે આ પુદ્ગલ પદાર્થો તે હું નથી, આત્મા નથી, એમ સમજાય.

* આત્મા સિવાયની કોઇ વસ્તુમાં જાણવાની શક્તિ નથી, જ્યારે આત્મામાં સ્વપર જ્ઞાયક શક્તિ છે.

* આત્માના બધા જ પ્રદેશો - પર્યાયો સાથે મળીને જ કામ કરે, અલગ-અલગ નહિ. બે આંખથી એક જ વસ્તુ દેખાય.

જો આ ઉપયોગને સંપૂર્ણપણે ભગવાનમાં જોડી દઈએ તો ?

* અનાદિકાળથી આપણી ચેતના પુદ્ગલો તરફ જ ખેંચાયેલી છે, વેરાયેલી છે. હવે તેને આત્મસ્થ કરવાની છે. બહારથી હટાવીને અંદર ખેંચવાની છે.

* સિંહને બકરાના ટોળામાં જોઇ, બીજા સિંહોને કેટલું દુઃખ થાય ? મારો જાતિભાઇ આ રીતે બેં બેં કરે ?

ભગવાનની નજરમાં આપણે સૌ સિંહ જેવા હોવા છતાં બેં બેં કરતા બકરા જેવા છીએ. માટે જ ભગવાન આપણને સ્વ-સ્વરૂપ યાદ કરવાનું કહે છે.

* નય, નિક્ષેય, પ્રમાણની શૈલીથી જ્ઞાન માત્ર અહીં જ જોવા મળશે, બીજા કોઇ શાસ્ત્રોમાં જોવા નહિ મળે.

* દેવચન્દ્રજીએ જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી છે, તે નયપૂર્વક લખી છે. ભલે શાસ્ત્રમાં નયની વાત કરવાની ના પાડી છે, પણ યોગ્ય શ્રોતા હોય તો કરી શકાય.

* નયથી આત્માનું સ્વરૂપ કેવું ? વગેરે બધી જ વાતો અહીં બતાવવામાં આવશે.

**જિણે આતમા શુદ્ધતાએ પીછાણ્યો, તિણે લોક-અલોકનો ભાવ જાણ્યો...**
**આત્મરમણી મુનિ જગ વિદિતા, ઉપદિસી તિણે અધ્યાત્મ ગીતા. (૩)**

**અર્થ -** જે મુનિએ આત્માની નિશ્ચય શુદ્ધ સ્વરૂપ અવસ્થાને જાણી છે, તે મુનિએ લોકાલોકના સર્વ ભાવોને પણ જાણી લીધા છે, આત્મસ્વભાવમાં રમણ કરનારા અને જગતમાં પ્રસિદ્ધ એવા મુનીશ્વરોએ અધ્યાત્મ ગીતાનો ઉપદેશ કર્યો છે. અર્થાત્ રચના કરી છે...

**વિવેચન -** સર્વ દ્રવ્યોમાં આત્મદ્રવ્ય પ્રધાન છે, જેઓને વિશુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, તેઓને આત્માની શુદ્ધ સત્તાની ઓળખાણ પણ થાય છે અને જેઓને સત્તાએ શુદ્ધ એવા આત્મતત્ત્વની ઓળખાણ થઈ હોય તેઓજ લોકાલોકના ભાવોને વાસ્તવિક રૂપે જાણી શકે છે, તેમજ આત્મસ્વભાવમાં રમણતા કરી શકે છે, તેવા ત્રણે જગતમાં પ્રખ્યાત મહામુનિઓએ અન્યજનોના હિત માટે અધ્યાત્મના સ્વરૂપને સ્પષ્ટ રીતે જણાવનાર એવા ''અધ્યાત્મ ગીતા'' નામના ગ્રન્થની રચના કરી છે, પરંતુ હું કોઈ આ ગ્રન્થનો સ્વતંત્ર કર્તા નથી. આ પ્રમાણે આ શ્લોકદ્વારા ગ્રન્થકાર મહાત્માએ પોતાની લઘુતા દર્શાવી.

**વાચના પ્રસાદી -** કેટલાક જિજ્ઞાસુ શ્રાવક માટે પૂ. દેવચન્દ્રજીએ આ અધ્યાત્મગીતા બનાવી છે. વૈદિકોમાં ભગવદ્ગીતા પ્રસિદ્ધ છે, તેમ આપણી આ ગીતા છે.

બે શ્રુતકેવલી કહ્યા છે :

(૧) સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા.

(૨) આત્મરમણી મુનિ.

આખા આગમોનો સાર આત્મરુચિ, આત્મજ્ઞાન અને આત્મરમણતા છે. પરરુચિ, પરભાવરમણતાથી અટકવું તે છે.

''આગમ - નો આગમ તણો, ભાવ તે જાણો સાચો રે;

આતમ ભાવે સ્થિર હોજો, પરભાવે મત રાચો રે...''

આ જ્ઞાનનો સાર છે, મુષ્ઠી છે. આટલી મૂઠીમાં બધું સમાઈ ગયું. શેષ તેનો વિસ્તાર છે.

''નિજ સ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીએ રે...''

પૂ. આનંદઘનજી અધ્યાત્મની સંક્ષિપ્ત વ્યાખ્યા આપતાં કહે છે : જે ક્રિયાથી તમારું સ્વરૂપ નજીક આવે તે ખરું અધ્યાત્મ. જેનાથી આપણે સ્વરૂપથી દૂર જઈએ તે અધ્યાત્મ નથી.

દરેક ક્રિયા વખતે આ વ્યાખ્યા નજર સામે રાખો તો જીવન કેવું બદલાઈ જાય ?

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય - આ પાંચ પ્રકારનો યોગ હરિભદ્રસૂરિજીએ બતાવ્યો છે. શરૂઆત અધ્યાત્મથી થઈ છે.

તત્ત્વચિંતન કરવું તે અધ્યાત્મ ! કોનું તત્ત્વચિંતન ?

આગમના સહારે તત્ત્વચિંતન કરવું તે ચિંતન મૈત્રી આદિથી યુક્ત હોવું જોઈએ તથા જીવનમાં વિરતિ જોઈએ.

જૈન દૃષ્ટિએ આ અધ્યાત્મ છે.

નિષ્ણાત વૈદ બધા રોગોનો ઈલાજ એક ઔષધથી કરે, તેમ ભગવાન આપણા ભવ-રોગનો ઉપાય એક જ દવાથી કરે છે.

તે દવા છે : અધ્યાત્મ... !

**આત્મરમણી મુનિની દશા:**

> **દ્રવ્ય સર્વના ભાવનો જાણગ પાસગ એહ,**
> **જ્ઞાતા, કર્તા, ભોક્તા, રમતા, પરિણતિ ગેહ**
> **ગ્રાહક, રક્ષક, વ્યાપક, ધારક ધર્મ સમૂહ,**
> **દાન, લાભ, બલ, ભોગ, ઉપભોગ તણો જે વ્હૂહ... (૪)**

**અર્થ** - આત્મરમણી મુનિ સર્વ દ્રવ્યના જાણનારા અને જોનારા હોય છે. તેમજ આત્મતત્ત્વના જ્ઞાતા હોય છે, તથા પોતાના અનંત ગુણ-પર્યાયના કર્તા-ભોક્તા હોય છે. (સ્વ) આત્મ પરિણતિરૂપ ઘરમાં નિરંતર રમણતા કરે છે, સ્વધર્મના જ ગ્રાહક, રક્ષક, વ્યાપક, ધારક હોય છે, અને જેમને (દાન, લાભ, બળ (વીર્ય), ભોગ ઉપભોગ રૂપ) પાંચ લબ્ધિઓ પણ પ્રગટી છે... એવ મહામુનિઓ જ ખરેખર અધ્યાત્મના સ્વરૂપનું અનુભવાત્મ-સચોટ વર્ણન કરી શકે છે.

**વિવેચન** - અધ્યાત્મગીતાના કર્તા કેવા હોય તેનું ત્રીજી ગાથામાં સામાન્યથી સ્વરૂપ બતાવી અહિ પુન: તેનું સવિસ્તર વર્ણન કરે છે.

તે અધ્યાત્મયોગીઓ ધર્માસ્તિકાય આદિ ષડ્દ્રવ્યોના સ્વરૂપને સામન્ય અને વિશેષ પ્રકારે જાણે છે. તથા જ્ઞાનદ્વારા જેમ અનેક જ્ઞેય પદાર્થોને જાણે છે, તેમ **આત્મસ્વરૂપને** પણ જાણે છે, આવા મહામુનિઓ પોતાના જ્ઞાનાદિ અનંતગુણનાજ કર્તા-ભોક્તા હોય છે, પરંતુ વિભાવદશા (રાગ-દ્વેષાદિ પરપુદ્ગલ પદાર્થો) ના કર્તા-ભોક્તા નથી બનતાં, તથા તેઓ આત્મપરિણતિ રૂપ ઘરમાંજ સદા રમણ કરતા હોવાથી પરપુદ્ગલ પરિણતિમાં કદી રમતા નથી. તેઓ સ્વસત્તામાં રહેલા અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણ (ધર્મ) નાજ ગ્રહણ કરનારા હોય છે. તેમજ તે ધર્મનાજ રક્ષક છે, તેમાંજ વ્યાપીને રહે છે. અને તે ધર્મનાજ ધારણ કરનારા હોય છે, તેથી તેઓ પર પુદ્ગલના ગ્રાહક, રક્ષક કે ધારક નથી. વળી તેઓને દાનાદિ લબ્ધિઓ પણ ક્ષાયિક ભાવે પ્રગટેલી હોય છે...

(૧) દાનાન્તરાય કર્મના ક્ષયથી અનંત દાનલબ્ધિ પ્રગટી છે, જેથી સ્વસત્તામાં રહેલા અનંતગુણોને દાન આપે છે.

(૨) લાભાન્તરાય કર્મના ક્ષયથી અનંત લાભલબ્ધિ પ્રગટી છે, જેથી સ્વસત્તામાં રહેલા અનંતગુણોનો લાભ થયો છે.

(૩) ભોગાન્તરાય કર્મના ક્ષયથી અનંત ભોગલબ્ધિ પ્રગટી છે, જેથી સ્વસત્તામાં રહેલા અનંત પર્યાયને ભોગવે છે.

(૪) ઉપભોગાન્તરાય કર્મના ક્ષયથી અનંત ઉપભોગલબ્ધિ પ્રગટી છે, જેથી સ્વસત્તામાં રહેલા અનંતગુણોનો ઉપભોગ કરે છે.

(૫) વીર્યાન્તરાય કર્મના ક્ષયથી અનંત વીર્યલબ્ધિ પ્રગટી છે, જેથી સ્વસત્તામાં રમણતાદિ કરવા અનંત વીર્યગુણને ફોરવે છે.

આ પ્રમાણે જે મહામુનિઓએ આત્માના પૂર્ણાનંદ સ્વરૂપને અનુભવ્યો છે, તેઓએ જ આત્મ સ્વરૂપનું યથાર્થ વર્ણન શાસ્ત્રોમાં કર્યું છે. અર્થાત્ શ્રી તીર્થંકર પરમાત્મા તથા ગણધર ભગવંતોએ અધ્યાત્મનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે. હું તો તેઓએ રચેલા શાસ્ત્ર અનુસાર બાળજીવોના બોધ માટે સરલ ભાષામાં લખવા અલ્પ પ્રયાસ માત્ર કરું છું.

**વાચના પ્રસાદી -** આપણા પોતાના ઘરમાં કેટલી સમૃદ્ધિ પડેલી છે, તે અહીં જાણવા મળે છે. શરીરનું આપણે બધું જાણીએ છીએ, પણ આત્માનું કશું જાણતા નથી.

આત્મરમણી મુનિ સર્વ દ્રવ્યના ભાવને જાણે અને જુએ છે. જાણીને દરેક ગુણને પ્રવૃત્તિ કરાવે છે. જેમ તમે દુકાનના નોકરોને પ્રવૃત્તિ કરાવો છો.

આપણી જ શક્તિઓનું જ્ઞાન નહિ હોવાથી આપણે એને બીજે કામે લગાડી દીધી. તમારા છોકરાને તમે બીજાની દુકાને કામ કરાવીને બીજાને કમાણી કરવા દો ? આપણે એવું જ કરીએ છીએ. આત્મ-શક્તિનો પ્રયોગ કર્મબંધનમાં જ કરીએ છીએ.

આત્મરત મુનિ....

જ્ઞાન દ્વારા જાણે, જોવું - દર્શન

દર્શન દ્વારા જુએ, જાણવું - જ્ઞાન

ચારિત્ર દ્વારા રમણ કરે, જીવે. જીવવું - ચારિત્ર.

આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ પાંચ શક્તિઓને (જે પાંચ અંતરાયના નાશથી પેદા થાય.) સાધક કામે લગાડી દે.

જ્ઞાન માટે વીર્ય શક્તિ કામે લાગે. વીર્ય શક્તિ માટે જ્ઞાન કામ લાગે છે, આમ આત્મગુણો પરસ્પર સહાયક બને છે.

મુનિપણું આત્મગુણો પ્રગટાવવા માટે છે.

મુનિનો જ આ વિષય છે ને જો એ જ આ ન કરે તો બીજું કોણ કરશે.

**પ્રથમ વિભાગ:-** (સાત નયની અપેક્ષાએ આત્માનું સ્વરૂપ)

**સંગ્રહે એક આયા વખાણ્યો, નૈગમે અંશથી જે પ્રમાણ્યો...**
**દુવિધ વ્યવહાર નય વસ્તુ વિહંચે, અશુદ્ધ વલિ શુદ્ધ ભાસન પ્રપંચે...(૫)**

**અર્થ -** સંગ્રહનયના મતે સર્વ જીવો સત્તાએ એક રૂપ હોવાથી એક જ આત્મા જાણવો, નૈગમનયના

મતે સર્વ જીવ અંશથી એક સરખા જાણવા. વ્યવહારનયના મતે આત્માના બે ભેદ-(૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ-સંસારી આત્માના પણ ભેદ-પ્રભેદનો વિસ્તાર વ્યવહારનયના મતે જ થાય છે...

**વિવેચન:-** અધ્યાત્મનું સ્વરૂપ બાતવવા માટે પ્રથમ સાત નયથી આત્મતત્ત્વની વિચારણા કરે છે, જેથી આત્માનું સ્વરૂપ સહેલાઈથી સમજી શકાય...

**સાત નયનું સંક્ષિપ્ત સ્વરૂપ:-** (સ્યાદ્વાદ રત્નાકર, પ્રમાણનય)

નય-અનંત ધર્માત્મક વસ્તુના કોઈ એક ધર્મનો સ્વીકાર કરી શેષ ધર્મો તરફ ઉદાસીન રહેનાર વક્તાનો ''અભિપ્રાય'' વિશેષ તે ''નય'' છે.

**નયના મુખ્ય બે ભેદ-**

(૧) દ્રવ્યાર્થિકનય-જે મુખ્યતયા દ્રવ્ય (પદાર્થ) સંબંધી વિચાર કરે...,

(૨) પર્યાયાર્થિકનય-જે મુખ્યતયા પર્યાય (પદાર્થમાં થતા ફેરફારો-અવસ્થાઓ) નો વિચાર કરે.

**દ્રવ્યાર્થિકનયના ચાર ભેદ-** (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર,

**પર્યાયાર્થિકનયના ત્રણ ભેદ-** (૧) શબ્દ, (૨) સમભિરુઢ, (૩) એવંભૂત...

આ પ્રમાણે નયના કુલ સાત ભેદ થાય છે.

**(૧) નૈગમનય-** જે અનેક ગમા (સંકલ્પ, આરોપ, અંશ) ને ગ્રહણ કરે, છ'રિપાલિત સંઘમાં ગયા, વીર નિર્વાણ દિન, સંથારો પથરાઈ ગયો. તે **સામાન્ય**-વિશેષ, નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવાદિ અનેકરૂપ માને તથા સંકલ્પથી - આરોપથી અને અંશથી પણ વસ્તુને માને છે, તે ''નૈગમનય'' કહેવાય છે.

**(૨) સંગ્રહનય-** જે સર્વને સંગ્રહે-સર્વનું ગ્રહણ કરે, વસ્તુની સત્તા સામાન્યપણે ગ્રહે તે ''સંગ્રહ'', જેમ ''આ વનસ્પતિ છે'' એ સામાન્ય વાક્યમાં આંબો, લીંબડો આદિ દરેક વનસ્પતિનો સંગ્રહ થયેલ છે...

**(૩) વ્યવહારનય-** સંગ્રહનયે માનેલા સામાન્ય પદાર્થને જે અંશ ભેદે વિભાગ કરી જુદા જુદા માને... તે વ્યવહારનય, અર્થાત્ જે વિશેષ ધર્મને મુખ્યપણે માને..તે...

આ નય, વિશેષધર્મથી જે વસ્તુ જેવી દેખાય તેવી માને છે. જેમ જીવ, વિશેષધર્મથી ભિન્ન ભિન્ન રૂપે દેખાય છે. તેથી તે વિશેષધર્મ સૂચક જુદા જુદા નામથી ઓળખાય છે. જેમ જીવના બે ભેદ-સિદ્ધ અને સંસારી.

સંસારીના બે ભેદ-ત્રસ અને સ્થાવર, સયોગી અને અયોગી ઈત્યાદિ. (આ નયની એવી માન્યતા છે કે કોઈને ''વૃક્ષ કે વનસ્પતિ લાવો'' એમ સામાન્ય રીતે કહેવાથી તે વ્યક્તિ ભ્રમમાં પડી જાય કે કયું વૃક્ષ લાવું, કે કઈ વનસ્પતિ લાવું...? પણ અમુક વિશિષ્ટ નામ, વિશેષ વૃક્ષ કે વનસ્પતિ કહેવાથી તે (આંબો કે લીંબડો લાવી શકે છે.)

**(૪) ઋજુસૂત્રનય-** ઋજુ-સરલ, જે વર્તમાન અવસ્થાનેજ ગ્રહણ કરે, પણ ભૂત-ભવિષ્ય-કાલીન વક્રતાને ન માને તે "ઋજુસૂત્રનય".

આ નય વર્તમાનમાં જેવી વસ્તુ હોય, અર્થાત્ વર્તમાનમાં જે પર્યાય વર્તતો હોય, તેને જ માને, પરંતુ ભૂતકાળ (જે વિનષ્ટ છે) તથા ભવિષ્યકાળ (જે અનુત્પન્ન છે) તેને ન માને. જેમ, જે વર્તમાનમાં રાજપુત્ર હોય તો તેને માને, પરંતુ થઇ ગયેલા કે ભવિષ્યમાં થનારા રાજપુત્રને ન માને, વર્તમાનમાં મુનિભાવમાં વર્તતાનેજ "મુનિ" માને;

આ નય, પદાર્થ સંબંધી પરિણામગ્રાહી છે, અર્થાત્ ભાવપરિણામગ્રાહી છે, "भक्तीति भाव:"વર્તમાનમાં અસ્તિત્વરૂપે જે હોય તેને માને. તેથી તેને "ભાવનય" પણ કહેવાય છે.

જીવ જે સમયે જે ઉપયોગપણે પરિણામે (વર્તે) તેને તેવો જ કહી બોલાવે..., એટલે તે ભાવનિક્ષેપને જ માને છે, બાકીના શબ્દાદિ ત્રણ નયો પણ ભાવનિક્ષેપને જ માને છે.

**(૫) શબ્દનય-** જેનાથી વસ્તુનું કથન થાય (બોલાવાય) તે શબ્દ પ્રકૃતિ, પ્રત્યયાદિક વ્યાકરણ વ્યુત્પત્તિ વડે સિદ્ધ થયેલો "શબ્દ" અહીં લેવાનો છે. તેમાં પણ અનેક પર્યાયવાચી નામોથી સૂચવાતા એક વાચ્યાર્થને એક જ પદાર્થ માને (જેમ કુંભ, કલશ, ઘટ વિગેરે એક જ વસ્તુ છે) તે "શબ્દનય"...

આ નય, કાલભેદ, લિંગભેદ અને વચનના ભેદથી તે વસ્તુને ભિન્ન ભિન્ન પણ માને છે. જેમ-तट:, तटी, तटम् કાલાદિના ભેદથી શબ્દના વાચ્યાર્થમાં ભેદ માને તે શબ્દનય...

તત્ત્વાર્થવૃત્તિમાં શબ્દનયની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે કે શબ્દવશથી જે પદાર્થનું જ્ઞાન થાય તે શબ્દનય અર્થાત્ શબ્દનય અનુરૂપ અર્થને માને છે.

**(૬) સમભિરુઢનય-** જે જે પર્યાયવાચી શબ્દોની ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ થતી હોય, તે શબ્દોને ભિન્ન ભિન્ન અર્થવાચક માને છે...

શબ્દનય-ઈન્દ્ર, પુરન્દર, શક્ર વિગેરે શબ્દોને એકાર્થવાચી છે એમ માને છે. ત્યારે સમભિરુઢનય-इंदनात्-इन्द्र: (એશ્વર્યવાળો હોવાથી ઈન્દ્ર), शक्नात् शक्र: (શક્તિવાળો હોવાથી શક્ર) વિગેરે...શબ્દભેદે-અર્થભેદ માને છે.

આ નય કંઈક ન્યૂન ગુણવાળી વસ્તુને પણ પૂર્ણ માને છે. જેમ કેવલજ્ઞાનીને પણ સિદ્ધ માને...

**(૭) એવંભૂતનય-** एवं=આ પ્રમાણે, भूत=તુલ્ય, એટલે વાચકશબ્દનો જે અર્થ થતો હોય અને તેની સમાન ક્રિયા દેખાતી હોય તેને જ વસ્તુ માને...

આ નય જે વસ્તુ પોતાના સર્વ ગુણોથી પૂર્ણ હોય અને પોતાની ક્રિયા કરતી હોય તો તેને તે વસ્તુ રૂપે માને. પરંતુ ન્યૂન ગુણ યુક્ત કે પોતાનું કાર્ય કરતી ન હોય તો તેને વસ્તુ ન માને... જેમ ઘડો જ્યારે જલધારણ રૂપ ક્રિયા કરતો હોય તે વખતે તેને ઘડો માને. પરંતુ ખાલી પડ્યો હોય તો તેને ઘડો ન માને...

**સાત નયના મતે આત્માની વિચારણા:-**

**(૧) સંગ્રહનય-**આ નયના મતે વિચારતાં એક જ આત્મા છે. કારણ કે આ નય "સત્તા" ને જ ગ્રહણ કરે છે. અર્થાત્ સર્વજીવો ચેતનાની અપેક્ષાએ એક સરખા હોવાથી આત્મા એક જ છે,

તિર્યક્સામાન્યની અપેક્ષાએ સર્વમાં જીવત્વ જાતિ રહેલી છે... તે જીવત્વ જાતિ એક હોવાથી સર્વે જીવો એક જ છે...

આ નય એમ માને છે કે સિદ્ધ ભગવાનનો જેવો સ્વભાવ છે, તેવો જ બધાયે જીવોનો સત્તાએ શુદ્ધ સ્વભાવ છે.

(૨) **નેગમનય**-વસ્તુના એક અંશવડે પણ વસ્તુને પૂર્ણ માને છે, તેથી નૈગમનયના મતે આત્મા કર્મથી અલિપ્ત હોવાથી સિદ્ધ સમાન છે. આત્માના આઠ રુચક પ્રદેશ કદી પણ કર્મથી લેપાતા નથી, સદા નિરાવરણ જ રહે છે. અર્થાત્ આઠ રુચક પ્રદેશરૂપ અંશ, સર્વ સંસારી જીવોના પણ શુદ્ધ હોય છે તેથી સર્વ જીવો સિદ્ધ સમાન છે.

અહીં ઉર્ધ્વતાસામાન્યની દૃષ્ટિએ સર્વ જીવોમાં સિદ્ધત્વ રહેલું છે. જેમ-છત્ર, કુંડલ, મુગુટ આદિ સર્વ અવસ્થાઓમાં પણ કાંચનત્વ સમાનપણે રહેલું છે.

(૩) **વ્યવહારનય**-આ નયના મતે જીવના બે પ્રકાર થાય છે:

(૧) અશુદ્ધ-કર્મ આશ્રિત સંસારીજીવ-અર્થાત્ કર્મ સહિત હોય તે સંસારી...

(૨) શુદ્ધ-આઠ કર્મ રહિત, અર્થાત્ સિદ્ધ (લોકાગ્રે બીરાજમાન) ના જીવો...

સંસારી જીવના પણ બે ભેદ-(૧) અયોગી (૨) સયોગી...,

સયોગી જીવના પણ બે ભેદ-(૧) કેવલી અને (૨) છદ્મસ્થ...,

છદ્મસ્થ જીવના પણ બે ભેદ-(૧) ક્ષીણમોહી અને (૨) ઉપશાંતમોહી...,

ઉપશાંતમોહી જીવના પણ બે ભેદ-(૧) અકષાયી (૧૧ મેં ગુણ.), (૨) સકષાયી (૧૦માં ગુણ૦)

સકષાયી જીવના પણ બે ભેદ-(૧) સૂક્ષ્મકષાયી (૧૦માં ગુણ.) (૨) બાદરકષાયી (૯માં ગુણ૦)

બાદરકષાયી જીવના પણ બે ભેદ-(૧) શ્રેણિ પ્રતિપન્ન, (૨) શ્રેણિ રહિત,

શ્રેણિરહિત જીવના પણ બે ભેદ-(૧) અપ્રમાદી, (૨) પ્રમાદી...,

પ્રમાદી જીવના પણ બે ભેદ-(૧) સર્વ વિરતિ, (૨) દેશ વિરતિ,

દેશ વિરતિના પણ બે ભેદ-(૧) વિરતિ પરિણામી, (૨) અવિરતિ પરિણામી,

અવિરતિ પરિણામી જીવના પણ બે ભેદ- (૧) સમ્યગ્દૃષ્ટિ, (૨) મિથ્યાદૃષ્ટિ,

મિથ્યાદૃષ્ટિ જીવના પણ બે ભેદ-(૧) ભવ્ય, (૨) અભવ્ય...,

આવા અનેક ભેદો વ્યવહાર નયના મતે થઈ શકે છે...,

આ પ્રમાણે વ્યવહારનયના મતવાળો...વસ્તુના ગુણ-પર્યાયથી થતી-પ્રવૃત્તિને ગ્રહણ કરે છે, તે પ્રવૃત્તિ બે પ્રકારની છે.-

(૧) જે પ્રવૃત્તિ કરતાં દ્રવ્યના ગુણની શુદ્ધતા ઉત્પન્ન થાય તે સાધન પ્રવૃત્તિને "શુદ્ધ વ્યવહારનય" કહેવાય છે.

(૨) જે પ્રવૃત્તિ કરતાં દ્રવ્યના ગુણની અશુદ્ધતા ઉત્પન્ન થાય તે પ્રવૃત્તિને ''અશુદ્ધ વ્યવહારનય'' કહેવાય છે.

**વાચના પ્રસાદી -** આજે નય, નિક્ષેપ, પ્રમાણ ઈત્યાદિનું જ્ઞાન બહુ જ ઓછું રહ્યું છે. પૂ. દેવચન્દ્રજી આ જ્ઞાનના તલસ્પર્શી અભ્યાસી છે.

સંગ્રહ નયથી આત્મા એક છે.

નવતત્ત્વમાં ૧, ૨, ૩, ૪, ૫, ૬ પ્રકારે આત્મા બતાવ્યા છે. અપેક્ષા બદલાતી જાય તેમ ભેદ પણ બદલાતા જાય. અલગ-અલગ જગ્યાએથી અલગ-અલગ દશ્ય નજરે ચડે તેમ અલગ - અલગ દષ્ટિકોણથી અલગ - અલગ ભેદ જાણાય.

જૈનદર્શનને સારી રીતે સમજવું હોય તેણે અપેક્ષા સમજવી જ પડશે. કઈ વાત કઈ અપેક્ષાએ કહેવાઈ છે ? એ જ જે ન જાણે, તે પાટ પર શું બોલશે ?

નયવાદ એટલે અપેક્ષાવાદ.

નય એટલે દષ્ટિકોણ.

નૈગમ નય અંશથી આત્મા માને છે.

વ્યવહાર નય જીવોના વિભાગ પાડે છે.

જો બધા એક જ છે, તો સાધનાની જરૂર શી ? ભકત અને ભગવાન, ગુરુ અને શિષ્ય, સિદ્ધ અને સંસારી આવા ભેદો શા માટે ?

- આ વ્યવહારની દલીલ છે.

એની અપેક્ષાએ એ દલીલ સાચી છે.

મૈત્રી આદિ ભાવના માટે સંગ્રહનયને આગળ ધરવો.

પાલનમાં વ્યવહાર નય.

હૃદયમાં નિશ્ચય નય, અપનાવે તે નયવાદ સમજ્યો છે, એમ કહેવાય.

ઘરના માજી બધાને એક સરખું ન પીરસે, જેને જેટલું પચે, અનુકૂળ હોય તે એને તેટલું જ આપે. તેમ અલગ - અલગ અવસ્થા માટે અલગ - અલગ નયોનો આશ્રય લેવાનો છે.

વ્યવહાર નયનું કામ ભેદ પાડવાનું છે.

કોઈ પણ વસ્તુ અનંત ધર્માત્મક (ધર્મ એટલે ગુણ) છે, એમ જૈનદર્શન માને છે.

કોઈ એક ધર્મને આગળ કરી, બીજા ધર્મોને ગૌણ કરી, જે વ્યાખ્યા કરવામાં આવે તે 'નય' છે.

બોલતી વખતે કાંઈ બધાજ ધર્મો એકી સાથે ન બોલી શકાય. તીર્થંકર પણ એકી સાથે બધું ન બોલી શકે પણ ગૌણ અને મુખ્યતાપૂર્વક ક્રમશઃ બોલે.

વાણી હંમેશા એક જ દષ્ટિકોણને એકી સાથે રજૂ કરી શકે. શબ્દની આ મર્યાદા છે. આ મર્યાદા નહિ સમજવાથી જ અનેક મત-ભેદો ઊભા થતા રહે છે.

**અશુદ્ધપણે પણ-સયતેસઠી ભેદ પ્રમાણ...**
**ઉદય વિભેદે દ્રવ્યના ભેદ અનંત કહાણ...**
**શુદ્ધપણે ચેતનતા પ્રગટે જીવ વિભિન્ન...**
**ક્ષયોપશમિક અસંખ્ય ક્ષાયિક એક અનુન્ન...(૬)**

**અર્થ**-અશુદ્ધ વ્યવહારનયના મતે જીવના ૫૬૩ ભેદ થાય છે. ઔદયિક ભાવના યોગે તો જીવ દ્રવ્યના અનંતા ભેદ કહ્યા છે. શુદ્ધ વ્યવહારનયે જીવની ચેતના શક્તિ વિભિન્ન (અનેક પ્રકારે) પ્રગટે છે. તેમાં પણ ક્ષાયોપશમિકભાવના અસંખ્ય પ્રકાર છે, અને ક્ષાયિકભાવનો તો એક જ પ્રકાર છે... જેમ-કેવલજ્ઞાનનો એક જ પ્રકાર છે...

**ભાવાર્થ**- જીવ વિચાર પ્રકરણમાં બતાવેલા જીવના ૫૬૩ ભેદ પણ અશુદ્ધ વ્યવહારનયના અભિપ્રાયે (મતે) જ થાય છે, તેમજ ઔદયિકભાવની જુદી જુદી અપેક્ષાએ જીવોના અનંતા ભેદ પણ થઈ શકે છે...

શુદ્ધ વ્યવહારનય, જીવમાં (ભેદભાવે) પ્રગટતી વિવિધ પ્રકારની વિશુદ્ધ અવસ્થાઓને માને છે.

ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ એ અનુક્રમે વિકાસ પામતી આત્મવિશુદ્ધિના જ પ્રકારો છે, ચોથા ગુણસ્થાનકથી અનુક્રમે આત્માની વિશુદ્ધિ વધે છે, અને તેજ શુદ્ધધર્મ છે એમ શુદ્ધ વ્યવહારનય માને છે.

**વાચના પ્રસાદી** - નૈગમ નય અંશથી પણ પૂર્ણ માને.

આઠ પ્રદેશો શુદ્ધ છે માટે બધા જીવ શુદ્ધ છે.

વ્યવહાર નય ભેદ પાડે. સિદ્ધ શુદ્ધ છે. સંસારી અશુદ્ધ છે. અશુદ્ધના પણ ભેદો છે.

૫૬૩ સિવાય આગળ વધીએ તો અશુદ્ધ જીવોના અનંતા ભેદો પણ થઈ શકે.

શુદ્ધપણે પણ અનેક રીતે ચેતનતા પ્રગટે છે તેમાં મુખ્ય બે પ્રકાર :

(૧) ક્ષાયોપશમિક અને (૨) ક્ષાયિક. ક્ષાયિક એક જ છે. ક્ષાયોપશમિક અસંખ્ય છે.

**નામથી જીવ ચેતન પ્રબુદ્ધ,**
**ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી વિશુદ્ધ;**
**દ્રવ્યથી સ્વગુણ પર્યાય પિંડ,**
**નિત્ય એકત્વ સહજે અખંડ (૭)**

**અર્થ**- નામની અપેક્ષાએ જીવને ''ચેતન'' કહેવામાં આવે છે, (ચેતના લક્ષણવાળો જીવ હોય છે). ક્ષેત્રની અપેક્ષાએ જીવ નિર્મલ અસંખ્ય પ્રદેશી છે, દ્રવ્યની અપેક્ષાએ જીવ સ્વગુણ પર્યાયનો

સમૂહ (પિંડ) રૂપ છે, અને ભાવની અપેક્ષાએ જીવ શાશ્વત, સહજ સ્વભાવી, એક અને અખંડ છે.

**વિવેચન:-** (૧) નામથી જીવને આત્મા કે ચેતન કહી શકાય છે, (૨) જીવનો ક્ષેત્ર-નિર્મલ-અસંખ્ય પ્રદેશાત્મક ક્ષેત્ર એજ જીવને રહેવા માટેનું સ્વક્ષેત્ર (સ્થાન) છે. વ્યવહારથી સર્વ દ્રવ્યોને રહેવાનો ક્ષેત્ર આકાશજ છે, છતાં, નિશ્ચયથી વિચારતાં જીવ પોતાના અસંખ્ય પ્રદેશોમાંજ રહે છે. તે ક્ષેત્રને કદીપણ છોડીને જતો નથી; (૩) દ્રવ્યથી જીવ સ્વજ્ઞાનાદિ ગુણ અને પર્યાયોના સમૂહ (પિંડ) સ્વરૂપે છે. ''તત્ત્વાર્થસૂત્ર''માં દ્રવ્યનું લક્ષણ આ પ્રમાણે બતાવેલ છે કે ''જે ગુણ-પર્યાયવાળો હોય તે દ્રવ્ય છે'' (૪) ભાવ-સ્વગુણ-પર્યાયની પ્રવૃત્તિ એ જ ભાવ છે. જીવ અખંડરૂપે સદા પોતાના સ્વરૂપમાં એકત્વપણે પ્રવર્તે છે,

**વાચના પ્રસાદી -** નામથી જીવ, ચેતન આદિ કહેવાય,

ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી કહેવાય.
દ્રવ્યથી સ્વ ગુણ-પર્યાયનો પિંડ કહેવાય.
ભાવથી નિત્ય, એક, સહજસ્વભાવી અને અખંડ કહેવાય.
નયના સાત, પણ ભેદ હોઈ શકે.
સાતસો પણ ભેદ હોઈ શકે.

પણ મુખ્ય બે ભેદ.

(૧) દ્રવ્યાર્થિક નય : દ્રવ્ય (મૂળ પદાર્થ) સંબંધી વિચારે તે.

(૨) પર્યાયાર્થિક નય : પદાર્થમાં થતા ફેરફારો - અવસ્થાઓ વિચારે તે.

કાળો-ગોરો ઈત્યાદિ અવસ્થાઓ પર્યાય કહેવાય.

દ્રવ્યાર્થિક નયના ૪ ભેદ : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર.
પર્યાયાર્થિક નયના ૩ ભેદ : શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.
પ્રશ્ન : ૪ પ્રકરણાદિનો અભ્યાસ થાય છે, તેમ નયનો અભ્યાસ થતો નથી.
ઉત્તર : અભ્યાસ ગ્રંથ તૈયાર કરો. હું સહાયતા કરીશ.

તત્ત્વજ્ઞાન પ્રવેશિકા આ રીતે જ તૈયાર થયેલી. જામનગર ચાતુર્માસમાં શરૂઆત થયેલી. જામનગરમાં જે પદાર્થો ભણ્યો તે બીજાને શીખવાડું. એક મહિનો રોકાઉં તો પણ શ્રાવકોને શીખવાડું.

અંજાર ચાતુર્માસમાં આવો પાઠ શરૂ કર્યો. યુ. પી. દેઢિયા દૂર-દૂરથી રોજ આવે. એમને એ ખૂબ ગમી ગયું. તે વખતે (સં. ૨૦૨૩) ૩૫ હજાર રૂપિયાથી ૧૦ હજાર નકલો છપાવી.

પહેલું પુસ્તક : તત્ત્વજ્ઞાન પ્રવેશિકા.

બીજું આ : અધ્યાત્મ ગીતા.

નયનો બોધ જ નહિ હોય તો આગમના રહસ્યો જ નહિ સમજાય.

છેલ્લે આ નયોના જ્ઞાન દ્વાર મુનિ કેવા બને છે ? તે બતાવશે.

**ઋજુસૂત્રે વિકલ્પ પરિણામી જીવ સ્વભાવ...**
**વર્તમાન પરિણતિમય વ્યક્તે ગ્રાહકભાવ...**
**શબ્દનયે નિજ સત્તા જોતો ઇહતો ધર્મ**
**શુદ્ધ અરુપી ચેતન અણગ્રહતો નવ કર્મ (૮)**

**અર્થ-** ઋજુસૂત્રનય વિકલ્પરૂપ જીવના પરિણામિક સ્વભાવને ગ્રહણ કરે છે અને વર્તમાનમાં જેવી પરિણતિ દેખાતી હોય તેનેજ તે ગ્રહણ કરે છે. શબ્દનયના મતે જે જીવ પોતાની શુદ્ધ સત્તાની ઓળખાણ કરી તે શુદ્ધ ધર્મને પ્રગટ કરવા ઇચ્છતો હોય, તે નિર્મલ અરુપી નવીન કર્મના અબંધક એવા આત્માને શબ્દનય જીવ માને છે.

**ઇણિ પરે શુદ્ધ સિદ્ધાત્મ રુપી,**
**મુકત પરશક્તિ વ્યકત અરુપી;**
**સમકિતિદેશવ્રતી, સર્વ વિરતિ,**
**ધરે સાધ્યરૂપે સદા તત્ત્વ પ્રીતિ (૯)**

**અર્થ-** આ પ્રમાણે નિશ્ચયનયના મતે આત્મા શુદ્ધ સ્વરૂપી છે, કર્મરહિત અરૂપી છે, શક્તિ એટલે અનંતગુણની શક્તિ સત્તામાં રહેલી છે, તે અંશે અંશે પ્રગટ થતી જાય છે. એ રીતે સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ સાધુને સ્વસાધ્ય (આત્મતત્ત્વનો પૂર્ણ સ્વભાવ)ને સિદ્ધ કરવાની ગાઢ પ્રીતિ જાગે છે.

**વિવેચન-** (૮-૯), (૧) ઋજુસૂત્રનય વર્તમાનમાં જેવા પરિણામ (અધ્યવસાય) વાળો જીવ હોય તેને તેવો કહે. સાધુતાના પરિણામે વર્તતો હોય તોજ તેને સાધુ તરીકે માને પણ વેશ માત્રથી સાધુ ન માને.

(૨) શબ્દનયની માન્યતા પ્રમાણે જીવ તે જ કહી શકાય કે જે પોતાની શુદ્ધ સત્તાની ઓળખાણ કરીને તેને પ્રગટાવવા રૂચિ ધરાવતો હોય તેમજ પ્રબલ પુરૂષાર્થ પણ કરતો હોય...

એકવાર પણ પર પુદ્ગલ પરિણતિથી ભિન્ન આત્મતત્ત્વનો અનુભવ થયા પછી તે જ અનુભવ-દશાને પૂર્ણ વિકસિત બનાવવા જ્યારે પ્રયત્નશીલ બને છે, ત્યારે આત્મા તેટલા સમય સુધી તીવ્ર અશુભ કર્મ બંધ કરતો નથી...

**વાચના પ્રસાદી -** ઋજુસૂત્ર વિકલ્પરૂપે વર્તમાન પરિણતિને ગ્રહણ કરે છે.

સાધુ - વેષ હોય પણ વર્તમાનમાં સાધુભાવ ન હોય તો ઋજુસૂત્ર સાધુ ન માને.

વીર્ય શક્તિ સત્તામાં રહેલી છે. પણ વ્યકતરૂપે તે દેખાતી નથી.

સમ્યગ્દષ્ટિ, દેશ અને સર્વવિરતિધરો સાધ્યરૂપ તત્ત્વ પ્રત્યે પ્રીતિવાળા હોય છે. સમકિતિને આત્મસત્તાનો ખ્યાલ હોય. કારણ કે સ્વસત્તાનો ખ્યાલ આવે ત્યારે જ સમકિત આવે.

એકવાર ખ્યાલ આવી જાય કે ઘરમાં ખજાનો દટાયેલો છે. તો સ્વાભાવિક છે : માણસને તે બહાર કાઢવાની ઈચ્છા થાય.

આત્માની અંદર અનંત ઐશ્વર્ય પડેલું છે એની ભાળ મળતાં જ તે મેળવવાની ઝંખના જાગે. આ ઝંખના જ સમ્યક્ત્વ છે.

નામ કે રૂપ આપણા નથી, 'પર' છે. ફોટા કે નામનો પ્રચાર કરીએ છીએ, પણ તે બધું 'પર' છે.

નામ તો માત્ર સંકેત પૂરતું છે. એક નામવાળા ઘણાય હોય છે, છતાં આપણા નામ માટે આપણે કેટલા લડીએ છીએ ?

પાડોશીને કોઈ ગાળો દઈ જાય તો તમે ગુસ્સે થઈ જાવ ?

નામ અને રૂપ આપણા પાડોશી છે. આપણો આત્મા તો અંદર બેઠો છે; નામ અને રૂપથી પર...!

નામ અને રૂપ તો આપણા પાડોશી છે. એનું અપમાન થતાં ઝગડો કરીએ તે આપણને શોભતું નથી.

અંદરના ઐશ્વર્યને પ્રગટ કરવાની રુચિ તે સમકિત. એના માટેના ઉપાયોમાં આંશિક પ્રવૃત્તિ કરવી તે દેશવિરતિ. સર્વ શક્તિપૂર્વક પ્રવૃત્તિ કરવી તે સર્વ વિરતિ.

(૧) નૈગમ :- જેના અનેક ગમ - વિકલ્પ હોય તે.

સંકલ્પ, આરોપ અને અંશને ગ્રહણ કરે તે.

૧. સંકલ્પ :- લાકડાની પાલી (અનાજ માપવાનું એક પ્રકારનું લાકડાનું સાધન) બનાવવાના ઉદ્દેશથી કોઈ જંગલમાં લાકડું કાપવા જાય છે, પણ કહેશે : હું પાલી લેવા જાઉં છું.

પાલીતાણા સંઘનો પ્રથમ પડાવ છે, છતાં આપણે કહીએ છીએ : અમે પાલીતાણા જઈએ છીએ.

તમને મોક્ષની ઈચ્છા થઈ ગઈ.

બસ, નૈગમ નય કહેશે : આ મોક્ષનો મુસાફર છે.

૨. આરોપ :- દા. ત. આજે ભગવાનનું નિર્વાણ કલ્યાણક છે. અહીં ભૂતનો વર્તમાનમાં આરોપ થયો છે.

૩. અંશ : આઠ રૂચક પ્રદેશો જ ઊઘાડા છે, છતાં આત્મા પૂર્ણસ્વરૂપી. મનફરાના ચાર જ માણસ આવ્યા, છતાં આખું મનફરા આવ્યું કહેવાય. રસોઈની શરૂઆત જ થઈ છે, છતાં રસોઈ થઈ ગઈ કહેવાય.

(૨) સંગ્રહ : વસ્તુના સામાન્ય ધર્મનો સંગ્રહ તે સંગ્રહ.

**સમભિરુઢનયે નિરાવરણિ જ્ઞાનાદિક ગુણ મુખ્ય...**
**ક્ષાયિક અનંત ચતુષ્ટયીભોગી મુગ્ધ અલક્ષ્ય...**
**એવંભૂતે નિરમલ સકલ સ્વધર્મ પ્રકાશ ।**
**પૂરણ પર્યાયે પ્રગટે પૂરણ શક્તિ વિલાસ (૧૦)**

**અર્થ**-સમભિરુઢનય-નિરાવરણ, અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય રૂપ અનંત ચતુષ્ટયના મુખ્ય ગુણોનો ભોક્તા અને મુગ્ધ (ભોળા-અજ્ઞાન) લોકોથી જાણી શકાય નહિ એવા સર્વજ્ઞ-સર્વદર્શીને જીવ માને છે અને એવંભૂતનય તો જેઓનો સંપૂર્ણ સ્વધર્મરૂપ પ્રકાશ પૂર્ણ નિર્મલપણે પ્રગટ થયો છે અને જે પૂર્ણ પ્રગટેલા ગુણ પર્યાયના ભોગી છે, તેવા સિદ્ધ ભગવંતને જ જીવ માને છે.

**વિવેચન**- શબ્દનય કરતા સમભિરુઢ વિશુદ્ધનય હોવાથી તેના મતે સયોગી કેવલી (૧૩ માં ગુણસ્થાનકે રહેલા) જ ''જીવ'' કહેવાય છે અને એવંભૂતનય તો સંપૂર્ણ-શુદ્ધ સ્વરૂપી સિદ્ધ ભગવાનને જ ''જીવ'' માને છે.

આ પ્રમાણે સાતે નયો પોતપોતાના અભિપ્રાયથી જીવનું સ્વરૂપ વર્ણવે છે, તેનું રહસ્ય સમજવાથી આધ્યાત્મિક દૃષ્ટિ વિકસિત બને છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર આ ચારે નય પદાર્થના નિરૂપણ કરવામાં તત્પર હોવાથી ''અર્થનય'' કહેવાય છે અને શબ્દ, સમભિરુઢ અને એવંભૂત એ ત્રણ નય શબ્દના વાચ્યાર્થને માનનારા હોવાથી ''શબ્દનય'' પણ કહેવાય છે.

નૈગમનયની વિશાલદૃષ્ટિ છે, તેનાથી ''સંગ્રહનય'' અલ્પવિષયવાળો છે, એમ અનુક્રમે વ્યવહારાદિ નયો અલ્પ અલ્પ વિષયવાળા છે, છતાં વિશુદ્ધિની અપેક્ષાએ પૂર્વના નયથી ઉત્તરનો (પછીનો) નય વધારે વિશુદ્ધ હોય છે, તેથી તેઓ અનુક્રમે આત્માની વિશુદ્ધ વિશુદ્ધ અવસ્થાને ગ્રહણ કરે છે.

**નય રહસ્ય:**

**(૧) નૈગમનય**- અંશ માત્રને પૂર્ણ વસ્તુ માને છે...

આત્માનાં આઠ રુચક પ્રદેશો સર્વ જીવોનાં નિર્મલ હોય છે, તેથી આ નય સર્વ જીવોને સિદ્ધ સમાન માને છે.

**(૨) સંગ્રહનય**- વસ્તુ સત્તાનો સંગ્રાહક છે...

સર્વ જીવોની સત્તા સિદ્ધ સમાન છે, તેથી સર્વ જીવો એક સરખા છે, એક જાતિવાળા છે, એમ માને છે.

આ બે નયોની વિચારણાથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ તથા સમભાવ કેળવી તેઓને પોતાની સમાન માની તેઓનું રક્ષણ કરવાની અદ્‌ભુત પ્રેરણા મળે છે. તેમજ પોતામાં રહેલા અનંતજ્ઞાન સુખ શક્તિની ઓળખાણ થવાથી તેને પ્રગટાવવાની શ્રદ્ધા રુચિ ઉત્પન્ન થાય છે.

(૩) **વ્યવહારનય-** ભેદગ્રાહક છે.

આત્મામાં રહેલી અશુદ્ધ (વિભાવ-રાગદ્વેષાદિજન્ય) અવસ્થાનું ભાન કરાવી તેને સર્વથા દૂર કરવાથી જ વિશુદ્ધ અવસ્થા અનુક્રમે પ્રાપ્ત થશે એમ જાણાવે છે.

(૪) **ઋજુસૂત્રનય-** વર્તમાન પરિણતિ (પરિસ્થિતિ) ને પ્રથમ સુધારવા પ્રયત્નશીલ બનવાની પ્રેરણા આપે છે.

ભૂતકાળમાં અમે સાધુજીવન જીવતા હતા કે ભવિષ્યકાળમાં સાધુજીવન જીવીશું એવી વિચારણા કરવા કરતાં અત્યારે જ સાધુજીવન જીવવું એ જ યોગ્ય છે, એમ જાણાવે છે. ભૂત-ભવિષ્યની નકામી ચિંતાઓ છોડાવી અને વર્તમાન કાલે ધર્મ-પુરૂષાર્થ કરવાની સીધી-સાદી-સલાહ આપે છે. તેથી તેનું "ઋજુસૂત્ર" એવું સાર્થક નામ છે.

(૫) **શબ્દનય-** સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ તથા સર્વવિરતિધર સાધુ, જેઓ આત્મસત્તામાં રહેલા અનંત ગુણોની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરનારા છે, તેઓ જ સુસાધક હોવાથી "જીવ" છે, એમ જાણાવીને તેવી સાચી સાધકદશા પ્રગટાવવાની રુચિ પેદા કરે છે...

(૬) **સમભિરુઢનય-** એ શબ્દનય કરતાં પણ સૂક્ષ્મ અને વિશુદ્ધ હોવાથી...ક્ષાયિક અનંત ચતુષ્ટયને પ્રગટાવનાર કેવલી ભગવંતને જ "જીવ" માને છે. તેથી જ્યાં સુધી કેવલજ્ઞાનાદિ ગુણો ન પ્રગટે ત્યાં સુધી સાધકે પોતાની સાધના અવિરત ચાલુ રાખવી જોઇએ એવો તેનો અભિપ્રાય છે.

(૭) **એવંભૂતનય-** જીવની સંપૂર્ણ શુદ્ધ સ્વભાવદશા પ્રગટે ત્યારે જ તેને "જીવ" કહે છે. અર્થાત્ આત્માનું સાધ્ય નિશ્ચિત કરી તેને પૂર્ણપણે પ્રગટાવવા માટે પ્રોત્સાહિત બનાવે છે.

નયનું જ્ઞાન આ રીતે અધ્યાત્મને પુષ્ટ બનાવે છે...

**વાચના પ્રસાદી -** અધ્યાત્મનું જ્ઞાન નહિ, અધ્યાત્મપૂર્ણ જીવન હોવું ઘટે. તો જ આમૂલચૂલ પરિવર્તન આવે. વારંવાર એનો અભ્યાસ કરતા રહો. ઊંડા સંસ્કારો પડશે.

જગતની સર્વ ક્રિયાઓમાં ચૈત્યવંદન, દેવવંદન, શ્રાવક-સાધુના આચારો સૌથી શ્રેષ્ઠ અધ્યાત્મ છે.

જે તમને તમારા સ્વરૂપ તરફ લઇ જાય તે અધ્યાત્મ છે. વિરતિ વિના સાચું અધ્યાત્મ ન આવી શકે. રુચિ હોય તો અવિરતિમાં બીજમાત્રરૂપે અધ્યાત્મ હોઇ શકે. વળી, તે અધ્યાત્મ મૈત્ર્યાદિ ભાવથી યુક્ત હોવું જોઇએ.

આ અધ્યાત્મ - ગીતા એમાં સહાયક બનશે.

❋ જેટલો ઉપયોગ સ્વરૂપમાં હોય તેટલો કર્મબંધ અટકે.

સંગ્રહ નય સ્થૂલ છે. પછી ઉત્તરોત્તર નયો સૂક્ષ્મ થતા જાય છે. એવંભૂત નય એકદમ સૂક્ષ્મ છે.

અનુક્રમે વ્યાખ્યા સૂક્ષ્મ બનતી જાય છે.

સંગ્રહ નય કે નૈગમ નય આપણને કહી દે : તું સિદ્ધસ્વરૂપી છે, તે ન ચાલે, એવંભૂત કહે ત્યારે ખરું ! છતાં એટલું ચોક્કસ કે સંગ્રહ અને નૈગમ નય આપણને વિશ્વાસ આપે છે : તું સિદ્ધસ્વરૂપી છે. તું બકરી નથી, સિંહ છે. તું પત્થર ભલે દેખાય, પણ તારામાં પ્રતિમા છુપાયેલી છે. હું તે જોઇ રહ્યો છું.

શિલ્પી જેમ જેમ ટાંકણા મારતો જાય તેમ તેમ પત્થરમાંથી પ્રતિમા પ્રગટતી જાય. ક્યાં સુધી ટાંકણા મારે ? જ્યાં સુધી પૂર્ણ પ્રતિમા ન બને. ગુરુની શિક્ષા ક્યાં સુધી ? જ્યાં સુધી આપણામાં પૂર્ણતા ન પ્રગટે.

સમભિરૂઢ નય તો કેવળજ્ઞાનીને પણ સિદ્ધ માનવા તૈયાર નથી. હજુ અઘાતી કર્મ, હજુ ૮૫ કર્મ - પ્રકૃતિ સત્તામાં પડી છે. એ તો સિદ્ધશિલામાં જીવ જાય ત્યારે જ સિદ્ધ માને.

* કોઇ વ્યક્તિને મળવું હોય તો પાકું સરનામું મેળવવું પડે. ભગવાનને આપણે મળવું છે, પણ ભગવાનનું સ્વરૂપ જાણવાની કોઇ જ તાલાવેલી નથી. આત્મા મેળવવો છે, પણ આત્મા અંગે કોઇ જાણવાની ઇચ્છા નથી. શી રીતે મળશે આત્મા કે પરમાત્મા ? આખી દુનિયાને તમે જાણવા ઇચ્છો છો એક માત્ર તમારી જાતને - આત્માને છોડીને.

*** જૈનદર્શન સાત નયથી શુદ્ધ આત્માને ઓળખાવે છે.**

સંગ્રહ:- એક જ આત્મા છે. સર્વત્ર બ્રહ્મ છે - એવો અદ્વૈતવાદ અહીંથી નીકળ્યો છે.
નૈગમ:- તમારામાં શુદ્ધતાનો એક અંશ છે. તો પણ હું તમને શુદ્ધ આત્મા માનીશ. ચિંતા નહિ કરતા.
વ્યવહાર:- નહિ, આત્મા કર્મસહિત અને કર્મરહિત એમ અનેક ભેદવાળો છે. હું ભેદમાં માનું છું.
ઋજુસૂત્ર:- તમારો ઉપયોગ સિદ્ધમાં હોય તો જ સિદ્ધસ્વરૂપી માનું.

**એમ નય ભંગ સંગે સનૂરો, સાધના સિદ્ધતારુપ પૂરો;**
**સાધક ભાવ ત્યાં લગે અધુરો, સાધ્ય સિદ્ધે નહિ હેતુ શૂરો (૧૧)**

**અર્થ-** આ પ્રમાણે સાત નય અને તેના (૭૦૦ ભાંગા) ભંગના ભેદથી જીવનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે, સાધનાની સંપૂર્ણ સિદ્ધિ થવાથી તે પૂર્ણ શુદ્ધ જીવ કહેવાય છે. પરંતુ જ્યાં સુધી સાધકભાવ હોય ત્યાં સુધી અપૂર્ણ જાણવો...જ્યારે સાધ્યની સંપૂર્ણ સિદ્ધિ થઇ જાય ત્યારે સાધન (હેતુ) ની જરૂરીઆત નહિ રહે...!

**વિવેચન-** મુખ્ય સાત નય (નૈગમાદિ) ના ઉત્તર ભેદ સાતસો થાય છે, તે નય અને નય ભંગ દ્વારા જીવ સ્વરૂપની યથાર્થ ઓળખાણ થાય છે. તેનું રહસ્ય આ પ્રમાણે વિચાર કરવાથી જાણી શકાય છે. શુદ્ધ વ્યવહાર નયની અપેક્ષાએ ચતુર્થગુણસ્થાનક અર્થાત્ સમ્યગ્દૃષ્ટિથી લઇ ચૌદમા અયોગી ગુણસ્થાનક સુધી જીવની સાધક અવસ્થા હોય છે.

શુદ્ધ નિશ્ચયનયના મતે જ્યારે સાધકજીવ સાધના દ્વારા પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પ્રગટાવે છે ત્યારે તે પૂર્ણ કહેવાય છે. પરંતુ જ્યાં સુધી દેશવિરતિ કે સર્વવિરતિ હોય છે ત્યાં સુધી હજુ સાધક-દશા હોવાથી તે અપૂર્ણ કહેવાય છે. જ્યાં સુધી અપૂર્ણતા છે, ત્યાં સુધી સાધ્યને સંપૂર્ણ સિદ્ધ કરવા માટે સાધનાની આવશ્યકતા છે. પરંતુ સાધ્યની સિદ્ધિ થયા પછી તેનું પ્રયોજન રહેતું નથી...

ભવભીરુ મુમુક્ષુ આત્માઓએ સંપૂર્ણ સાધ્યની સિદ્ધિ માટે શ્રી વીતરાગ પરમાત્માએ બતાવેલી અધ્યાત્મસાધનામાં નિરંતર ઉજમાળ રહેવું જોઈએ. પરંતુ એકાંતવાદીઓની જાળમાં ફસાઈ સાધનાને અધવચ્ચેથી છોડી દેવી નહિ...

**વાચના પ્રસાદી -** તમે સાધના કરો ત્યારે જ પૂરા બની શકો.

સંગ્રહ કે નૈગમ નય ૩૩% માં પાસ કરી દે. પણ એવંભૂત નય તો ૯૯% માં પણ પાસ ન કરે. ૧૦૦% જ જોઈએ. જરાય ઓછું નહિ.

સાધ્ય સંગ્રહે નક્કી કરી આપ્યું. તારી સત્તામાં પરમતત્ત્વ પડ્યું છે, એમ સંગ્રહે બતાવ્યું.

માટીમાં ઘડાની યોગ્યતા છે.

આત્મામાં પરમાત્માની યોગ્યતા છે, એમ સંગ્રહે સૌ પ્રથમ સમાચાર આપ્યા.

સંગ્રહનયથી સાધ્યની પ્રતીતિ થાય.

શબ્દનયથી એની અનુભૂતિ થાય. એવંભૂત નયથી સિદ્ધિ થાય.

સાધના માટે નૈગમ અને વ્યવહાર નય લાગુ પડે.

વ્યવહારથી જો આત્માને અશુદ્ધ ન માનીએ તો સાધના શી રીતે થાય ? હું વિષય - કષાયથી ભરેલો છું, એવું ન મનાય તો સાધના થાય જ નહિ.

તીર્થની સ્થાપના વગેરે વ્યવહાર નયથી જ થાય છે. સંગ્રહનય તો પૂર્ણ જ માને. તેને તીર્થ શું ? સ્થાપના શું ? ને સાધના શું ?

ઔદયિક ભાવનો હુમલો થાય ત્યારે શી રીતે બચવું ? એ બધું વ્યવહાર નય શીખવે છે.

આપણો મનોરથ છે : એવંભૂત નયથી સિદ્ધ બનવાનો. પણ એ મનોરથ કરાવનાર છે : સંગ્રહ અને નૈગમ નય.

સંગ્રહનય કહે છે : સર્વ જીવો એક છે. નૈગમ નય કહે છે : તું શુદ્ધ સ્વરૂપી છે. તારા આઠ અંશો તો શુદ્ધ જ છે. આખી ખીચડી તપાસવાની જરૂર નથી. એક દાણો દબાવો એટલે ખબર પડી જાય: ખીચડી ચડી છે કે નહિ ? તારા શુદ્ધ આઠ અંશ જ કહે છે : તું શુદ્ધ સ્વરૂપી છે.

✻ વિષય - કષાય સામે આપણે જંગે ચડ્યા છીએ. માનો કોર્ટમાં કેસ ચાલે છે. આપણો કેસ જો ભગવાનને સોંપી દઈએ તો બેડો પાર થઈ જાય.

❋ ગરીબી અવસ્થામાં કોઈ શ્રીમંત હાથ પકડે ત્યારે આપણા દિલમાં કેવી ટાઢક વળે ? સુખ વખતે બધા સાથ આપે, પણ દુ:ખ વખતે કોણ ? આપણે નિગોદમાં અત્યંત દુ:ખી હાલતમાં હતા ત્યારે આપણો હાથ પકડનાર ભગવાન હતા.

**કાળ અનાદિ અતીત અનંતે જે પરરક્ત...**
**સંગાંગિ પરિણામે વર્તે મોહાસક્ત !**
**પુદ્ગલ ભોગે રીઝયો, ધારે પુદ્ગલ ખંધ...**
**પરકર્તા પરિણામે બાંધે કર્મના બંધ (૧૨)**

**અર્થ-** અનાદિ અનંત કાલથી જીવ પર-પુદ્ગલમાં આસક્ત થયેલો છે, અને મોહાધીન બનેલો તે જીવ પુદ્ગલના ભોગમાં જ આનંદ માને છે, તેથી પુદ્ગલને ભોગવવા તત્પર બનેલો તે પુદ્ગલનો જ કર્તા બને છે, અને પરકર્તાપણાના પરિણામે નવા-નવા કર્મો બાંધતો જાય છે...

**વિવેચન-** નિશ્ચય નયથી આત્મા કર્મથી અલિપ્ત હોવા છતાં વ્યવહારનયની અપેક્ષાએ કર્મથી લેપાયેલો છે, તે કર્મનો સંબંધ અનાદિ કાલનો છે, કારણ કે જીવને પુદ્ગલની આસક્તિ અનાદિથી છે. પરદ્રવ્યના ભોગવટામાં આનંદ માણવાથી કર્મપુદ્ગલો આત્માને ચોંટે છે, અને તે કર્મપુદ્ગલોની પરંપરાથી ભવભ્રમણરૂપ મહાઅનર્થનું સર્જન કઈ રીતે થાય છે...તે સવિસ્તાર સમજાવે છે.

**વાચના પ્રસાદી -** આપણો જ નહિ, તીર્થંકરોનો પણ આવો જ દુ:ખોથી ગ્રસ્ત ભૂતકાળ છે.

જીવ અનાદિથી છે, કર્મ અનાદિ છે. એટલે સૌની આ જ સ્થિતિ સ્વીકારવી રહી, આમ કેમ? પરની આસક્તિ જીવમાં બેઠી છે. પુદ્ગલનો સારો સંગ મળતાં તે રીઝે છે, ને નવા - નવા કર્મ બાંધે છે.

"હું સુખી છું, હું દુ:ખી છું" વગેરે વિકલ્પો તેને આવે છે.

નિશ્ચય નયથી ભલે આત્મા કર્મથી અલિપ્ત હોય, પણ વ્યવહાર નયથી કર્મથી લિપ્ત છે.

જેટલો સમય કર્મના સંયોગમાં ગયો, એટલો જ સમય કર્મના વિયોગમાં જાય, એવું નથી. ચરમાવર્તકાળમાં આવ્યા પછી તરત જ કામ થઈ જાય. અચરમાર્વતકાળના જીવો અસાધ્ય દર્દી જેવા છે. તેમને માટે કર્મવિગમ મુશ્કેલ છે.

**બંધક વીર્ય કરણે ઉદે રે, વિપાકી પ્રકૃતિ ભોગવે દલ વિખે રે !**
**કર્મ ઉદયાગતા સ્વગુણ રોકે, ગુણ વિના જીવ ભવોભવ ઢોકે. (૧૩)**

**અર્થ-** બંધકવીર્ય અને ઈન્દ્રિયોની પ્રેરણાથી જીવ શુભાશુભ ફળદાયક કર્મ પ્રકૃતિઓ ભોગવીને તે કર્મપુદ્ગલોનો ક્ષય તો કરે છે, પરંતુ તેમાં આસક્તિરૂપ ચિકાસના કારણે તે નવીન કર્મો બાંધે છે. તે કર્મ ફરી ઉદયમાં આવતાં આત્મગુણોનો અવરોધ કરે છે, અને ગુણ રહિત બનેલો જીવ ભવોભવ ભટકે છે, આ રીતે ભવભ્રમણની પરંપરા ચાલ્યા કરે છે...

**વિવેચન-** જીવ બંધકવીર્ય (કર્મબંધ કરાવનાર આત્મશક્તિ) અને પાંચે ઇન્દ્રિયોની પ્રેરણાથી ઉદયમાં આવેલા પૂર્વબધ્ધ કર્મોને તો ભોગવટાદ્વારા આત્મ પ્રદેશોથી દૂર કરી દે છે. પરંતુ રાગદ્વેષાદિના કારણે ફરી નવા નવા કર્મોનો બંધ કરે છે. તેથી જ્યારે જ્યારે બધ્ધ કર્મો ઉદયમાં આવે છે, ત્યારે તે ઉદય આત્મગુણોને રોકે છે. (જેમ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે જ્ઞાન ગુણ રોકાય છે.) આત્મગુણો (સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ આદિ) પ્રગટ્યા વિના દુર્ગુણો (અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ, ક્રોધાદિ કષાયો વિગેરે વિલીન થતાં નથી અને દોષોની મંદતા વિના કર્મ બંધની પરંપરા અટકતી નથી અને તેથી ભવભ્રમણનો અંત આવતો નથી...

**વાચના પ્રસાદી -** કોઈપણ કર્મ આપણા સ્વભાવને રોક્યા વિના ન જ રહે. જે ગુણને રોકતા હોય તેને સારા કેમ કહેવાય ?

આથી જ જ્ઞાનીઓ સાતાવેદનીયકર્મ જે સુખ આપે છે, તેને પણ સારું માનતા નથી. કારણ કે એ કર્મ આત્માના અવ્યાબાધ સુખને રોકે છે.

આઠેય કર્મનો રાજા મોહનીય છે. એ બે ગુણને (દર્શન અને ચારિત્રને) રોકે છે. માટે જ મોહનીયના ક્ષયોપશમ વિના સાધનામાં એક ડગલુંય આગળ વધી ન શકાય.

ગુણોની જ્યારે જ્યારે ઉપેક્ષા કરીશું ત્યારે ત્યારે કર્મ બંધાવાના જ.

એક પણ દોષ જુઓ ને તે જ વખતે રવાના કરો. અગ્નિના એક કણનો પણ તમે ભરોસો નથી કરતા તેમ દોષના એક અંશનો પણ ભરોસો નહિ કરતા.

એટલા માટે જ ગુણી પુરુષોનું આલંબન અને અનુમોદન જરૂરી ગણાવ્યું છે. એના પ્રભાવે આપણે પ્રચ્છન્ન ગુણોનો આવિષ્કાર કરી શકીએ.

હવે ગુણો પ્રગટાવવા પુરુષાર્થનો યજ્ઞ શરૂ કરી દો. દઢ નિર્ણય કરો : મારે ૬૬ સાગરોપમમાં તો મોક્ષે જવું જ છે. એનાથી પહેલા મોક્ષ મળી જાય તો બહુ જ સારું, પણ ૬૬ સાગરોપમથી વધુ મોડું તો નથી જ કરવું.

* જ્ઞાનસંપત્તિ આપીએ તો ઋણમુક્તિ થાય, રાખી મૂકીએ તો વ્યાજ ચડે.

* અધ્યાત્મગીતા એટલે લીધી છે કે એના કર્તાના જીવનમાં અધ્યાત્મ વણાયેલું હતું. એમના ઉદ્ગારો જ એમની અનુભૂતિને જણાવે છે. પૂ. દેવચન્દ્રજી, યશોવિજયજી, આનંદઘનજી, વીરવિજયજી, માનવિજયજી વગેરે અનુભવી પુરુષો હતા. એમની કૃતિઓ સાક્ષી આપે છે.

* જીવન - નિર્વાહની કોઇ ચિંતા આપણી ઉપર નથી તો શા માટે આ સમય આપણે આત્મ-સાધનામાં ન લગાવી દઇએ ?

મકાન, ભોજન, પાણી વગેરે બધું જ તૈયાર મળે છે. કોઇ ચિંતા નથી. અહીં રહીને પણ આત્મદૃષ્ટિ ન ખુલી તો હદ થઇ ગઇ.

* નૈગમ અને સંગ્રહ નયે તો આપણને સિદ્ધત્વનું પ્રમાણપત્ર આપી દીધું, પણ જ્યારે શબ્દનય પ્રમાણ આપે ત્યારે ખરું માનવું.

શબ્દનય સમ્યક્ત્વ, દેશ - સર્વવિરતિમાં લાગુ પડે.

નૈગમનય - સંગ્રહનય સર્વ જીવો સાથે મૈત્રીનું શિક્ષણ આપે છે. સર્વજીવો સિદ્ધસ્વરૂપી છે. કોઈની પણ સાથે વેર - ઝેર શા માટે ?

અંદર પડેલા સિદ્ધત્વને પ્રગટાવવાની રુચિ પણ ઉત્પન્ન કરે છે.

નૈગમ, સંગ્રહ બંને અભેદને જણાવનાર છે.

સંગ્રહ માત્ર સામાન્યગ્રાહી છે જ્યારે નૈગમ, સામાન્ય-વિશેષ ઉભયગ્રાહી છે. વ્યવહાર નય તમારી અશુદ્ધતાનું ભાન કરાવે છે.

"મારા બાપાએ એક ક્રોડ એક ભાઈને આપેલા છે, તે આવશે એટલે આપી દઈશ. અત્યારે ૧૦ લાખ આપો". "એક યોગીએ કહ્યું છે : ઘરમાં ખજાનો છે નીકળશે ત્યારે આપીશ. અત્યારે ૧૧ લાખ આપો." આવું વ્યવહારમાં ચાલે ?

નૈગમ - સંગ્રહનો ઉધારવાદ વ્યવહારમાં ન ચાલે. વ્યવહાર કહે છે : અત્યારે તમે કેવા છો ? તે જુઓ, તમે સિદ્ધસ્વરૂપી છો, એવી વાતો અહીં નહિ ચાલે. તમે કર્મસહિત છો, એ વાસ્તવિકતા સ્વીકારો. આને જ આત્મસંપ્રેક્ષણ યોગ કહેવાય.

'કર્મસત્તાથી હું દબાયેલો છું.' એમ પોતાની સ્થિતિ જોવી તે આત્મ સંપ્રેક્ષણ છે.

કઈ વ્યક્તિ કે વસ્તુ પર રાગ, દ્વેષ કે મોહ વધુ છે ? એવી વિચારણા આત્મસંપ્રેક્ષણ છે. તેથી એનું નિવારણ કરવા આપણે કટિબદ્ધ બની શકીએ.

ૠજુસૂત્ર વર્તમાનમાં સ્થિર બનાવે છે. ભાવિમાં મહાવિદેહમાં જન્મ લઈને હું આમ કરીશ, તેમ કરીશ, તે બાલિશ વાતો છે. વર્તમાનમાં મળ્યું છે તેનો ઉપયોગ નથી કરતા તો ભાવિમાં શું કરશો ?

ૠજુસૂત્ર વર્તમાનગ્રાહી છે.

શબ્દનય આત્મસંપત્તિને પ્રગટાવવાની અભિલાષાવાળાને સિદ્ધ માને. સમભિરૂઢ કેવળજ્ઞાનીને અને એવંભૂત અષ્ટ કર્મ - મુક્ત સિદ્ધને સિદ્ધ માને.

જ્યાં સુધી એવંભૂત નય ન કહે ત્યાં સુધી આપણે સાધના ચાલુ રાખવાની છે.

* ગુપ્તિ એટલે અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ.

* મૌન એટલે માત્ર ન બોલવું એવું નથી એવું તો ઝાડ વગેરેમાં પણ છે. પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે ખરું મૌન.

કાયાથી પુદ્‌ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે કાયાનું મૌન.

વચનથી પુદ્‌ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે વચનનું મૌન.

મનથી પુદ્‌ગલોમાં પ્રવૃત્તિ ન કરવી મનનું મૌન.

**આતમગુણ આવરણે ન ગ્રહે આતમધર્મ,**
**ગ્રાહક શક્તિ પ્રયોગે જોડે પુદ્‌ગલ-શર્મ;**
**પરલાભે, પરભોગને યોગે થાયે પર કર્તાર,**
**એહ અનાદિ પ્રવર્તે વાધે પર વિસ્તાર (૧૪)**

**અર્થ-** સમ્યગ્જ્ઞાનાદિ આત્મગુણો ઢંકાઈ જવાથી જીવ આત્મધર્મને સ્વાભાવિક સુખને (જીવમાં ગ્રહણશક્તિ હોવા છતાં) ગ્રહણ કરી શકતો નથી, પરંતુ (જીવની ગ્રાહકશક્તિ નિરાવરણ હોવાથી) તેનો પ્રયોગ પૌદ્‌ગલિક સુખોને ગ્રહણ કરવામાં કરે છે, પર-પુદ્‌ગલ (ધન-ધાન્યાદિ) દ્રવ્યોનો લાભ થવાથી તેમજ સરસ ભોજન, સ્ત્રીસંગ, આદિનો ભોગ મળવાથી જીવ પરદ્રવ્યોનો કર્તા અને ભોકતા બને છે. અનાદિથી જીવની આ અવળી પ્રવૃત્તિઓના યોગે કર્મબંધનો પ્રવાહ સતત વૃદ્ધિ પામતો જાય છે.

**વિવેચન-** શાતાવેદનીયજન્ય સુખ આત્માના અવ્યાબાધ સુખને ઢાંકે છે, તેથી જ શુભાશુભકર્મ માત્રનો ઉદય આત્માના ગુણોને આચ્છાદિત કરતો હોવાથી ત્યાજય છે...

કર્મના ઉદય વખતે જીવ પોતાના ગુણોને ગ્રહણ કરી શકતો નથી તેથી તે પરપુદ્‌ગલનો ગ્રાહક બને છે, તેને જ પોતાનું કર્તવ્ય માની લે છે. પરપુદ્‌ગલ પદાર્થોની પ્રાપ્તિથી પોતાને લાભ થયો એમ માની તેનો આનંદપૂર્વક ભોગ કરે છે, જેથી તેની ગાઢ આસક્તિ બની રહે છે.

પરપુદ્‌ગલમાં આસકત થવાથી પુનઃ નવીન કર્મબંધ થયા કરે છે અને એ રીતે ભવભ્રમણનું તાંડવનૃત્ય એકધારું ચાલ્યા જ કરે છે...

**વાચના પ્રસાદી -** આપણી શક્તિઓ પુદ્‌ગલમાં લગાવીને આપણે પરનો જ વિસ્તાર કર્યો છે. ગુણનો વિકાસ જ સ્વ - વિસ્તાર કહેવાય. આત્મ-ગુણ વિના ભવોભવ ભટકવાનું જ છે.

ભવ-ભ્રમણના ફેરા બંધ કરવા હોય તો ગુણ મેળવવા જ પડશે.

મમતા દોષ છે. સમતા ગુણ છે. આ સમજાય છે ? જાણવા છતાં મમતા વધારતા રહીએ તો શું કહેવાય ? મૂર્ચ્છા આવી ત્યાં મમતા આવશે. મમતાથી સમાધિ ડહોળાશે.

બધા જ દોષોએ ગુણોને અટકાવી મૂક્યા છે. જ્યાં ગુણ રહી શકે, ત્યાં જ દોષો રહે છે. આત્મપ્રદેશોની જગ્યા એટલી જ છે. જે જે દોષ છે, તેણે તેણે ગુણની જગ્યા દબાવી દીધી છે, એમ માનજો.

દોષોની કેબિનેટ આપણી અંદર જામેલી છે. એ જે નક્કી કરે છે, તેમાં આપણે સહી કરતાં રહીએ છીએ. આત્માની કર્તૃત્વ-ભોક્તૃત્વ-ગ્રાહક-રક્ષક શક્તિઓ આજે ક્યાં પ્રવર્તી રહી છે ? તે જાણો છો ?

શક્તિ ઉલ્ટી ચાલે છે માટે જ આપણે જે તે વસ્તુ ભેગી કરતા રહીએ છીએ. આપણે બાળક જેવા છીએ. ચમકતા કાંકરાને પણ સંઘરવા લાગી જઈએ છીએ. આથી જ સંસાર વધી રહ્યો છે.

**એમ ઉપયોગ વીર્યાદિ લબ્ધિ, પરભાવ રંગી કરે કર્મવૃદ્ધિ;**
**પરદયાદિક યદા સુહ વિકલ્પે, તદા પુણ્યકર્મ તણો બંધ કલ્પે (૧૫)**

**અર્થ-** આ પ્રમાણે જીવનો, જ્ઞાન-દર્શનમય ઉપયોગ અને વીર્યાદિ પાંચ લબ્ધિઓ પરપુદ્‌ગલરૂપ વિભાવદશામાં પ્રવર્તતી હોવાથી નવા નવા કર્મની વૃદ્ધિ થતી જાય છે, તે અવસરે કોઈ આત્માને પરજીવની દયારૂપ શુભ પરિણામ આવે છે, ત્યારે તેને શુભ કર્મનો બંધ થાય (પણ સંવર કે નિર્જરા રૂપ ધર્મની પ્રાપ્તિ ન થાય) છે.

**વિવેચન-** જીવમાં રહેલા જ્ઞાનાદિગુણોનો કે આત્મવીર્ય-પરાક્રમનો નાશ થતો નથી પણ કર્મના ઉદયે તે ગુણોની સ્વભાવદશાને બદલે વિભાવદશામાં પ્રવૃતિ થતી હોવાથી નવા નવા કર્મોની અત્યંત વૃદ્ધિ થતી જાય છે. આવા સમયે કદાચ કોઈ આત્માને જીવદયારૂપ શુભ પરિણામ ઉત્પન્ન થાય તો પણ ગુણોની વિપરીત પ્રવૃત્તિના યોગે તેનું ફળ અલ્પ શુભકર્મના બંધ સિવાય અન્ય કંઈ પણ મળતું નથી...

જો આત્મગુણોની પ્રવૃત્તિ સ્વભાવદશા પ્રાપ્ત કરવા માટે થતી હોય તો પરજીવના રક્ષણ કરવાના પરિણામથી સંવર (આવતાં કર્મોને અટકાવવા) અને નિર્જરા (કર્મનો અંશત: ક્ષય) રૂપ મહાન ફળની પ્રાપ્તિ થઈ જાય પરંતુ ગાઢ મિથ્યાત્વદશામાં એ બનવું અશક્ય હોય છે.

અહીં નિશ્ચયનયની પ્રધાનતા હોવાથી પરજીવની દયાને પુણ્યબંધનું કારણ બતાવી શુભાશ્રવરૂપે વર્ણવી છે, તેનાથી આત્મગુણોની વૃદ્ધિ થતી નહિ હોવાથી સંવર-નિર્જરારૂપ ધર્મમાં તેનો સમાવેશ થતો નથી...

**વાચના પ્રસાદી -** પૌદ્‌ગલિક લાભ (ધનાદિ) મળતાં જીવ ગૌરવ આનંદ અનુભવે છે : હું સુખી થયો પણ ખરેખર એ દુ:ખનું મૂળ છે, તે જીવ સમજતો નથી.

જીવની મુખ્ય બે શક્તિઓ છે.

(૧) ઉપયોગ શક્તિ - જ્ઞાન.
(૨) વીર્ય શક્તિ - ક્રિયા.

આ બંને શક્તિઓને આપણે પરભાવ સંગી બનાવી દીધી છે. તેના દ્વારા કર્મો જ વધાર્યા છે.

પુણ્યકર્મ સ્વર્ગે પહોંચાડે, પણ મોક્ષે જવું હોય તો આત્મશુદ્ધિજન્ય ગુણો જોઈએ. એના માટે સદ્‌ગુરુ - યોગ જોઈએ.

હિંસા બે પ્રકારે :

(૧) દ્રવ્ય : જીવ - હિંસા

(૨) ભાવ : ગુણ - હિંસા

આવેશ કરીએ છીએ ત્યારે ભાવપ્રાણની હિંસા કરીએ છીએ તે ભૂલી જઈએ છીએ.

દ્રવ્યહિંસા કરતા પાગ આ ભાવહિંસા ખતરનાક છે.

બીજાને ગુસ્સે કરીએ તે પણ હિંસા છે. બીજાને મારવાથી હિંસા થાય તેમ બીજાને ગુસ્સે કરવા તે પાગ તેની હિંસા છે. પહેલી હિંસાથી ખતરનાક છે.

દોષો ટળે અને ગુણો વધે, એ જ **નૂતન** વર્ષની શુભેચ્છા છે.

પરસ્પર પ્રેમપૂર્વક રહો, ઝગડા - કલહથી દૂર રહો, એકબીજાને સહાયક બનો, વૈયાવચ્ચમાં રક્ત બનો, તો જીવન ધન્ય બનશે.

**દ્રવ્યહિંસા અને ભાવહિંસા:**

**તેહી જ હિંસાદિક દ્રવ્યાશ્રય કરતો ચંચલ ચિત્ત,**
**કટુક વિપાકી ચેતન મેલે કર્મ વિચિત્ત;**
**આતમગુણને હણતો હિંસક ભાવે થાય...**
**આતમધર્મનો રક્ષક ભાવ-અહિંસક કહેવાય (૧૬)**

**અર્થ-** તેજ જીવ જ્યારે ચંચલ ચિત્તવાળો બનીને દ્રવ્યાશ્રવ (કર્મને આવવાના માર્ગો) રૂપ જીવહિંસાદિ કરવા દ્વારા કટુક (ભયંકર-કડવા) ફળ આપનારા એવા કર્મોને બાંધે છે, ત્યારે તેણે કટુક વિપાકદાયી કર્મબંધ કરવાથી પોતાના આત્મગુણોની પાગ હિંસા કરી તેથી તે ભાવહિંસક પાગ બન્યો અને જો આત્મગુણોની રક્ષા કરે તો તે ભાવઅહિંસક બને છે.

**વિવેચન-** પૂર્વ ગાથાના કથન અનુસાર પરદયાથી પુણ્ય બંધ થાય છે. તેનો વિશેષ ખુલાસો આ ગાથામાં દ્રવ્યહિંસા અને ભાવહિંસાનું લક્ષાણ બતાવવા દ્વારા કરે છે.

ગાઢ મિથ્યાત્વદશામાં વર્તતો જીવ જેમ પરજીવની દયાથી પુણ્યબંધ કરે છે તેમ તેજ જીવ વિષયાસક્ત, ચંચળ ચિત્તવાળો બની પરજીવોની હિંસા કરે છે, ત્યારે કટુકફળ ઉત્પન્ન કરનારા એવા અશુભ કર્મો બાંધે છે.

આ પ્રમાણે દ્રવ્યદયાનું ફળ પુણ્ય-શુભકર્મબંધ અને દ્રવ્યહિંસાનું ફળ પાપઅશુભકર્મબંધ થાય એમ બતાવી હવે ઉત્તરાર્ધ ગાથાથી ભાવહિંસા અને ભાવઅહિંસાનું સ્વરૂપ બતાવે છે.

જીવ જ્યારે વિભાવદશામાં (રાગ-દ્વેષાદિ સંક્લિષ્ટ પરિણામોમાં) વર્તે છે, ત્યારે તેના જ્ઞાનાદિ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, નમ્રતા આદિ) ગુણો હણાય છે, તેથી આત્મગુણોનો ઘાતક જીવ ભાવહિંસક કહેવાય છે. કદાચ કોઇ જીવ કોઇ વખતે જીવહિંસા નથી કરતો તો પણ ઉપયોગ રહિત હોવાથી તેને ભાવહિંસા લાગે છે. પરંતુ જ્યારે જીવ ઉપયોગવાળો બનીને જ્ઞાનાદિ ગુણોને મેળવવા સતત પ્રયત્ન કરે છે. અને મેળવેલા ગુણોનું રક્ષણ કરે છે, ત્યારે તે ભાવઅહિંસક કહેવાય છે. કદાચ પ્રમાદવશ કોઇ સૂક્ષ્મજંતુની હિંસા થઇ જાય તો પણ તેને પશ્ચાતાપ થવાથી માત્ર દ્રવ્યહિંસા લાગે પણ સંકિલષ્ટ પરિણામ (મારવાની બુદ્ધિ) ન હોવાથી ભાવહિંસા (નિશ્ચયથી હિંસા) લાગતી નથી...

**વાચના પ્રસાદી -** કાર્ય કરવાની અને કાર્ય કરતાં પહેલા જાણવાની

આ બે આત્માની મુખ્ય શક્તિ છે. વીર્યગુણને કે જ્ઞાનગુણને સર્વથા કર્મ ઢાંકી ન શકે. પણ જ્યાં સુધી ઉપયોગ પરભાવરંગી બનેલો હોય ત્યાં સુધી કર્મબંધન ચાલુ. આપણે જ આપણી આસપાસ જાળ રચીએ છીએ. આપણી બેડીઓને મજબૂત કરીએ છીએ.

એક આત્મપ્રદેશ કર્મ બાંધે બીજા આત્મપ્રદેશ કર્મ તોડે, એવું કદી ન બની શકે. કોઇ પણ કાર્ય સૌ આત્મપ્રદેશો ભેગા મળીને જ કરે.

* આસક્તિના કારણે ખૂબ જ ચીકણા અશુભ કર્મો બંધાય છે. ક્યારેક શુભ કાર્યથી શુભ કર્મ બંધાય, પણ અંદરનો ઉપયોગ બદલાયો ન હોવાના કારણે શુભ અનુબંધ ન પડે.

અનંતાનુબંધી કષાય અંદર પડેલો હોય તેવા જીવો એવા આવેશમાં હોય છે. આટલુંક પણ જતું કરવા તૈયાર થતા નથી. આવા જીવ શુભક્રિયા કરે તો પણ અનુબંધ તો અશુભ જ પડે.

યાદ રહે કે અનંતાનુબંધીની હાજરીમાં એક પણ ગુણ સાચી રીતે પ્રગટ થઇ શકે નહિ.

'મેલે' એટલે 'મેળવે', કર્મ બાંધે.

અનંતાનુબંધી અને મિથ્યાત્વની હાજરીમાં જ નરકાયુ બંધાય. સમ્યક્ત્વની હાજરીમાં તો વૈમાનિકનું જ આયુષ્ય બંધાય. દેવ હોય તો મનુષ્યાયુ બાંધે.

* આત્મગુણની હિંસા કરનાર ભાવ-હિંસક કહેવાય. સ્વભાવઘાતકી કહેવાય. આપણે બીજાને મારનારને હિંસક કહીએ છીએ, પણ ભાવપ્રાણની હિંસા કદી નજરમાં જ નથી આવતી.

દ્રવ્ય હિંસા થઇ ગઇ હોય છતાં સ્વભાવદશામાં મુનિને હિંસાનો દોષ નથી લાગતો કે પૂજા કરનારને હિંસાનો દોષ નથી લાગતો. એનું આ જ કારણ છે.

અહીં ભાવપ્રાણોની હિંસા નથી. કારણ કે અહીં આત્મગુણોની રક્ષા કરવાનો ઉદ્દેશ છે. જો આમ માનવામાં ન આવે તો સાધર્મિક ભક્તિ, પ્રવચન શ્રવણ ઇત્યાદિ એક પણ કાર્ય થઇ શકશે નહિ.

**આત્મગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ;**
**ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃતિ, તેહથી હોય સંસાર છિત્તિ (૧૭)**

**અર્થ-** જિનાગમોમાં આત્મગુણોને પ્રાપ્ત કરવાની ઇચ્છા અને પ્રામ કરેલા ગુણોના રક્ષણને ધર્મ બતાવ્યો છે, સ્વ (આત્મા) ગુણોને કર્મબંધદ્વારા આચ્છાદિત કરવાની ક્રિયાને અધર્મ તરીકે ઓળખાવ્યા છે, જ્યારે જીવની ભાવઅધ્યાત્મને અનુસારે પ્રવૃત્તિ થાય છે, ત્યારે જ ભવભ્રમણની પરંપરાનો મૂળથી વિચ્છેદ થાય છે.

**વિવેચન-** એજ હકીકતને પુષ્ટ કરવા શાસ્ત્રીય નિયમનો નિર્દેશ કરે છે. નિશ્ચયથી -આત્મગુણોની રક્ષા એજ ધર્મ છે. જ્ઞાન, સમ્યક્ત્વ, ચારિત્ર, ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ ઇત્યાદિ ગુણોને પ્રામ કરવા અને અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ ક્રોધાદિ કષાયો આદિ દોષોથી દૂર રહી અને તે ગુણોનું રક્ષણ કરવું એજ ધર્મ છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ આત્મગુણોના રક્ષણમાં સહાયક બને છે, માટે તે પણ વ્યવહારથી ધર્મ કહેવાય છે.

સ્વગુણોનો વિનાશ એ જ અધર્મ છે. અજ્ઞાનાદિ દ્વારા જ્ઞાનાદિ ગુણોનો ઘાત થાય છે, તેથી ભાવહિંસા લાગે છે, અને નિશ્ચયથી તેજ અધર્મ છે.

હિંસા, અસત્ય, ચોરી, કામભોગ અને પરિગ્રહ વગેરે આત્મગુણોને આચ્છાદિત કરવામાં સહાયક હોવાથી વ્યવહારથી તે અધર્મ કહેવાય છે. હવે આત્મગુણોની પ્રાપ્તિ કે આત્મગુણોનું રક્ષણ કયા ઉપાયથી થઇ શકે...! તે બતાવે છે-

જ્યારે જીવ સદ્ગુરુના સમાગમથી **અધ્યાત્મ**ના સ્વરૂપને જાણે છે અર્થાત્ સદ્ગુરુની આદર-બહુમાનપૂર્વક-સેવા-ભક્તિ કરીને તેમની પાસે અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરે છે. તેમજ **અધ્યાત્મ**નું સ્વરૂપ નામાદિ નિક્ષેપા દ્વારા જાણીને ભાવ અધ્યાત્મને અનુલક્ષીને શુભપ્રવૃત્તિ કરે છે ત્યારે અનુક્રમે સમ્યગ્જ્ઞાન અને ક્રિયાદ્વારા સર્વ કર્મનો ક્ષય કરીને અનંત-અક્ષય-અવ્યાબાધ સુખમય આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને ભવભ્રમણનો સમૂલ ઉચ્છેદ કરે છે...

સિદ્ધગતિ જ એક એવું સ્થાન છે કે જ્યાં ગયા પછી આ આત્માને પુન: સંસારમાં આવવું નથી પડતું...માટે ભવભ્રમણનો અંત લાવવા સદ્ગુરુનો શુભ સમાગમ પ્રાપ્ત કરી તેમની સેવા-ભક્તિ, આજ્ઞાપાલનાદિ આદર-બહુમાનપૂર્વક કરતાં રહેવું જોઇએ અને તેઓની પાસેથી **ભાવ-અધ્યાત્મ**નું સ્વરૂપ સમજવા તથા તદનુસાર પ્રવૃત્તિ કરવા ઉદ્યમશીલ બનવું જોઇએ. એજ ગ્રંથકાર મહર્ષિનો આશય છે અને આ ગ્રંથની રચના પણ એજ મંગલ હેતુથી તેમણે કરેલી છે, કે સર્વ કોઇ આત્મબંધુઓ ભાવઅધ્યાત્મના ઉંડા રહસ્યને પામી...ભીષણ ભવચક્રથી સર્વથા મુક્ત બને...!

(૧) નામ અધ્યાત્મ-કોઈ વ્યક્તિ યા પદાર્થનું ''અધ્યાત્મ'' એવું નામ હોય...

(૨) સ્થાપના અધ્યાત્મ-કોઈ વસ્તુમાં ''અધ્યાત્મ''ની સ્થાપના કરવી અર્થાત્ ''અધ્યાત્મ'' એવા શબ્દની જે આકૃતિ...

(૩) દ્રવ્ય અધ્યાત્મ-ઉપયોગ વિનાની ધર્મ પ્રવૃત્તિ અથવા બાહ્ય સુખની ઈચ્છાથી કરવામાં આવતી ધર્મપ્રવૃત્તિ...

(૪) ભાવ અધ્યાત્મ-આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે જે કાંઈ ક્રિયા-અનુષ્ઠાન કરવામાં આવે તેને શાસ્ત્રકારો ભાવ અધ્યાત્મ કહે છે, ''નિજ સ્વરૂપ જે કિરિયા સાધે તે અધ્યાતમ કહિએ રે.'' અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવની મોહાધીનતા મંદ થાય છે અર્થાત્ મોહનું બળ ઘટે છે, ત્યારે આત્માને અનુલક્ષીને જે ધર્મક્રિયા થાય તેજ અધ્યાત્મ છે, અને તે સર્વ યોગોમાં વ્યાપીને રહેલ છે. તેના દ્વારા ધર્મક્રિયા અપુનર્બંધકાદિ પ્રથમ ગુણસ્થાનકથી લઈ ચૌદમા ગુણસ્થાનક સુધી ઉત્તરોત્તર વધુ ને વધુ વિશુદ્ધ બનતી જાય છે...

**વાચના પ્રસાદી** - બીજાના દ્રવ્યપ્રાણોની જેમ ભાવપ્રાણોની પણ રક્ષા કરવાની છે. એને ગુસ્સો ન આવે, વગેરેની પણ કાળજી રાખવાની છે, એવું આપણે સમજ્યા છીએ ખરા ?

આમ ભાવ અધ્યાત્મ અનુસારી પ્રવૃત્તિ શરૂ થાય ત્યારે જ સંસારનો છેદ શરૂ થાય.

દ્રવ્યથી ગુરુ-નિશ્રા મળી હોય તે નહિ, પણ ગુરુમાં ભગવદ્બુદ્ધિ, તારકબુદ્ધિ પેદા થઈ તે યોગાવંચકપણું છે.

આવો આત્મા પ્રભુની વાણી સાંભળે, સદ્દહે અને આચરે.

* મેઘકુમારનો જીવ હાથીમાંથી આવેલો. પ્રથમ જ દેશનાથી કેમ વૈરાગ્ય આવ્યો ? પૂર્વભવમાં જે સસલાની નિષ્કામભાવે દયા કરેલી તેના પ્રભાવે.

(૧) સંસાર પરિમિત કર્યો.

(૨) મનુષ્ય જન્મ મેળવ્યો.

(૩) તીર્થંકર જેવા ગુરુ પ્રાપ્ત કર્યા.

આ ત્રણ વસ્તુ તેણે મેળવી લીધી. એમ ઉપદેશ - પદમાં પૂ. હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

આ અધ્યાત્માનુગત ક્રિયા કહેવાય.

* યથાપ્રવૃત્તિકરણને અવ્યક્ત સમાધિ કહી છે. અવ્યક્ત એટલા માટે કે હજુ સમ્યક્ત્વ નથી મળ્યું.

* ગુણોની પ્રાપ્તિ હંમેશ ગુણોની અનુમોદના અને રુચિદ્વારા જ થાય. એ પહેલા ગુણો બારણે જ ન આવે.

બીજાના પ્રાણ બચાવવા દયા કહેવાય, તેમ તેના ગુણો બચાવવા પણ મહાન દયા કહેવાય.

દા. ત. કોઈ આવેશના કારણે આપઘાત કરવા જતો હોય તો તેને સમજાવવો : ભલા માણસ! આવું કરાય ? આ જીવન વેડફી દેવા માટે છે ? એના આવેશને ઊતારવો પણ ભાવ દયા છે.

આ બધી હિતશિક્ષા ભાવધર્મની રક્ષા માટે જ છે.

હૃદય કોમળ રહે તે માટે જ છે.

આવેશમાં રહીએ, માયા-પ્રપંચ કરીએ, આસક્તિ રાખીએ તો સમજી લેવું : આપણે આપણા જ ભાવપ્રાણોની હત્યા કરી રહ્યા છીએ.

ભગવાને કહ્યું છે : 'આત્મગુણોની રક્ષા કરો' પણ, આપણે ઉલ્ટું કરી રહ્યા છીએ.

શક્તિ હોવા છતાં ભણો નહિ તો જ્ઞાન - ગુણ ન હણાય ? જ્ઞાનાવરણીય કર્મ ન બંધાય ? ગૃહસ્થો દુકાન લીધા પછી બે વર્ષ બંધ રાખે તો ?

આપણને ભણેલું ઘણું લાગે છે. ગૃહસ્થોને સંતોષ નથી. આપણને સંતોષ છે.

કમાઈને ખર્ચવું જ હોય એના કરતાં ન કમાવું જ સારું - એમ વિચારીને કોઈ ગૃહસ્થ કમાવાનું છોડી નથી દેતો તો આપણાથી કોઈ બહાનાને આગળ ધરી ભણવાનું છોડી કેમ દેવાય ?

ભણવું, પણ કેવું ભણવું ? જે અધ્યાત્મમાં પ્રવૃત્તિ કરાવે તેવું ભણવું. 'નિજસ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીએ રે...'

આપણી વિશિષ્ટ ક્રિયા દ્વારા આપણું જ્ઞાન અભિવ્યક્ત થાય છે. ક્રિયા એટલે આપણું દૈનિક વર્તન ! આપણા વર્તન દ્વારા જ્ઞાન પરીક્ષિત થાય છે.

ભાવ-ચારિત્ર આવ્યું એટલે જ્ઞાન અને દર્શન આવી જ ગયા સમજો. એ વિના ભાવચારિત્ર આવે જ નહિ.

* કોઈની જાનમાં ગયા હોય ત્યારે તમે વરને ભૂલી જાવ ? વર વગરની તો જાન ન જ હોઈ શકે ને?

આપણી અત્યારે આવી જ હાલત છે. વરને, આત્માને જ ભૂલી ગયા છીએ. માટે જ સંથારા પોરસીમાં '**एगोहं**' આ બે ગાથા દ્વારા આત્માને યાદ કરવાનો છે.

**એહ પ્રબોધના કારણ તારણ સદ્ગુરુ સંગ...**
**શ્રુત ઉપયોગી ચરણાનંદી કરી ગુરુરંગ.. ।**
**આતમ - તત્ત્વાલંબિ રમતા આતમરામ...**
**શુદ્ધ સ્વરુપને ભોગે યોગે જસુ વિશ્રામ (૧૮)**

**અર્થ** - એવા અદ્ભુત આત્મજ્ઞાનનું પ્રધાન કારણ તો સંસારતારક સદ્ગુરુ ભગવંતનો સમાગમ જ છે.

જે સદ્ગુરુ સદા શ્રુતજ્ઞાનના ઉપયોગવાળા તથા ચારિત્રમાં આનંદનો અનુભવ કરનારા, આત્મતત્ત્વનું અવલંબન લઈ તેમાં જ રમણતા કરનારા અને આત્માના શુદ્ધ સ્વરૂપના ભોગમાં જ (મન-વચન- કાયાના) યોગોને સ્થિર (વિશ્રામ) બનાવનારા... એવા સદ્ગુરુ સાથે રંગ કરો અર્થાત્ આદર - બહુમાનપૂર્વક તેમની સેવા - ભક્તિ કરો... તેમ કરવાથી અવશ્ય આત્મજ્ઞાન પ્રગટે છે...

**વિવેચન** - સદ્ગુરુની સેવાથી "આત્મજ્ઞાન" પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાનથી ભાવઅધ્યાત્મની પ્રાપ્તિ થાય છે, માટે અહીં સદ્ગુરુનું સ્વરૂપ બતાવતા કહે છે કે -

(૧) જેઓ ગીતાર્થ ગુરુ ભગવંતો પાસે જિનાગમોનું વિધિપૂર્વક અધ્યયન કરી સદા શ્રુતજ્ઞાનના ઉપયોગપૂર્વક સૂત્રાનુસારી સત્ક્રિયાઓમાં તત્પર બની ચારિત્ર (સંયમ)ના દિવ્ય આનંદમાં મગ્ન રહેનારા હોય...

આ પ્રમાણે વ્યવહાર ચારિત્રનું વિધિપૂર્વક પાલન કરવાથી જ ભાવચારિત્ર (આત્મસ્વભાવની રમણતા) પ્રાપ્ત થાય છે...

(૨) જેઓ... આત્મતત્ત્વનું આલંબન લઈ તેમાં જ રમણતા કરનારા હોય...

(૩) અને શુદ્ધ આત્મસ્વરૂપને ભોગવવાની અભિલાષાવાળા હોય... તેથી જેટલા અંશે આત્મવિશુદ્ધિ પ્રગટી હોય, તેમાં જ સર્વ યોગોને (મન, વચન અને કાયાને) એકાગ્ર બનાવી વિશ્રામ કરનારા હોય..., આવા... સદ્ગુરુઓ સ્વયં સંસારસમુદ્ર તરે છે અને પોતાના સમાગમમાં આવનારને પણ આત્મતત્ત્વના ઉપદેશાદિ દ્વારા તારે છે, માટે મુમુક્ષુ આત્માઓએ સદ્ગુરુની સેવાનો અવિહડ રંગ લગાવવો જેથી શીઘ્ર ભાવઅધ્યાત્મની પ્રાપ્તિ થઈ શકે... !

**વાચના પ્રસાદી** - ☆ જવાનું હતું પૂર્વમાં આપણે જઈ ચઢ્યા પશ્ચિમમાં, ગુરુ આપણને અવળી દોટથી અટકાવે છે.

☆ અત્યારે આપણે મધ્યમાં છીએ.
'પંથ વચ્ચે પ્રભુજી મળ્યા...'

મધ્યમાં ત્રણ રીતે :-
૧) સાતમા ગુણઠાણાની અપેક્ષાએ (હજુ સાત ગુણઠાણા બાકી છે)
૨) મધ્ય લોકની અપેક્ષાએ.

૩) માનવ ભવની અપેક્ષાએ.

નિગોદથી નિર્વાણની યાત્રામાં માનવ-ભવ વચ્ચે છે.

☆ જો દીક્ષા ન લીધી હોત, ગૃહસ્થપણામાં રહ્યા હોત તો કોઈકનું માનવું પડત કે નહિ ?

બીજાનું માનવું સારું કે ભગવાનનું માનવું સારું ?

ભગવાનની આજ્ઞાનુસાર જીવન જીવવું કે મોહની આજ્ઞાનુસાર જીવન જીવવું ? એ આપણે નક્કી કરવાનું છે.

ગુરુ જ મોહ - અંધારને હણનારા છે, સત્યજ્ઞાન આપનારા છે.

સદ્‌ગુરુ કેવા હોય ?

શ્રુતમાં ઉપયોગવંત હોય. માત્ર ભણેલા જ નહિ, પણ ભણ્યાપ્રમાણે ઉપયોગપૂર્વક જીવનારા હોય.

ચારિત્રમાં રમણ કરનારા હોય, આત્મ તત્ત્વનું આલંબન લેનારા હોય.

**સદ્‌ગુરુ યોગથી બહુલ જીવ, કોઈ વલી સહજથી થઈ સજીવ...**
**આત્મશક્તિ કરી ગંઠી ભેદી, ભેદજ્ઞાની થયો આત્મવેદી (૧૯)**

**અર્થ** - આ પ્રમાણે સદ્‌ગુરુનો યોગ મળવાથી ઘણા જીવો સમ્યગ્દર્શન પામે છે. વળી કોઈક જીવ વિશેષ ભવસ્થિતિનો પરિપાક થવાથી સહજ ભાવે - પોતાની મેળે સમ્યક્ત્વ પામી જાય છે, પરંતુ બન્ને પ્રકારના જીવો અપૂર્વકરણરૂપ આત્મપરાક્રમ (વીર્યોલ્લાસ) વડે તીવ્ર રાગદ્વેષરૂપ નિબિડ ગાંઠ (ગ્રંથિ)ને ભેદીને જ્યારે સ્વપરના વિવેકરૂપ ભેદજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તેમને આત્મસ્વરૂપનું સ્પષ્ટ (જ્ઞાન) ભાન થાય છે.

**વિવેચન** - સદ્‌ગુરુના સમાગમદ્વારા દેવ, ગુરુ, ધર્મ તથા જીવાદિ નવતત્ત્વનું શ્રવણ કરવાથી જ્યારે શ્રોતાના હૈયામાં તત્ત્વ પ્રત્યે આદર, બહુમાન અને શ્રદ્ધા પ્રગટે છે ત્યારે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સર્વ જીવોને પ્રથમ ધર્મપ્રાપ્તિનો આ સામાન્ય રાજમાર્ગ છે. પરંતુ કેટલાક (સ્વયંબુદ્ધ) જીવો પોતાની મેળે કોઈ પદાર્થ યા કોઈ પ્રસંગ જોવા માત્રથી વૈરાગ્ય પામી સમ્યક્ત્વ અને ચારિત્રધર્મને પામે છે, પણ આવા જીવોની સંખ્યા પરિમિત જ હોય છે... માટે સમ્યક્ત્વ પ્રાપ્તિનું પ્રધાન સાધન સદ્‌ગુરુસેવા છે....

સમ્યક્ત્વ પ્રાપ્તિના બન્ને પ્રકારોમાં દરેક જીવ ત્રણ કરણ દ્વારા તીવ્ર રાગદ્વેષમય (તીવ્ર વિષયાસક્તિરૂપ) કર્મગ્રંથિનું ભેદન કરે છે અને એ કર્મગ્રંથિનું ભેદન, જ્યારે અપૂર્વ વીર્યોલ્લાસ જાગૃત્ત થાય છે ત્યારે જ થઈ શકે છે...

x[1] (અપૂર્વકરણ આદિ ત્રણ કરણ દ્વારા થતી ગ્રંથિભેદની પ્રક્રિયા "દ્વિતીય કર્મગ્રંથ" આદિથી સમજી લેવી.)

ગ્રંથિભેદ થયા પછી જ જીવને આત્મા અને શરીર બન્ને ભિન્ન છે, એવું અનુભવાત્મક ભેદજ્ઞાન પ્રગટે છે અને તેથી પોતાની આત્મસત્તામાં રહેલી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણ અને પર્યાયની ઋદ્ધિ - સમૃદ્ધિને તે જાણે છે. તે જ વાત વિસ્તારથી હવે આગળ જણાવે છે...

**વાચના પ્રસાદી -** જો કે સમ્યક્ત્વ સહજપણે મળે અને ગુરુના ઉપદેશથી પણ મળે, પણ સહજપણે પામનારા ઘણા ઓછા હોય છે.

સદ્‌ગુરુના યોગથી આજ સુધી અનંતા જીવોએ રાગ - દ્વેષની તીવ્ર ગાંઠ વીંધીને સમ્યક્ત્વ મેળવ્યું છે.

સમ્યક્ત્વ મળતાં આત્મશુદ્ધિ વધે છે. આત્મશુદ્ધિથી આત્મ - શક્તિ વધે છે. આત્મ - શક્તિ અને આત્મ - શુદ્ધિ પરસ્પર સાપેક્ષ છે. એક વધતાં અન્ય વધે જ. અહીંથી સાધનાના મંડાણ શરૂ થાય છે, જે અયોગી ગુણસ્થાનકે પૂર્ણ થાય છે.

**દ્રવ્ય ગુણ પર્યાય અનંતની થઈ પરતીત...**
**જાણ્યો આતમ કર્તા - ભોક્તા ગઈ પરભીત... ।**
**શ્રદ્ધા યોગે ઉપન્યો ભાસન સુનયે સત્ય**
**સાધ્યાલંબી ચેતના વલગી આતમતત્ત્વ (૨૦)**

**અર્થ -** જ્યારે આતમદ્રવ્ય અને તેનાં અનંત ગુણ - પર્યાયની પ્રતીતિ થઈ અર્થાત્ સમ્યગ્જ્ઞાન થયું ત્યારે આત્મા સ્વભાવનો જ કર્તા - ભોક્તા છે, એમ જાણ્યું. તેથી પરભાવના કર્તા-ભોક્તાપણાની ભીતિ (ભય) ચાલી ગઈ અને સુશ્રદ્ધાના યોગથી (સ્વાદ્‌વાદ) નય સાપેક્ષ આત્માના શુદ્ધ સ્વરૂપની (સાધ્યની) ઓળખાણ થવાથી ચેતના... તે સાધ્યના આલંબને આત્મસ્વરૂપમાં (તેના જ્ઞાનાદિ ગુણોમાં) જ લીન બની ગઈ.

**વિવેચન -** ભેદજ્ઞાની સર્વદ્રવ્યો અને તેના અનંત ગુણ - પર્યાયોનું સ્વરૂપ સ્યાદ્‌વાદદષ્ટિએ સમજે છે, તેથી તે પોતાના આત્મદ્રવ્યને પણ વ્યવહરથી શુભાશુભ કર્મનો કર્તા - ભોક્તા હોવા છતાં નિશ્ચયથી સ્વ-ગુણ પર્યાયનો જ કર્તા - ભોક્તા છે એમ માને છે અને એ રીતે નય સાપેક્ષ સુશ્રદ્ધા ઉત્પન્ન થવાથી તેની ચેતના (ચિત્તવૃત્તિ) આત્માનાં સંપૂર્ણ શુદ્ધસ્વરૂપને પ્રગટ કરવા રૂપ સાધ્યને સિદ્ધ કરવા માટે (ભાવ સાધનરૂપ) આત્મસ્વભાવમાં તથા તેના કારણભૂત દેવ, ગુરુ, ધર્મની આરાધનામાં એકાગ્ર બની જાય છે...

**વાચના પ્રસાદી -** કેવળજ્ઞાનાદિના અનંતા પર્યાયોની પ્રતીતિ થઈ. મારો આત્મા સ્વગુણનો કર્તા - ભોક્તા છે, તેની ખાતરી થઈ. તેથી પર - પુદ્‌ગલનો ભય ટળી ગયો. આવી શ્રદ્ધાના યોગે સુનયનું જ્ઞાન લાધ્યું (બીજા નયોને ખોટા ન કહેતાં પોતાનું મંડન કહે તે સુનય કહેવાય.) આવી ચેતના સાધ્યતત્ત્વનું આલંબન લઈ આત્મતત્ત્વને વળગી રહે છે.

આત્મતત્ત્વ તરફ રૂચિ જાગવી તે સમ્યક્ત્વ.

☆ સમ્યક્ત્વ બે રીતે મળે : નિસર્ગ અને અધિગમથી.

કોઈને લોટરીથી ધન મળે. (નિસર્ગ...)

કોઈને પુરુષાર્થથી ધન મળે. (અધિગમ...)

ઈલાચી, ભરત ઈત્યાદિને થયેલું કેવળજ્ઞાન નૈસર્ગિક ન ગણાય એમાં પૂર્વજન્મનો પુરુષાર્થ કારણ ગણાય. મરુદેવીનું કેવલજ્ઞાન નૈસર્ગિક ગણાય.

☆ જીવનમાં ભૂલ થાય તે મોટી વાત નથી. પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરવું તે મોટી વાત છે. માર્ગ ભૂલી જવો મોટી વાત નથી. ભૂલ્યા પછી ત્યાંથી પાછા ફરવું મોટી વાત છે. ઘણા તો ખોટા માર્ગથી પણ પાછા ફરવા તૈયાર નથી હોતા. અમારા દર્શનવિજયજી મ. ઘરાણા પાસે આવીને પણ રસ્તો ભૂલતાં આધોઈના બદલે પાછા લાકડીઆ પહોંચી ગયા હતા.

☆ સાચું યથાપ્રવૃત્તિકરણ તે, જે અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ લાવી સમ્યક્ત્વ આપે. બાકી એ પહેલા ઘણા યથાપ્રવૃત્તિકરણ કર્યા. પણ એ બધા સમ્યક્ત્વ આપી ન શક્યા. ચરમ યથાપ્રવૃત્તિકરણ જ સમ્યક્ત્વ આપે.

**ઈન્દ્ર ચન્દ્રાદિ પદ રોગ જાણ્યો, શુદ્ધ નિજ શુદ્ધતા ધન પિછાણ્યો ।**
**આત્મધન અન્ય આપે ન ચોરે, કોણ જગદીન વલી કોણ જોરે (૨૧)**

**અર્થ -** આત્માની જ્ઞાનાદિ શુદ્ધ સમૃદ્ધિની પ્રતીતિ થયા પછી ઈન્દ્ર, ચન્દ્ર કે નરેન્દ્ર - ચક્રવર્તિ-વાસુદેવના પદ પણ રોગ સમાન લાગે છે. આત્માનું શુદ્ધ જ્ઞાનરૂપ ધન કોઈ (દીન દુઃખી)ને આપી શકાતું નથી તેમજ કોઈ બળવાન ચોર - ડાકુથી બલાત્કારે ચોરી શકાતું પણ નથી.

**વિવેચન -** જે આત્માએ પોતાની નિર્મલ જ્ઞાનાદિ અનંતગુણની સંપત્તિને ઓળખી લીધી છે અને તેના આ સ્વાદથી થતાં આનંદનો આંશિક અનુભવ કર્યો છે, તેને કર્મજન્ય બાહ્ય (પૌદ્ગલિક) સુખ - સમૃદ્ધિ રોગની જેમ અનિષ્ટ લાગે છે. તેમજ આત્મિક સુખ - સમૃદ્ધિ અન્યને આપી શકાતી નથી કે કોઈથી લુંટી શકાતી નથી. તેથી તે સુખ - સમૃદ્ધિ ઘટી જશે કે નાશ પામી જશે એવો ભય પણ તેને લાગતો નથી.

**વાચના પ્રસાદી -** અત્યાર સુધી ઈષ્ટ વસ્તુ મળતાં સુખ મળશે, એવી જે ભ્રમણા હતી તે આત્મા મળતાં જતી રહે છે. આત્મધન મળતાં આવા સુખો - ઈન્દ્ર - ચન્દ્રાદિના સુખો પણ રોગ લાગે. કારણ કે તેણે અંદરનું સુખ જાણી લીધું છે. આવા સાધકને દીનતા કદી ન હોય.

મારા આત્મ - ધનને કોઈ ચોરી શકશે નહિ, કોઈ રાજા પડાવી શકશે નહિ. કોઈ જબરદસ્તીથી આંચકી શકશે નહિ. પછી ભય શાનો?

જે મારું છે તે જવાનું નથી.
જે જાય છે તે મારું નથી.
પછી ભય શાનો?

જ્ઞાનાદિને ઉજ્જવલ બનાવવા અધ્યાત્મ - યોગ જોઈએ. મન આદિ ત્રાણનો શુભ વ્યાપાર તે અધ્યાત્મ યોગ.

☆ જેટલા અંશે આત્માની રુચિ, તેટલા જ અંશે તેની જાણકારી. જેટલા અંશે જાણકારી, તેટલા જ અંશે તમે તેની રમાણતા કરી શકો. આમ રુચિ, જ્ઞપ્તિ અને રમાણતા ઉત્તરોત્તર અવલંબિત છે.

પુદ્‌ગલદ્રવ્યોની રુચિ, જ્ઞાપ્તિ અને રમાણતાનો અનુભવ આપાણને છે, પણ આત્માનો કોઈ જ અનુભવ નથી. આત્મા પોતે જ પોતાનાથી જ અજાણ છે. બધાને જોઈ શકનારી આંખ પોતાને જ જોઈ શકતી નથી.

☆ ચારિત્ર - પાલનથી આત્માનુભૂતિ પ્રગટે જ. ન પ્રગટે તો ચારિત્ર પાલનમાં ખામી સમજવી.

☆ મિથ્યાત્વ અને ચારિત્ર મોહનીય (કર્મ)ની નિર્જરા થાય ત્યારે અવશ્ય આનંદ (આત્માનંદ) પ્રગટે જ. કર્મ - નિર્જરાને જાણવાની આ જ કસોટી છે. એ આનંદ સમતાનો, પ્રશમનો હોય.

☆ મોહરાજાનો ડર ત્યાં સુધી જ લાગે, જ્યાં સુધી આપાણે આત્મશક્તિ અને પ્રભુ - ભક્તિની શક્તિ ન જાણીએ. બકરાના ટોળામાંના સિંહને નિજ - સિંહત્વની જાણ થઈ જાય, પછી એ શાનો ડરે ?

"તપ - જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે;
પાણ મુજ નવિ ભય હાથોહાથે, તારે તે છે સાથે રે..."
- ઉપા. યશોવિજયજીના આ ઉદ્‌ગારો જુઓ.

**આતમ સર્વ સમાન નિધાન મહાસુખકંદ...**
**સિદ્ધ તણા સાધર્મી સત્તાયે ગુણવૃંદ... ।**
**જેહ સ્વજાતિ બંધુ તેહથી કોણ કરે વધ બંધ**
**પ્રગટ્યો ભાવ અહિંસક જાણે શુધ્ધ પ્રબંધ (૨૨)**

**અર્થ** - નિશ્ચય નયના મતે સર્વ આત્માઓ એક સરખા છે. જ્ઞાનાદિ અનંત ગુણનાં ભંડાર છે, અવ્યાબાધ સુખના મૂળ છે અને સત્તાએ સર્વ જીવો અનંત ગુણના સમૂહ હોવાથી સિદ્ધ ભગવાનના સાધર્મિક છે અને જીવ માત્રની જાતિ (જીવત્વ) એક જ હોવાથી સ્વજાતિ બંધુનો કોઈપણ વધ કે બંધન કરે નહિ - આવી ભાવ અહિંસા (દયા)ના પરિણામ પ્રગટવાથી સ્યાદ્‌વાદનું (જિનશાસનનું) રહસ્ય સમજાય છે...

**વિવેચન** - સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ વડે જીવને સ્વ આત્માના સ્વરૂપની સાચી ઓળખાણ થવાથી વિશ્વના સર્વ આત્માઓને પાણ તે પોતાની સમાન જ માને છે. કારણ કે નિશ્ચયદષ્ટિથી સર્વ આત્માઓને સત્તામાં જ્ઞાનાદિ ગુણો અને અવ્યાબાધ સુખનું નિધાન રહેલું છે, પરંતુ સિદ્ધ ભગવંતોને તે પ્રગટ રૂપે છે અને બાકીના સંસારી જીવોમાં અપ્રગટપાણે સત્તામાં વિદ્યમાન છે. જેવો સિધ્ધોનો સ્વભાવ છે તેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. આ પ્રમાણે સર્વ જીવો એક જાતિવાળા છે એમ જાણ્યા પછી કોણ સ્વજાતિ બંધુને મારે ? કે બંધનગ્રસ્ત કરે ?... અર્થાત્ તે સમ્યગ્‌દષ્ટિ આત્મા સર્વ સાવદ્ય વ્યાપારનો

ત્યાગ કરીને સંયમ સ્વીકારવા તત્પર બને છે. આ રીતે સિદ્ધાંતના શુદ્ધ - સૂક્ષ્મ રહસ્ય જાણવાથી ભાવ - અહિંસકપણું પ્રગટે છે.

વધ - બંધનમય દ્રવ્યહિંસાના ત્યાગરૂપ દ્રવ્યચારિત્રના પાલનમાં તત્પર બનેલો આત્મા જ નિજ સ્વભાવમાં રમણતા કરતો ભાવઅહિંસક બને છે.

હવે ભાવ અહિંસક આત્મા જ્ઞાનની તીક્ષ્ણધારાએ ધ્યાનમાં એકાગ્ર બની કઈ રીતે ગુણસ્થાનના ક્રમે આત્મવિશુદ્ધિની વૃદ્ધિ કરે છે. તે અનુક્રમે આગળના શ્લોકોદ્વારા બતાવે છે.

**વાચના પ્રસાદી -** આજ સુધી જીવો પર દ્વેષ હતો તે હવે મૈત્રીમાં બદલાઈ જાય છે. જેઓ આપણું માને નહિ, આપણું અપમાન કરે તેવા, જીવો પ્રત્યે પણ પ્રેમ વહે.

અપુનર્બંધક (માર્ગાનુસારી)માં મિત્રાદિ ૪ દૃષ્ટિઓ આવી ગઈ. અન્ય દર્શનીઓમાં પણ આવા સાધકો મળી આવે. જે સર્વ પર પ્રેમ વરસાવતા હોય, પ્રભુને ભજતા હોય. ચાહે તે અલ્લાહ, ઈશ્વર, રામ, રહીમ, કૃષ્ણ કે બીજા કોઈ નામે ઈશ્વરને પોકારતા હોય.

જુઓ 'અલ્લાહ' અને 'અર્હમ્'માં કેટલું સામ્ય છે? બન્નેમાં પહેલા 'અ' અને છેલ્લે 'હ' છે વચ્ચે 'ર'નો 'લ' થઈ ગયો છે, એટલો જ 'અલ્લાહ'માં ફરક છે.

આવો સાધક સૌને શી રીતે જુએ ?

**'आत्मवत् सर्वभूतेषु ।'–**

સર્વ જીવોને પોતાની જેમ જુએ.

**'मातृवत् परदारेषु ।'–**

પરસ્ત્રીઓમાં માતાનું રૂપ જુએ.

**य: पश्यति स पश्यति ।–**

એ જ ખરી રીતે જુએ છે.

સર્વ જીવોમાં સિદ્ધત્વનું ઐશ્વર્ય પડેલું છે, એ રીતે જગતના સર્વ જીવો સાધર્મિક - બંધુ બન્યા, તેનો વધ - બંધ શી રીતે થઈ શકે ? એમાં તો સિદ્ધોનું જ અપમાન ગણાય.

☆ થર્મોમીટરથી જણાતી ગરમી અંદરના તાવને જણાવે તેમ બહાર વ્યક્ત થતા રાગદ્વેષાદિ ભાવો અંદરના કર્મ - રોગને જણાવે છે. અધ્યાત્મ - યોગ વિના આ કર્મરોગ જાય તેમ નથી.

હોટલમાં જઈને ઓર્ડર વધુ ને વધુ આપતા જાવ તેમ વધુ ને વધુ બીલ ચડતું જાય, પુદ્ગલનો ભોગવટો વધુ ને વધુ કરતા જઈએ તોય તેમ તેનું બીલ વધતું જાય.

☆ ગ્રંથિ -ભેદ થાય ત્યારે માત્ર પ્રભુ જ નહિ, જગતના સર્વ જીવો પણ પૂર્ણ દેખાય, સિદ્ધના સાધર્મિકો લાગે. જ્ઞાનસારના પહેલા અષ્ટકમાં આ જ વાત સમજાવી છે. આવો સાધક અનંતકાય કેમ ખાઈ શકે? એકેક જીવમાં તેને પૂર્ણતા દેખાય.

એક જીવનું તમે અપમાન કરો છો. એટલે આખરે તમે તમારું જ અપમાન કરો છો, એ વાત સમજવી રહી. ત્રિપૃષ્ઠે શય્યાપાલકનું અપમાન કર્યું, કાનમાં સીસાનો રસ રેડાવ્યો, પરિણામ શું આવ્યું? મહાવીરના ભવમાં કાનમાં ખીલાની વેદના અનુભવવી પડી.

**જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ**
**આત્મ તાદાત્મ્યતા પૂર્ણ ભાવે, તદા નિર્મલાનંદ સંપૂર્ણ ભાવે (૨૩)**

**અર્થ -** જ્ઞાનની તીક્ષ્ણતા એ જ ચારિત્ર છે, જ્ઞાનની એકાગ્રતા એ જ ધ્યાન છે, આત્મા સાથે જ્યારે પૂર્ણ તન્મયતા થશે ત્યારે જ સંપૂર્ણ ભાવે નિર્મળાનંદ સ્વરૂપ પ્રગટશે...!

**વિવેચન -** નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, નય, નિક્ષેપ, સપ્તભંગી, ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહાર, અધ્યાત્મ અને યોગ વિષયકશાસ્ત્રોનાં અધ્યયન, અધ્યાપન, ચિંતન, મનન અને પરિશીલનદ્વારા સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ જેમ જેમ તીવ્ર (તીક્ષ્ણ) બને છે, તેમ તેમ સ્વભાવ રમણતારૂપ ચારિત્રગુણની વૃદ્ધિ થતી જાય છે.

આત્મજ્ઞાન વિના આત્માનું ધ્યાન થઈ શકતું નથી અને ધ્યાન વિના આત્મરમણતા થતી નથી. માટે અહીં જ્ઞાનમાં એકાગ્ર બનવું એ જ ધ્યાન છે, એમ બતાવ્યું છે.

ધ્યાનના સતત અભ્યાસથી આત્મસ્વરૂપમાં તન્મયતા પ્રાપ્ત થાય છે અને તે સ્વરૂપરમણતાના અભ્યાસ વડે જ્યારે આત્મામાં પૂર્ણ તન્મયતા પ્રાપ્ત થશે, ત્યારે જ સંપૂર્ણ નિર્મલ - આનંદ પ્રગટ થશે... !

આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્ધ્યાન અને તેથી સ્વભાવરમણતારૂપ ભાવચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર વડે સ્વભાવમાં લીન બનવાથી પૂર્ણાનંદમય મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવો નિશ્ચય થવાથી મુનિને મારા કર્મ ક્યારે નષ્ટ થશે એવી ચિંતા પણ થતી નથી તે બતાવે છે.

**વાચના પ્રસાદી -** હિંસામાં જીવનું દુઃખ જાણે છે છતાં બચાવી શકતો નથી, તેનું દુઃખ સમ્યક્ત્વીને હોય છે, માટે જ તે દુઃખી હોય છે.

તલવાર તીક્ષ્ણ હોય તો કામ લાગે.

જ્ઞાન તીક્ષ્ણ હોય તો ધ્યાન થઈ શકે,

ધ્યાન તીક્ષ્ણ હોય તો સ્વભાવ - રમણતા થઈ શકે.

બજારમાં માલ લેવા રોકડું નાણું જોઈએ તેમ અહીં પણ રોકડું જ્ઞાન જોઈએ. ઉધાર જ્ઞાન ન ચાલે. યુદ્ધના મોરચે શસ્ત્રાગારમાં રહેલી તોપ કામ ન લાગે, હાજર હોય તે જ શસ્ત્ર કામ લાગે. પુસ્તકમાં કે નોટોમાં રહેલું જ્ઞાન કામ ન લાગે, જીવનમાં ઊતારેલું જ્ઞાન જ કામ લાગે. એ જ ચારિત્ર છે, એ જ ધ્યાનનું ઘર છે.

જ્યારે પણ તમે નિર્મળાનંદ પામવા ચાહતા હો ત્યારે જ્ઞાન તીક્ષ્ણ બનાવવું જ પડશે.

**ચેતન અસ્તિ સ્વભાવે મેં જેહ ન ભાસે ભાવ...**
**તેહથી ભિન્ન અરોચક રોચક આત્મસ્વભાવ...।**
**સમકિતભાવે ભાવે આતમ શક્તિ અનંત...**
**કર્મનાશનો ચિંતન નાણે તે મતિમંત... (૨૪)**

**અર્થ** - આત્મસત્તામાં તો સ્વજ્ઞાનાદિ ગુણોનો જ અસ્તિસ્વભાવ છે. તેવા અસ્તિસ્વભાવમાં રાગદ્વેષાદિ વિભાવનો સદ્ભાવ નથી. તેમજ રાગદ્વેષાદિ (શુભાશુભ) સંકલ્પ - વિકલ્પો આત્માથી ભિન્ન હોવાથી મુનિને તે રુચિકર નથી. પરંતુ આત્મસ્વભાવ જ રુચિકર છે, વળી તે સમ્યગ્જ્ઞાનવડે આત્માની અનંતશક્તિની યથાર્થ ઓળખાણ હોવાથી કર્મક્ષયની ચિંતા પણ તે બુદ્ધિશાળી મુનિને થતી નથી...

**વિવેચન** - સર્વદ્રવ્યો (પદાર્થો)માં બે પ્રકારના સ્વભાવ હોય છે.

(૧) અસ્તિસ્વભાવ અને (૨) નાસ્તિસ્વભાવ.

(૧) અસ્તિસ્વભાવ - પદાર્થ માત્રમાં સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવનો અપેક્ષાથી અસ્તિત્વ હોય છે...

(૨) નાસ્તિસ્વભાવ - પદાર્થ માત્રમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ નાસ્તિત્વ હોય છે...

ચેતનદ્રવ્યમાં પણ જ્ઞાનાદિ અનંતગુણો અસ્તિસ્વભાવે રહેલા છે અને વ્યવહારથી રાગદ્વેષરૂપ વિભાવદશા જીવને લાગેલી હોવા છતાં નિશ્ચયથી તે પરદ્રવ્યના વિકારરૂપ હોવાથી આત્મસ્વભાવમાં તે નાસ્તિસ્વભાવે રહી છે.

''સત્તાએ સર્વ જીવોનો સ્ફટિકરત્ન જેવો નિર્મલ સ્વભાવ છે'' આ સિદ્ધાંતના રહસ્યના જ્ઞાતા મુનિને આત્મસત્તામાં બાહ્ય ઋદ્ધિ, સમૃદ્ધિ કે રાગદ્વેષાદિ ભાવોનું અસ્તિત્વ દેખાતું નથી. માટે જ તે પદાર્થો ઉપર તેમને રૂચિ ઉત્પન્ન થતી નથી પણ પોતાની સત્તામાં રહેલા અનંતજ્ઞાનાદિ ગુણોને પ્રગટાવવાની જ રૂચિ ઉત્પન્ન થાય છે.

શુદ્ધ (સમ્યગ્) શ્રદ્ધા અને બોધના પ્રભાવે આત્મામાં રહેલી અનંતી શક્તિની યથાર્થ ઓળખાણ થવાથી કાયરતાના વિચારો પણ આવતાં નથી કે હવે મારા કર્મો ક્યારે દૂર થશે? આવા પ્રબળ કર્મોનો હું કઈ રીતે ક્ષય કરી શકીશ...? ઈત્યાદિ ભયચિંતાજનક વિચારો આવતાં નથી પણ તે મુનિ સ્વગુણ ચિંતનમાં જ તલ્લીન રહે છે... તે બતાવે છે -

**વાચના પ્રસાદી** - ☆ જ્ઞાન - ધ્યાનમાં મસ્ત અપ્રમત્ત મુનિ મોહથી ન ડરે, કર્મથી ન ડરે, કોઈ દુર્ભાવ પેદા કરવાની શક્તિ એ કર્મોમાં નથી હોતી. ઉલ્ટું એ કર્મો મુનિથી ડરે : ક્યારે અહીંથી ભાગી છુટીએ.

આ દશામાં વિભાવદશાથી અરુચિ, આત્મ સ્વભાવની જ રુચિ હોય.

☆ આત્મપ્રદેશમાં કર્મ અને ગુણો બન્ને છે.

એક અસ્તિ સ્વભાવથી, બીજા નાસ્તિ સ્વભાવથી છે.

કર્મ સંયોગ સંબંધથી વસ્ત્રની જેમ રહેલા છે.

ગુણો સમવાય સંબંધથી ચામડીની જેમ રહેલા છે.

ગુણો અસ્તિ સ્વભાવે અને કર્મો નાસ્તિ સ્વભાવે છે.

સત્તામાં ગુણો અનાદિથી છે, તેમ કર્મો પણ અનાદિથી છે.

પણ બન્નેના સંયોગમાં ઘણો ફરક છે. ઘરના કુટુંબી અને નોકરોમાં ફરક ખરો ને ? વસ્ત્રમાં મેલ પણ છે ને તંતુ પણ છે, ફરક ખરો ને ?

કર્મો મેલ છે, ગુણો તંતુ છે.

કર્મો નોકર છે, ગુણો કુટુંબીઓ છે.

આપણે ગુણોને, કુટુંબીઓને કાઢીએ છીએ ને ઉદ્ધત નોકરોને (દોષોને) કાઢવાને બદલે પંપાળીએ છીએ.

☆ ડૉક્ટરને પૂછ્યા વિના પોતાની મેળે દવા લઈને દર્દી નીરોગી ન બની શકે, તેમ ગુરુ વિના પોતાની મેળે શિષ્ય ભાવરોગથી મુક્ત ન બની શકે.

"વ્યવહારથી જીવ ભલે બંધાયેલો છે, પણ નિશ્ચયથી એ અલિપ્ત છે. કારણ કે બધા જ દ્રવ્યો પરસ્પર અપ્રવેશી છે. અનાદિકાળથી જીવ અને પુદ્ગલ સાથે હોય, છતાં જીવ પુદ્ગલ નથી બનતો અને પુદ્ગલ જીવ નથી બનતો." આવી વાતો જાણતો હોવાથી અપ્રમત્ત મુનિ મોહનો પરાજય કરે છે. મોહને જીતવાના આ તીક્ષ્ણ શસ્ત્રો છે.

☆ જ્ઞાનસાર વ્યવહાર અને નિશ્ચય બન્નેના સંતુલનવાળો અદ્ભુત ગ્રંથ છે. સાધક માટે ખૂબ જ ઉપયોગી છે. માટે જ પૂ. દેવચન્દ્રજીએ યશોવિજયજીને ભગવાન કહીને તેના પર 'જ્ઞાનમંજરી' ટીકા લખી છે. જ્ઞાનસાર સર્વમાન્ય ગ્રંથ છે.

☆ જે પુદ્ગલો સ્વથી ભિન્ન છે, તેના પર પ્રેમ શો ? તેના પર આસક્તિ શી ? એમ અપ્રમત્ત મુનિ જાણે છે. જ્યારે આપણને પુદ્ગલો પર ગાઢ આસક્તિ છે, પુદ્ગલો પોતાના લાગે છે.

જ્યાં સુધી આપણા તરફથી સત્કાર અને સન્માન મળતા રહેશે ત્યાં સુધી પુદ્ગલો આત્મ - ઘરમાંથી નીકળવાનું નામ નહિ લે. ગુંદરીયા મહેમાનોને રોજ મીઠાઈ આપ્યા કરો, પછી શાના જાય?

અપ્રમત્ત મુનિ આ ગુંદરીયા મહેમાનને ઓળખી ગયા છે. તે, તેમને સત્કાર આપવાનું બંધ કરે છે.

સ્વદ્રવ્યાદિ જથી અસ્તિત્વ.
પરદ્રવ્યાદિ જથી નાસ્તિત્વ આત્મામાં રહેલું છે.
અર્થાત્ નાસ્તિત્વનું પણ આત્માંમાં અસ્તિત્વ છે.

મોહરાજાનું બધું જ લશ્કર આત્માના નાસ્તિત્વ રૂપે જ રહેલું છે, અસ્તિત્વ રૂપે નહિ જ. આ વાતનો આપણને ખ્યાલ ન હોવાથી જ આપણે દુ:ખી છીએ.

આત્મા તો નિર્મળ સ્ફટિક જેવો છે. એમાં ક્યાંય અશુદ્ધિનો અંશ નથી.

જીવનથી કંટાળી જઈએ, હતાશા આપણને ઘેરી વળે ત્યારે શુદ્ધ સ્વરૂપનો વિચાર આપણામાંથી કાયરતાને ભગાડી મૂકે છે.

દુર્ગાદાસ બહુ જ જિજ્ઞાસુ શ્રાવક હતો, એની વિનંતીથી જ અધ્યાત્મગીતાની રચના થઈ છે. તે વખતે લાડુબેન નામની શ્રાવિકા ખૂબ જ જિજ્ઞાસુ હતી. તે એના તત્ત્વપૂર્ણ પત્રથી સમજાય છે.

એ પત્ર એક પુસ્તકમાં છપાયેલો છે.

**સ્વગુણ ચિંતનરસે બુદ્ધિ ઘાલે, આત્મસત્તા ભણી જે નિહાલે...**
**શુદ્ધ સ્યાદ્વાદ પદ જે સંભાલે, પર ઘરે તેહ મતિ કેમ વાલે... (૨૫)**

**અર્થ** - નિર્ભય એવો મુનિ આત્મગુણોના ચિંતનમાં જ પોતાની બુદ્ધિને પ્રવર્તાવે છે. તેથી આંતરદષ્ટિએ આત્મસત્તાના દર્શન કરે છે. શુદ્ધ (યથાર્થ) સ્યાદ્વાદ સિદ્ધાંતના રહસ્યને જાણનાર... પરપરિણતિરૂપ પરઘરમાં બુદ્ધિને કેમ પ્રવતવિ? અર્થાત્ ન જ પ્રવતવિ... !

**વિવેચન** - ભયજનક ચિન્તાઓ અને હતાશાઓથી રહિત મુનિ... આત્માનાં જ્ઞાનાદિ ગુણોનાં ચિંતન - મનનમાં જ પોતાની બુદ્ધિને તન્મય બનાવે છે અને તે જેમ જેમ ગુણ ચિંતનમાં તરબોળ બને છે તેમ તેમ કર્મ આવરણ દૂર થવાથી આંતરદષ્ટિ વિકસિત બને છે અને આંતરદષ્ટિ નિર્મળ થતાં (આત્મસત્તા) આત્મસ્વરૂપનો અનુભવ સ્પષ્ટ થતો જાય છે. તેમજ તે મુનીશ્વરને સ્યાદ્વાદ સ્વરૂપ આત્મસત્તાના અનુભવથી સર્વસિદ્ધાંતોનું રહસ્ય સમજાય છે, તેથી પરપરિણતિમાં તેઓની પ્રવૃત્તિ થતી નથી. આત્મસ્વભાવમાં મસ્ત રહેનાર પરપુદ્ગલમાં પ્રવૃત્તિ ન જ કરે એ રહસ્ય છે.

**વાચના પ્રસાદી** - ☆ આજે ભલે પિતાની રકમ છે, પણ કાલે એ પુત્રની જ થવાની, તેમ ભગવાનનું ઐશ્વર્ય અંતતોગત્વા ભક્તનું જ છે.

☆ ભગવાનની મૂર્તિ અને ભગવાનના આગમ આપણા માટે દર્પણ છે, જેમાં નિરીક્ષણ કરતાં તરત જ આપણા દોષો દેખાવા લાગે.

ક્રોધના આવેશમાં હોઈએ ને ભગવાનની શાંત પ્રતિમા જોઈએ ત્યારે આપણે કેવા લાગીએ? ક્યાં શાંતરસમય પ્રભુ ? ક્યાં ક્રોધથી ધમધમતો હું ?

ભગવાનના આગમો વાંચતાં પણ આપણા અઢળક દોષો સ્પષ્ટ દેખાય.

દર્પણ કોઈ જ પક્ષપાત કરતો નથી. તમે રડતા હો તો તમારું મોં રડતું બતાવે. હસતા હો તો હસતું બતાવે. ભગવાનની મૂર્તિ અને આગમ પણ કોઈ પક્ષપાત કરતા નથી. જે 'છે' તે જ બતાવે છે.

☆ ભગવાનની પૂજા વસ્તુત: આત્માની જ પૂજા છે.

ગુરુ કે ભગવાન પોતાનો વિનય કરાવતા નથી, કે પોતાની પૂજા કરાવતા નથી, પણ સાધકનો આ જ માર્ગ છે : એ પૂજા - વિનય કરતો જાય તેમ તેનો સાધનાનો રસ્તો સ્પષ્ટ બનતો જાય, એને પોતાને જ લાભ થતો જાય.

માટે જ ''જેહ ધ્યાન અરિહંત કો સોહી આતમધ્યાન...'' એમ કહેવાયું છે. માટે જ પ્રભુના ગુણોમાં મગ્નતા તે વસ્તુત: આત્મામાં જ મગ્નતા છે, એમ જણાવાયું છે.

જેને આત્મામાં રમણતારૂપ અમૃત મળી ગયું તેને પરભાવનો વિચાર હળાહળ ઝેર લાગે.

સ્વભાવદશા અમૃત છે.

વિભાવદશા ઝેર છે.

ઝેર છોડીને અમૃત - પાન કરો, એટલી જ શીખામણ છે.

જ્ઞાન અમૃતનો દરિયો છે. એ પરબ્રહ્મરૂપ છે. એમાં જે ડૂબી ગયો તેને બીજા વિષયો હળાહળ ઝેર જેવા લાગે.

આત્મલીનતા ભલે થોડા સમયની હોય, પણ એટલી ઝલકથી મુનિનું સંપૂર્ણ જીવન બદલાઈ જાય. વ્યવહારમાં પાણ એ ઝલકની છાંટ દેખાય.

પછી અવગુણો બધા ચાલતી પકડે. ''ભગવાન હૃદયમાં આવી ગયા છે. એ આપણને હાંકી કાઢે એ પહેલા જ આપાણે બિસ્રાપોટલા પેક કરીને ચાલવા માંડો,'' એમ સમજીને દોષો રવાના થવા માંડે.

ચોવીશેય કલાક હૃદયમાં જો પ્રભુનામ અને પ્રભુ-મૂર્તિ રમે તો દોષોને ઘુસવાનો કોઈ સવાલ નથી.

**પુણ્ય પાપ બે પુદ્ગલદલ ભાસે પરભાવ...**
**પરભાવે પરસંગત પામે દુષ્ટ વિભાવ...**
**તે માટે નિજભોગી યોગીસર સુપ્રસન્ન**
**દેવ, નરક, તૃણ - મણિ સમ ભાસે જેહને મન્ન (૨૬)**

**અર્થ** - તેવા મુનિને... પુણ્ય એ શુભકર્મરૂપ અને પાપ એ અશુભકર્મરૂપ હોવાથી તે પુદ્ગલદ્રવ્યના સ્કંધ માત્ર છે, એમ પરભાવરૂપે જાણાય છે અને પરપદાર્થોના સંગથી આત્મા દુષ્ટ કર્મો (કટુકફલ દેનાર અશુભ કર્મો) બાંધે છે. એમ જાણીને મુનીશ્વર સ્વગુણનાં ભોગમાં જ પ્રસન્નતા પામે છે. તેથી તેને મન દેવના સુખ કે નરકના દુઃખ, રત્ન કે તૃણ એક સરખા લાગે છે, અર્થાત્ તેમાં હર્ષ - શોક થતો નથી...

**વિવેચન** - પૂર્વ ગાથામાં જણાવ્યું હતું કે ''મુનિ પરપરિણતિમાં પ્રવૃત્તિ કરતા નથી'' તેનું કારણ અહીં સ્પષ્ટ કરે છે. કે પુણ્ય - પાપ એ બન્ને શુભાશુભ કર્મરૂપ હોવાથી આત્માથી ભિન્ન છે, પરભાવ છે અને પરભાવની સંગતિથી અર્થાત્ પરપુદ્ગલ પદાર્થોમાં આસક્તિપૂર્વક પ્રવૃત્તિ કરવાથી આત્મા એવા દુષ્ટ કર્મો ઉપાર્જન કરે છે, જેથી ભવિષ્યમાં અનેક જન્મો સુધી દુર્ગતિ (નરક-તિર્યંચાદિ)માં રખડી ભયંકર યાતનાઓ સહેવી પડે છે... એમ જાણીને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ યોગ સાધનામાં તત્પર બનેલો મુનિ આત્મગુણોમાં જ રમાણતા કરી અત્યંત પ્રસન્નતા પામે છે. તેથી દેવતાઈ વૈભવ - વિલાસના સુખો કે નરકની ભયંકર વેદનાઓ તેને મન એક સમાન છે. તેમજ મણિ કે તૃણ પણ એક સરિખા જાણાય છે... અર્થાત્ એમને નથી સુખ પ્રત્યે રાગ કે નથી દુઃખ પ્રત્યે... દ્વેષ... !

**વાચના પ્રસાદી** - પુણ્ય-પાપ પર પણ તે યોગીને સમભાવ હોય. સોનું હોય કે માટી બંને પુદ્ગલ છે, તેમ પુણ્ય-પાપ પણ પુદ્ગલ છે.

પુણ્યથી મળેલા સુખોમાં આસક્તિથી આત્મા દુષ્ટ વિભાવદશાને પામશે, એવું તે યોગી જાણતા હોય છે.

અનિષ્ટ પર અણગમો નહિ,
ઈષ્ટ પર રાજીપો નહિ,
મુનિનો આ મધ્યમાર્ગ છે.

જ્યાં તમે સાતાના ઈચ્છુક બનો છો, તે જ ક્ષણે કર્મો તમને ચોંટે છે. જે ક્ષણે તમે ક્યાંક અણગમો કરો છો, તે જ ક્ષણે તમને કર્મો વળગે છે.

આવું જાણનાર સમભાવમાં મગ્ન મુનિને સ્વર્ગ કે નરક, સોનું કે માટી, વંદક કે નિંદક, માન કે સન્માન બધા પર સમાનભાવ હોય.

**તેહ સમતારસી તત્ત્વ સાધે, નિશ્ચલાનંદ અનુભવ આરાધે...**
**તીવ્ર ઘનઘાતિ નિજ કર્મ તોડે, સંધિ પડિલેહિને તે વિછોડે (૨૭)**

**અર્થ** - તે મુનિરાજ સમતારસના રસીક બનીને આત્મતત્ત્વને સાધે છે. તેથી અચળ - અખંડ આનંદનો અનુભવ કરે છે, તેમજ પૂર્વે બાંધેલા ઘનઘાતી (આત્મગુણોના ઘાતક) કર્મોની સંધિ (ગાંઠ)ને જાણતા હોવાથી ધ્યાનરૂપ કુહાડાથી છેદી તે કર્મોને આત્મ પ્રદેશોથી પૃથક્ કરી દૂર ફેંકી દે છે.

**વિવેચન** - અપૂર્વ સમતારસમાં ઝીલતા તે મુનિરાજ આત્મતત્ત્વમાં જેમ જેમ તન્મય બને છે તેમ તેમ અચળ, અખંડ, અપૂર્વ આનંદનો અનુભવ કરે છે અને તેથી તીવ્ર જ્ઞાનાવરણીયાદિ ઘનઘાતી કર્મોના મર્મને જાણીને ધ્યાનની શક્તિથી તે કર્મોને નષ્ટ કરી આત્મપ્રદેશોથી દૂર દૂર હડસેલી દે છે, શાંત સુધારસના પાનથી ધ્યાનમાં તન્મયતા પ્રાપ્ત થતાં થીજેલા ઘીની જેમ તીવ્ર કર્મો પણ ધ્યાનાગ્નિથી ઓગળી જાય છે...

**વાચના પ્રસાદી** - શ્રેણિ એટલે ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણામ ! દરિયામાંની ભરતી જોઈ લો. તે વખતે નવા કર્મો તો ન બંધાય, પણ ધ્યાનના કુહાડાથી તીવ્ર ઘનઘાતી કર્મોના લાકડા તડ... તડ... તુટવા માંડે.

ગાંઠવાળા લાકડાને તોડવામાં ખૂબ મુશ્કેલી પડતી હોય છે. લાકડાની જેમ કર્મોમાં પણ ગાંઠ હોય છે. આવા ગાંઠવાળા કર્મો તોડવા મુશ્કેલ હોય છે. (સંધિ એટલે ગાંઠ).

પરપદાર્થો પર રાગની ગાંઠ,
જીવો પર વેરની ગાંઠ.
આવી અનેક ગાંઠોના કારણે કર્મો પણ ગાંઠવાળા લાકડા જેવા મજબૂત બનતા હોય છે.

*** આ કાળમાં સીધું આત્માનું આલંબન ન લઈ શકાય, પ્રભુનું આલંબન જ પ્રથમ જરૂરી છે. ઉપર જવા માટે સીડી જોઈએ તેમ આત્મા પાસે જવા પ્રભુ જોઈએ.**

સીડી વિના ઠેકડા મારનારના હાડકા ભાંગે. પ્રભુ વિના સાધના કરનાર માર્ગભ્રષ્ટ બને તેવી વધુ સંભાવના છે.

**સમ્યગ્ રત્નત્રયી રસ રાચ્યો ચેતન રાય...**
**જ્ઞાન - ક્રિયા ચક્કે ચકચૂરે સર્વ અપાય...**
**કારકચક્ર સ્વભાવથી સાધે પૂરણ સાધ્ય...**
**કર્તા, કારણ, કારજ, એક થયા નિરાબાધ (૨૮)**

**અર્થ -** ચેતનરાય - આત્મરાજા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીમાં એકરસ બનીને તેમાં જ રાચવા લાગ્યો, જ્ઞાન અને ક્રિયારૂપી ચક્ર વડે સર્વ અપાય - કર્મરૂપ ભાવ શત્રુને નાશ કરવા લાગ્યો અને ષટ્કારકરૂપ ચક્રથી પૂર્ણ સાધ્ય (કેવલજ્ઞાન)ને સાધવા લાગ્યા... અને જ્યારે સાધ્યની પૂર્ણતા થાય છે ત્યારે કર્તા, કારણ અને કાર્ય (કર્મ) એ ત્રણે એકરૂપે થઈ જાય છે.

**વિવેચન -** ચક્રવર્તી મહારાજા પાસે જેમ ચક્રાદિ ચૌદ રત્નો હોય છે અને તેની સહાયથી તે ષટ્ખંડ પૃથ્વીનો વિજય પ્રાપ્ત કરે છે, તેવી રીતે આ ચેતન રાજા પાસે પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રણ રત્નો છે. તેમજ જ્ઞાન - ક્રિયારૂપ તીક્ષ્ણ ચક્ર છે... જેના સહકારથી સર્વ કર્મશત્રુઓનો સમૂળ નાશ કરી શકે છે અને ષટ્કારક ચક્રદ્વારા સંપૂર્ણ કેવલજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરી શકે છે અને જ્યારે સાધ્ય સિદ્ધ થઈ અર્થાત્ કેવલજ્ઞાન પ્રગટશે ત્યારે કર્તા, કારણ અને કાર્ય એ ત્રણેની એકતા થઈ જશે...

ષટ્કારકચક્ર :-

દરેક કાર્યમાં કારકપ્રવૃત્તિ કારણભૂત હોય છે, ષટ્કારકચક્ર વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી... જેમ ઘટ રૂપ કાર્યમાં પણ આ પ્રમાણે ષટ્કારક ચક્રની પ્રવૃત્તિ હોય છે -

(૧) કર્તા - કુંભકાર, (૨) કર્મ - ઘટની ઉત્પત્તિરૂપ કાર્ય,

(૩) કારણ - ઉપાદાન - કારણ મૃત્પિંડ અને નિમિત્ત - કારણ દંડ ચક્રાદિ,

(૪) સંપ્રદાન - માટી પિંડને નવા નવા પર્યાયની પ્રાપ્તિ,

(૫) અપાદાન - પિંડ સ્થાસાદિ પૂર્વ પર્યાયનો નાશ,

(૬) સર્વ પર્યાયોનું આધારપણું...

આત્મદ્રવ્યમાં અનાદિ કાળથી એ છ કારક બાધકરૂપે પરિણમેલા છે, તે આ પ્રમાણે -

(૧) કર્તા - આત્મા ભાવકર્મ (રાગદ્વેષરૂપ વિભાવ) અને જ્ઞાનાવરણીય આદિ દ્રવ્ય કર્મનો કર્તા છે.

(૨) કર્મ (કાર્ય) ભાવકર્મ અને દ્રવ્યકર્મ બંધનરૂપ કાર્ય આત્મા કરે છે...

(૩) કરણ (અશુદ્ધ વિભાવ પરિણતિ) રાગદ્વેષરૂપ ભાવાશ્રવ અને પ્રાણાતિપાતાદિ દ્રવ્યાશ્રવરૂપ - એ બે કારણોથી કર્મ બંધાય છે, તેથી તે કરણ છે.

(૪) સંપ્રદાન - અશુદ્ધતા તથા દ્રવ્યકર્મનો લાભ - તે સંપ્રદાન,

(૫) અપાદાન - આત્મસ્વરૂપનો અવરોધ અને ક્ષાયોપશમભાવની હાનિ તે અપાદાન,

(૬) આધાર - અનંતી અશુદ્ધતા (વિભાવદશા) અને જ્ઞાનાવરણીયાદિ કર્મોને રાખવાની આધારરૂપ આત્મશક્તિ...

આ પ્રમાણે છ કારકચક્ર અનાદિથી અશુદ્ધપણે (બાધકપણે) પરિણમી રહ્યું છે, તે જ્યારે સાધક આત્મા સ્વજ્ઞાનાદિ ગુણો પ્રગટાવવા તત્પર બને છે, ત્યારે આ છ કારક નીચે પ્રમાણે સાધકપણે પ્રવૃત્તિ કરતા હોવાથી આત્મગુણ (ધર્મ)ની સાધના કરે છે અને સાધકપણે પરિણમેલા કારક, સિદ્ધતારૂપ સાધ્યને સિદ્ધ કરે છે... !

સાધકપણે પરિણમેલા ષટ્કારક -

(૧) કર્તા - આત્મા સ્વજ્ઞાનાદિ ગુણરૂપ ધર્મનો કર્તા બને છે.

(૨) કર્મ (કાર્ય) - સ્વધર્મ (જ્ઞાનાદિ)માં પરિણમનરૂપ કાર્ય...

(૩) કરણ - સ્વધર્માનુયાયી ગુણપરિણતિ, ચેતના શક્તિરૂપ ઉપાદાન કારણ - અને સુદેવ, સુગુરુ, સુધર્મની આરાધનારૂપ નિમિત્ત કારણરૂપ... કરણ.

લાભ (૪) સંપ્રદાન સાધન ગુણશક્તિનું પ્રગટીકરણ, (અપૂર્વ અપૂર્વ (નવાનવા) ગુણોની ઉત્પત્તિ)

હાનિ (૫) અપાદાન - પૂર્વ પર્યાય (અશુદ્ધ ભૂમિકા)નું નિવર્તન.

(૬) આધાર - સ્વજ્ઞાનાદિ (સાધક) ગુણોને રાખનારી આત્મશક્તિ...

આત્મા આત્માવડે આત્મસ્વભાવમાં જ લયલીન બની એક, અખંડ, અક્ષય, અવ્યાબાધ સ્વરૂપનો અનુભવ કરે છે. ત્યારે કર્તાદિ વિકલ્પો ઉત્પન્ન થતાં નથી...

**વાચના પ્રસાદી -** ❋ આજ સુધી પુદ્ગલનો, અર્થ-કામનો રસ હતો, તે દીક્ષા લેતાં છુટ્યો, પણ અહીં ફરી નવો સાંસારિક કહી શકાય તેવો રસ પેદા થયો નથી ને ? તે જોજે.

એ બધા રસો તોડવા હોય તો રત્નત્રયીનો રસ પેદા કરવો પડે. જ્ઞાન અને ક્રિયાનું ચક્ર એવું જોરદાર છે જે મોહરાજાનું માથું કાપી નાખે. મોહરાજા નષ્ટ થતાં જ સર્વ અપાય દૂર થાય છે, ચેતનરાજ વિજેતા બને છે.

કુમારપાળે જેમ આર્ણોરાજને હરાવ્યો તેમ ચેતન મોહરાજને હરાવે છે.

ચક્રવર્તી પાસે શત્રુચૂરક ચક્ર હોય તેમ ચેતન પાસે પણ કારક-ચક્ર છે. કારક ચક્રથી (ષટ્કારક ચક્ર) મોહની સેના ધૂળચાટતી થઈ જાય. ત્યારે કર્તા-કારણ અને કાર્ય ત્રણેય એક થઈ જાય.

ષટ્કારક ચક્ર વિના કોઈ ભૌતિક કાર્ય પણ થઈ શકે નહિ તો આધ્યાત્મિક કાર્યની તો વાત જ શી કરવી ?

અત્યારે પણ આપણે ષટ્કારક ચક્રથી જ વ્યવહાર ચલાવી રહ્યા છીએ.

ષટ્કારક - શક્તિ ઊઘાડી છે. એને કોઈ કર્મનું આવરણ નથી. જો એને પણ કોઈ કર્મનું આવરણ હોત તો કર્મ-બંધન જ થઈ શકત નહિ. આ કારક-ચક્ર માત્ર જીવ પાસે જ છે.

આ છમાં કારક મુખ્ય છે. બાકીના પાંચ એને આધીન છે.

પૂ. દેવચન્દ્રજી મ. નો આ મુખ્ય વિષય છે. એમણે પોતાના સ્તવનમાં આ વિષય ખૂબ જ સરસ રીતે ગુંથ્યો છે. માટે જ એમના સ્તવન કંઠસ્થ કરવાનો હું આગ્રહ રાખું છું.

અત્યારે આપણા છએ કારક કર્મ-બંધનનું જ કામ કરી રહ્યા છે. કોઈ માણસ, ઘરના ભૂખ્યા મરે ને બીજા માટે કમાણી કરે તો તેને કેવો કહીશું ? આપણો ચેતન આવું જ કરે છે. આપણી જ શક્તિઓ દ્વારા આપણે કર્મનું કામ કરી આપીએ છીએ.

'ઘરના ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો'....

* અત્યારે આપણે કષાયનો કષાય આદિની આજ્ઞાથી જીવી રહ્યા છીએ, એ રીતે પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. છતાં માનીએ છીએ એમ કે અમે સ્વતંત્ર છીએ, અમે ધારીએ તે કરીએ છીએ. આપણી સ્વતંત્રતા પર મોહરાજા ખડખડાટ હસે છે. કઠપૂતળી કહે : હું સ્વતંત્રપણે નાચું છું - એના જેવું આપણું અભિમાન છે.

* માટીમાંથી ઘડો બને એ સાચું. જાવ, સીધા જ જમીનમાંથી ખોદીને ઘડા લઈ આવો. મળશે? નહિ, એ માટે કુંભારની મદદ જોઈશે. આપણે પણ નિગોદમાં માટી જેવા હતા. ત્યાંથી આપણને કાઢનાર ભગવાન છે. એમના દ્વારા જ આપણે ભગવત્ સ્વરૂપ પ્રાપ્ત કરી શકીશું.

ષટકારક :-

૧. કરનાર કારક - કર્તા,

૨. કરવાનું કાર્ય તે કર્મ - ઘડો. કરવાનું કાર્ય.

૩. કાર્યનું સાધન-ઉપાદાન અને નિમિત્ત કારણ.

ઉપાદન : દા. ત. માટી.

નિમિત્ત : દંડ, ચક્ર આદિ.

૪. સંપ્રદાન :- નવા નવા પર્યાયની પ્રાપ્તિ.

માટી - પિંડો - સ્થાસક આદિ....

માટીની અવસ્થાઓ.

૫. અપાદાન : પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ.

૬. અધિકરણ : સર્વ પર્યાયનો આધાર. દા.ત. ઘડા માટે જમીન.

રોટલીમાં પણ આ કારક ઘટાવી શકાય.

આ જ કારકચક્ર આપણે આત્મામાં ઘટાવવાનું છે.

(૧) કારક : દ્રવ્ય-ભાવકર્મનો કરનાર આત્મા સ્વયં કારક છે. ૨૪ કલાક કર્મબંધનનું આ કામ ચાલુ જ છે. કારણ કે જીવમાં કર્તૃત્વાદિ શક્તિઓ ઊઘાડી જ છે. એ શક્તિઓને વિભાવથી અટકાવીને સ્વભાવગામી ન બનાવીએ ત્યાં સુધી મોક્ષ તો શું સમ્યક્ત્વ પણ ન મળે. કર્મ પછી જ કપાય. જો કે, પછી પણ પ્રયત્ન તો કરવો જ પડે.

નખને પણ કાપવા પ્રયત્ન કરવો પડે તો પ્રયત્ન કર્યા વિના કર્મ શી રીતે કપાય ?

(૨) કર્મ : દ્રવ્ય - ભાવ કર્મનું બંધનરૂપ કાર્ય.

(૩) કરણ : ભાવાશ્રવ - અશુદ્ધભાવ પરિણતિ. પ્રાણાતિપાતાદિ - દ્રવ્યાશ્રવ.

(૪) સંપ્રદાન : નવી અશુદ્ધતાથી નવા કર્મોનો લાભ થાય તે.

(૫) અપાદાન : આત્મ-સ્વરૂપનો અવરોધ. ક્ષાયોપશમિક ગુણોની હાનિ થવી તે. સ્વરૂપથી છુટા પડવું.

(૬) આધાર : આવી અનંત અશુદ્ધિઓનું આશ્રયસ્થાન આત્મપ્રદેશો.

આ કારક-શક્તિઓનું કામ અનાદિકાળથી ચાલુ છે. આપણી જ કારક શક્તિઓ આપણું નુકશાન કરી રહી છે.

**સ્વગુણ આયુધ થકી કર્મ ચૂરે, અસંખ્યાત ગુણી નિર્જરા તેહ પૂરે...**
**ટલે આવરણથી ગુણ વિકાસે, સાધના શક્તિ તિમ તિમ પ્રકાશે... (૨૯)**

**અર્થ** - પોતાના જ્ઞાનાદિ ગુણરૂપ શસ્ત્રથી કર્મને ચૂર્ણ નષ્ટ કરે છે અને સમયે સમયે અસંખ્યાત ગુણી નિર્જરા થવાથી આત્માને ગુણોથી પૂર્ણ કરે છે, અર્થાત્ કર્માવરણ દૂર થવાથી ગુણોનો વિકાસ થાય છે અને આત્મશક્તિ (વીર્યોલ્લાસ) વધતી જાય છે...

**વિવેચન:** - સ્વગુણરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી કર્મોનો ક્ષય કરનાર આત્મા... સમયે સમયે અસંખ્યાતગુણી નિર્જરા કરીને ગુણોથી આત્માને પૂર્ણ બનાવે છે. જેમ સૂર્યની આડે આવેલા વાદળથી દૂર થતાં તેનો પ્રકાશ પ્રગટતો જાય છે, તેમ સમયે સમયે થતી કર્મ નિર્જરાના યોગે કર્માવરણ દૂર થવાથી આત્મામાં જેમ જેમ ગુણોની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ વીર્યોલ્લાસ વધવાથી સાધનાશક્તિ (આત્મસ્વભાવની રમણતારૂપ) વધતી જાય છે.

**વાચના પ્રસાદી** - છએ કારક સૌ પ્રથમ ભગવન્મય બને ત્યારે બધું બદલવા માંડે. આથી સ્વગુણરૂપી શસ્ત્રો પેદા થાય. એ શસ્ત્રો કર્મના ભુક્કા બોલાવી દે. પછી તો સાધક અસંખ્યાતગુણી નિર્જરા કરતો રહે. ક્ષણે-ક્ષણે નિર્જરાનો પ્રકર્ષ વધતો જાય.

ધ્યાનમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એક થઈ જાય છે. કોઈ પણ કાર્ય જીવ કરે છે ત્યારે બધી જ શક્તિઓ એકી સાથે કામ કરવા લાગે છે. ચાહે એ કામ શુભ હોય કે અશુભ. આત્મ-પ્રદેશોમાં કદી અનેકતા નથી હોતી. બધા સાથે મળીને જ કામ કરે. મિથ્યાત્વ વખતે જ્ઞાનાદિ શક્તિ - મિથ્યાજ્ઞાનાદિ શક્તિઓ કહેવાય છે. સમકિતની હાજરીમાં તે સમ્યગ્જ્ઞાનાદિ શક્તિઓ કહેવાય છે.

**પ્રગટ્યા આતમ ધર્મ થયા સવિ સાધન રીત...**
**બાધકભાવ ગ્રહણતા ભાગી જાગી નીત... !**
**ઉદય ઉદીરણા તે પણ પૂરવ નિર્જરા કાજ...**
**અનભિસંધિ બંધકતા નિરસ આતમરાજ... (૩૦)**

**અર્થ : -** (આત્મશક્તિ વધવાથી) આત્મગુણો પ્રગટ થતાં - કર્તૃત્વાદિ પાંચે શક્તિઓ સ્વરૂપ અનુયાયી થઈને સાધનપણે પરિણમવા લાગી... તેથી બંધકભાવ (વિભાવ)નું ગ્રહણ દૂર થઈ ગયું, કર્મ પ્રકૃતિના ઉદય ઉદીરણા પણ પૂર્વ કર્મની નિર્જરાના હેતુભૂત થયા તથા અભિસંધિજ વીર્ય (પ્રયત્નપૂર્વક થતી પ્રવૃત્તિ)ના કારણે જે કર્મબંધ થતો હતો તે ટળી જવાથી આતમરાજા નિરસ બન્યો...

**વિવેચન : -** પૂર્વ ગાથામાં બતાવ્યા પ્રમાણે સાધનાશક્તિ (આત્મશક્તિ)નો વિકાસ થવાથી (આત્માના) અનેક ગુણોનો પ્રાદુર્ભાવ થયો અને જે કર્તૃત્વાદિ ×પાંચ શક્તિઓ

અનાદિથી પરઅનુયાયીપણે પ્રવર્તતી હતી, તે હવે સ્વરૂપ અનુયાયીપણે પ્રવર્તવા લાગી... અને અનાદિથી જે વિભાવદશાનું ગ્રહણ થતું હતું તે દૂર થયું અને અવિનાશી આત્મસ્વરૂપનું ગ્રહણ થવા લાગ્યું.

[×(૧) કર્તૃત્વશક્તિ - અનાદિથી પરદ્રવ્યરૂપ વિભાવદશાના કર્તાપણે પ્રવર્તતી હતી, તે હવે સ્વરૂપ કર્તાપણે પ્રવર્તવા લાગી...

(૨) ભોક્તૃત્વશક્તિ - પરપુદ્ગલાદિ વિભાવદશાના ભોગમાં પ્રવર્તતી હતી, તે હવે સ્વગુણ - પર્યાયના ભોગમાં પ્રવર્તવા લાગી...

(૩) રક્ષકત્વશક્તિ - અનાદિથી પરદ્રવ્યના રક્ષકપણે પ્રવર્તતી હતી, તે હવે સ્વભાવના રક્ષકપણે પ્રવર્તવા લાગી...

(૪) વ્યાપકત્વશક્તિ - અનાદિથી પરદ્રવ્યમાં વ્યાપકપણે પ્રવર્તતી હતી, તે હવે સ્વભાવ રમણતામાં વ્યાપકપણે પ્રવર્તવા લાગી...

(૫) ગ્રાહકત્વશક્તિ - અનાદિથી પરદ્રવ્યના ગ્રાહકપણે પ્રવર્તતી હતી, તે હવે સ્વભાવ ગ્રાહકપણે પ્રવર્તવા લાગી...]

કર્મના ઉદય (અબાધાકાલપૂર્ણ થતાં ફળ આપવા તૈયાર થયેલા કર્મ) અને ઉદીરણા (લોચાદિ કષ્ટ દ્વારા ઉદય અપ્રાપ્ત કર્મોને ઉદયમાં લાવવા તે) દ્વારા પણ પૂર્વ કર્મોની નિર્જરા થવા લાગી... પરંતુ તે વખતે (આત્મામાં કષાયરૂપ ચીકાસ અત્યલ્પ હોવાથી) આત્મા નિરસ પરિણામવાળો હોવાથી કર્મબંધ પણ થતો નથી અર્થાત્ જે પ્રયત્નપૂર્વક કે અનુપયોગપણે બાહ્યભાવોમાં પ્રવર્તતો વીર્ય (યોગ) અનેક કર્મ ગ્રહણ કરતો હતો, તે હવે સ્વરૂપના ઉપયોગમાં પ્રવર્તવાથી તેવા પ્રકારનો કર્મબંધ થતો નથી.

**વાચના પ્રસાદી -** ✱ આ મૂર્તિ કાંઇ રમકડું નથી. એ સાક્ષાત્ પ્રભુનું રૂપ છે. ભક્ત એમાં પ્રભુને જ જુએ છે.

આગળ વધીને ભક્ત પ્રભુ - નામમાં પણ પ્રભુને જુએ છે. પ્રિય વ્યક્તિના પત્રમાં જેમ, વાંચનાર વ્યક્તિનું જ દર્શન કરે છે. તેમ પ્રભુ - નામમાં ભક્ત પ્રભુનું જ દર્શન કરે છે.

જગતના સર્વ-વ્યવહારોમાં આપણે નામ અને નામીના અભેદથી જ ચલાવીએ છીએ, પણ અહીં જ, (સાધનામાં જ) વાંધો આવે છે. રોટલી બોલતાં જ રોટલી યાદ આવે છે. ઘોડો બોલતાં જ ઘોડો યાદ આવે છે. પણ પ્રભુ બોલતાં પ્રભુ યાદ નથી આવતા.

* વ્યક્તિ દૂર છે કે નજીક એ મહત્ત્વની વાત નથી, એના પર કેટલું બહુમાન છે, તે જ મહત્ત્વની વાત છે.

ભગવાનની નજીક રહેનારા કાળીયા કસાઇ વગેરે કાંઇ મેળવી શક્યા નથી, દૂર રહેલા કુમારપાળ આદિએ મેળવવા લાયક મેળવી લીધું છે. કારણ કે નજીક રહેલા કસાઈમાં બહુમાન નહોતું, કુમારપાળમાં બહુમાન હતું.

સાક્ષાત્ ભગવાનના વિરહમાં ભગવાનના નામ અને રૂપમાં ભક્ત સાક્ષાત્ ભગવાનને જ જુએ. સવાલ ફક્ત બહુમાનનો જ છે.

* હું લોભી ખરો. લોભ હજુ ગયો નથી. મેં અધ્યાત્મગીતા પાકી કરેલી છે. હજુ ગઈ નથી. બીજા પણ તે પાકી કરે તેનો લોભ ખરો. મને ઉપકાર થયો તે ઉપકાર બીજા પર પણ થાય, તેવો લોભ ખરો.

* ફલોદીમાં બહુ જ નાનપણમાં સૌ પ્રથમ 'અધ્યાત્મ કલ્પદ્રુમ' પુસ્તક ઉદયરાજજી કોચરના ઘરથી મળ્યું. ગુજરાતીમાં હોવા છતાં મેં વાંચવાની કોશીશ કરી. આનંદ આવ્યો.

* છ કારક અત્યાર સુધી બાધક બન્યા છે. હવે તેને સાધક શી રીતે બનાવવા ? તે કળા આપણે શીખવાની છે.

પૂ. દેવચન્દ્રજી કૃત મલ્લિનાથ અને મુનિસુવ્રત સ્વામી ભગવાનના સ્તવનમાં એ કળા દર્શાવી છે. અવસરે તમે જોજો.

જ્યાં સુધી શરીર આદિનું કર્તૃત્વભાવ આપણે માનીએ છીએ - ત્યાં સુધી છયે કારક અવળા જ ચાલવાના. ''હું મારા જ્ઞાનાદિ ગુણોનો કર્તા છું.'' એવું અનુભૂતિજન્ય જ્ઞાન થતાં જ બાધક કારકચક્ર સાધક બનવા લાગે છે.

* દરેક નવો વૈજ્ઞાનિક પૂર્વના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધનના આધારે આગળ વધે છે. એટલી મહેનત તેની બચે છે. યોગીએ જ્ઞાની અને અનુભવીઓના આધારે આગળ વધવાનું છે. એમના અનુભવની પંક્તિઓ આપણા માટે માઇલસ્ટોન બની રહે છે.

* જ્ઞાનીઓના કથનનું હાર્દ સમજવા તેમના પર બહુમાન હોવું જરૂરી છે. પં. મુક્તિવિજયજી ત્યાં સુધી કહેતા : તમે જે ગ્રંથ ભણતા હો તેના કર્તાની એક માળા ગ્રંથ પૂરો ન થાય ત્યાં સુધી રોજ ગણવી.

* નિશ્ચયથી આત્મા પરનો કર્તા છે જ નહિ, આત્મગુણોનો જ કર્તા છે, છતાં જો પરકર્તૃત્વનું અભિમાન પોતાના માથે લે તો દંડાય. કોર્ટમાં કોઈ જો બોલી જાય 'મેં ચોરી કરી છે.' તો એને અવશ્ય દંડ મળે; ભલે તેણે ચોરી ન કરી હોય.

સ્વઆત્મા ઉપાદાન કારણ છે.

* સુદેવ - સુગુરુ આદિ મુખ્ય કારણ છે.

મુખ્ય કારણથી ઉપાદાન કારણ પુષ્ટ થાય છે.

* નાનો વેપારી મોટા વેપારી પાસેથી માલ લે તેમ આપણે પ્રભુની પાસેથી ગુણોનો માલ લેવાનો છે. વેપારી તો હજુ ના પણ પાડી દે. ઉધાર ન પણ આપે. ભગવાન કદી ના નહિ પાડે. લેનાર થાકે, પણ આપનાર ભગવાન કદી થાકે નહિ. એવા દાનવીર છે ભગવાન.

આપણે સ્વયં આપણા આત્માને ગુણોનું (કે દુર્ગુણોનું) દાન કરીએ તે સંપ્રદાન (ચોથો કારક) છે.

એટલે નવા ગુણોનો લાભ તે સંપ્રદાન.
અશુદ્ધિની નિવૃત્તિ તે અપાદાન.
આ બંને સાથે જ થાય.

લાભ થયો તે સંપ્રદાન, હાનિ થઈ તે અપાદાન...

**દેશપતિ જબ થયો નીતિ રંગી, તદા કુણ થાય કુનય ચાલ સંગી**
**યદા આતમા આત્મભાવે રમાવ્યો, તદા બાધકભાવ દૂરે ગમાવ્યો (૩૧)**

**અર્થ** - ન્યાયપ્રિય રાજાની પ્રજા અનીતિ આચરી શકે નહિ, તેમ અસંખ્યપ્રદેશી આત્મા જ્યારે સ્વભાવ રમણતારૂપ નીતિપ્રિય બને છે ત્યારે કુનયઅનીતિ (વિભાવદશા)નો આશ્રય કયા યોગો કરી શકે ? જ્યારે આત્મા આત્મભાવ (સ્વભાવ)માં રમવા લાગ્યો ત્યારે બાધકભાવ (વિભાવદશા) દૂર ભાગવા લાગ્યો... !

**વિવેચન** - પહેલો અર્થ - જેમ નીતિપ્રિય રાજા સ્વયં અનીતિ - અન્યાયના માર્ગે ચાલતો નથી પણ ન્યાયમાર્ગને જ અનુસરે છે, તેમજ બીજાને પણ ન્યાયમાર્ગે દોરે છે અને અન્યાયથી અટકાવે છે, તેમ જે આત્મા અસંખ્ય પ્રદેશરૂપ દેશમાં સમ્યગ્ન્યાયપૂર્વક પ્રવૃત્તિ કરે છે અર્થાત્ સ્વભાવદશામાં રમણતા કરે છે, તે વિભાવરૂપ (અન્યાયી પ્રવૃત્તિ કરવા દ્વારા) પરદેશનો રંગી બનતો નથી.

**બીજો અર્થ** - જે દેશનો ન્યાયપ્રિય રાજા સ્વયં નીતિપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેની પ્રજા પણ ન્યાયનીતિપૂર્વક જ પ્રવૃત્તિ કરતી હોય છે. અર્થાત્ અન્યાય અનીતિનું આચરણ કરે નહિ, તેવી રીતે જ્યારે આત્મા સ્વભાવમાં રમણતા કરવા લાગે છે ત્યારે તેના જ્ઞાનાદિ ગુણો પણ સ્વ સ્વકાર્યમાં પ્રવર્તવા લાગે છે. અર્થાત્ વિભાવદશા પરિણમનરૂપ અન્યાય - અનીતિના માર્ગે કોઈ પણ ગુણ પ્રવર્તતો નથી.

**સહજ ક્ષમા - ગુણશક્તિથી છેદ્યો ક્રોધ સુભટ્ટ...**
**માર્દવભાવ પ્રભાવથી, ભેદ્યો માન મરટ્ટ...**
**માયા આર્જવ યોગે, લોભ તે નિસ્પૃહભાવ...**
**મોહ મહાભટ ધ્વંસે, ધ્વંસ્યો સર્વ વિભાવ... (૩૨)**

**અર્થ -** આત્માએ પોતાના સહજ ક્ષમા ગુણની પ્રબળ શક્તિથી ક્રોધ સુભટને છેદી નાખ્યો, મૃદુતા (નમ્રતા)ના પ્રભાવ વડે માનની મોટાઈને ભેદી નાખી, સરલતાથી માયાને અને નિસ્પૃહતા (નિર્લોભતા) વડે લોભનો નાશ કર્યો... આ પ્રમાણે પ્રબળ મોહરૂપ મહાસુભટનો નાશ કરવાથી સર્વ વિભાવનો નાશ થયો...

**વિવેચન -** મુનિ જ્યારે આત્મસ્વભાવમાં નિરંતર રમણતા કરવા લાગ્યા ત્યારે તેમના ક્ષમાદિ ગુણો અત્યન્ત વિકસિત બની સહજ બની ગયા, જેથી ક્રોધ, માન, માયા, લોભનો અનુક્રમે ક્ષય થવા લાગ્યો, તે આ પ્રમાણે...

ક્ષપકશ્રેણિમાં રહેલા મુનિ નવમા ગુણસ્થાનકે ત્રણ વેદ, હાસ્યષટ્ક અને ક્રોધ, માન, માયાનો અનુક્રમે ક્ષય કરી દશમા ગુણસ્થાનકના અંત સમયે સત્તામાં રહેલા સૂક્ષ્મ લોભનો પણ ક્ષય કરે છે, અને સૂક્ષ્મ લોભનો ક્ષય થતાં સંપૂર્ણ મોહનીય કર્મનો ક્ષય થવાથી રાગદ્વેષરૂપ વિભાવ દશાનો સર્વથા નાશ થાય છે, ત્યાર પછી જીવ બારમા ગુણસ્થાનકમાં આવતાં ''નિર્મોહી'' કહેવાય છે...

**વાચના પ્રસાદી - ''यथा राजा तथा प्रजा: ।''** રાજા ન્યાયી થાય ત્યારે પ્રજા પણ ન્યાયી થવાની. આત્મા જ્યારે સ્વભાવરંગી બને ત્યારે કારકચક્ર પણ સ્વભાવરંગી બને. બાધકભાવ પોતાની મેળે જતો રહે.

આપણે એમ માનીએ છીએ : ક્રોધ પોતાની મેળે જશે. પ્રયત્ન શું કરવો ? પ્રયત્ન વિના ઘરનો કચરોય નથી જતો તો ક્રોધ શાનો જાય ? એ માટે ક્ષમા માટે પ્રયત્ન કરવો પડે.

અપરાધીનો અપરાધ ભૂલી જવો તે ક્ષમા,

અપરાધીનો અપરાધ ન ભૂલવો તે ક્રોધ.

આપણે શાના પર વધુ ભાર આપીએ છીએ ?

ક્ષમા આવે ત્યાં ક્રોધ ભાગી જ જાય.

ક્ષમાબેન પ્રશમભાઈની સાથે જ આવે. આ બંનેની હાજરીમાં ક્રોધ જાય જ.

* ગુણીના ગુણો જીવનમાં લાવવા તે ગુણીનું ઉત્કૃષ્ટ બહુમાન છે. માત્ર કાયિક સેવા નહિ, આત્મિક ગુણો ઊતારવો તે ઉત્કૃષ્ટ ભક્તિ છે. જો કે બાહ્ય સેવા પણ ઉપયોગી છે જ.

* ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિ (નિર્લોભતા) આ ચારેય ઉત્તમ કોટિના બને ત્યારે જ શુક્લધ્યાનમાં પ્રવેશ થઈ શકે.

* માન એમને એમ નથી જતો. મૃદુતાને લાવતાં તે જાય છે.

નમતું ન જોખવું તે માન છે, મોટાઇ છે. સામી વ્યક્તિને માન આપવું તે નમ્રતા છે, મૃદુતા છે.

આપણે બંનેમાંથી કોને વધુ ભાર આપીએ છીએ ?

સરળતાથી માયા અને નિ:સ્પૃહતાથી લોભને જીતવાના છે. ચારેય જીતાઇ જતાં મોહ નિર્બળ બની જાય છે, જીતાઇ જાય છે.

મોહ જતાં બધો વિભાવ ગયો જ સમજો.

-શંખેશ્વરમાં રાજનેતાઓની હાજરીમાં એક મહાત્માએ ભાષણ કર્યું. ભાષણ કડક હોવાથી બે - ચાર નેતાઓએ ચાલતી જ પકડી. તેમ મોહ પણ ચાલતી પકડે છે.

**ઈમ સ્વાભાવિક થયો આત્મવીર,**
**ભોગવે આત્મસંપદ સુધીર,**
**જેહ ઉદયાગત પ્રકૃતિ વલગી,**
**અવ્યાપક થકો ખેરવે તેહ અલગી (૩૩)**

**અર્થ** - આ પ્રમાણે મોહના ક્ષયથી વિભાવદશાનો સર્વથા ધ્વંસ થતાં... આત્મવીર મુનિ સ્વભાવરમણી બનીને જ્ઞાનાદિ આત્મસંપદાને ભોગવે છે તથા ઉદયમાં આવી પડેલી તે કર્મ પ્રકૃતિઓને અલિપ્તપણે સમભાવે ભોગવી આત્મપ્રદેશોથી ખસેડી દે છે, અર્થાત્ તેનો સમૂળ ક્ષય કરે છે...

**વિવેચન** - ઉક્ત પૂર્વ ગાથાના કથન મુજબ મોહનો ક્ષય થતાં મુનિનો (આત્મ) વીર્યગુણ અત્યંત ઉલ્લસિત બની જાય છે, તેથી મહાન શૂરવીર સુભટની જેમ સ્વભાવદશા (વીતરાગદશા)માં રમણતા કરતા સ્વજ્ઞાનાદિ ગુણોની સમૃદ્ધિને ભોગવે છે, અને ઉદયપ્રાપ્ત અન્ય ઘાતીકર્મોની પ્રકૃતિઓને સમભાવે, અલિપ્તપણે ભોગવીને ક્ષય કરે છે.

**વાચના પ્રસાદી** - પછી યોગી બળવાન બને છે. આત્મસંપત્તિનો ભોક્તા બને છે. બીજી વળગેલી પ્રકૃતિઓને પણ તે ખેરવી નાખે છે.

ચેતનાનો સ્વભાવ વ્યાપક બનવાનો છે. ગુલાબજાંબુ ખાતી વખતે તેના સ્વાદમાં પણ વ્યાપક બને ને શાંતરસમયી મૂર્તિમાં પણ વ્યાપક બને.

ચેતના ક્યાં પરોવવી તે આપણે વિચારવાનું છે.

**ધર્મધ્યાન ઈક તાનમેં ધ્યાવે અરિહા સિદ્ધ...**
**તે પરિણતિથી પ્રગટી તાત્ત્વિક સહજ સમૃદ્ધ...**
**સ્વ સ્વરુપ એકત્વે તન્મય ગુણ પર્યાય...**
**ધ્યાને ધ્યાતાં નિર્મોહીને વિકલ્પ જાય... (૩૪)**

**અર્થ -** મુનિ ધર્મધ્યાનમાં તન્મયતાપૂર્વક શ્રી અરિહંત પરમાત્મા અને સિદ્ધભગવંતનું ધ્યાન કરે છે, તે ધ્યાનના પ્રભાવે સત્તાગત સહજ (સ્વાભાવિક) જ્ઞાનાદિ ગુણોની સમૃદ્ધિ પ્રગટ થાય છે અને પોતાના આત્મસ્વરૂપમાં તન્મય (એકત્વપણે) થઈ સ્વગુણ અને પર્યાયનું એકત્વપણે ધ્યાન કરતો નિર્મોહી મુનિ વિકલ્પદશાનો ત્યાગ કરે છે.

**વિવેચન -** આ ગાથામાં ધર્મધ્યાનની પરાકાષ્ટાદ્વારા શુક્લધ્યાનની પ્રાપ્તિ થાય અને શુક્લધ્યાનમાં તન્મયતા સાધવાથી વિકલ્પદશાનો વિલય થાય છે, એમ બતાવવામાં આવ્યું છે.

ધર્મધ્યાન વડે શ્રી અરિહંત પરમાત્મા કે શ્રી સિદ્ધ પરમાત્માના શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં તન્મય બનવાથી આત્માના (સત્તાએ) શુદ્ધ સ્વરૂપમાં તન્મયતા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સાલંબનધ્યાનના નિરંતર અભ્યાસથી નિરાલંબનધ્યાનમાં અનુક્રમે (અંશેઅંશે) સ્થિરતા પ્રાપ્ત થાય છે, જ્યારે સાલંબનધ્યાન (ધર્મધ્યાન) પરાકાષ્ટાએ પહોંચે છે, ત્યારે શુદ્ધ શુક્લધ્યાન (રુપાતીત)નો પ્રારંભ થાય છે. સત્તાએ પોતાનો આત્મા પણ સિદ્ધ સમાન જ છે, એમ વિચારી આત્મ સ્વરૂપમાંજ તન્મય થઈ સ્વગુણ અને પર્યાયનું ધ્યાન કરે છે, અને સ્વગુણ - પર્યાયમાં એકતા પ્રાપ્ત થતાં નિર્મોહી મુનિના મનના સર્વ વિકલ્પો વિલય પામી જાય છે, અર્થાત્ નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય છે.

**વાચના પ્રસાદી -** દાદરા ચડ્યા પછી જ ઉપરના માળે જઈ શકાય તેમ ધર્મધ્યાન પછી જ શુક્લધ્યાન થઈ શકે.

શુક્લધ્યાનના બે પાયામાં ધર્મધ્યાનનો પણ અંશ હોય છે, તે ભૂલવા જેવું નથી.

નિર્વિકલ્પમાં જતાં પહેલા શુભ વિકલ્પનો સહારો લેવો જ પડે. જો શુભ વિકલ્પનો સહારો ન લઈએ તો અશુભ વિકલ્પો આવી જ જવાના. માટે જ હું જેવું તેવું વાંચવાની ના પાડું છું.

જે કાંઈ પણ વાંચીએ - વિચારીએ તેના પુદ્ગલો આપણી આસપાસ ઘૂમતા જ રહે છે. તેની પક્કડમાં આપણે તરત જ આવી જઈએ. જે જે વાંચીએ, વિચારીએ, અવગાહીએ તે બધાના સંસ્કારો આપણી અંદર પડવાના જ.

✻ સવિકલ્પ અને નિર્વિકલ્પ - બે પ્રકારની સમાધિ છે.

નિર્વિકલ્પ : પોતાનું ઘર છે.

સવિકલ્પ : મિત્રનું ઘર છે.

અશુભ વિકલ્પ : શત્રુનું ઘર છે.

શત્રુના ઘરમાં શું થાય તે તમે સમજી શકો છો. શત્રુનું ઘર સમૃદ્ધ થાય તેવું કોઈ કરે ? અશુભ વિકલ્પો વધે તેવું વાંચનાદિ કરતાં આપણે શત્રુનું ઘર તો સમૃદ્ધ નથી કરતા ને ?

**યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ, તદા અનુભવે શુદ્ધ આનંદશર્મ,**
**ભેદ રત્નત્રયી તીક્ષ્ણતાયે.. અભેદ રત્નત્રયીમેં સમાયે (૩૫)**

**અર્થ -** બ્રહ્મ - શુદ્ધજ્ઞાનમય મુનિનો આત્મા જ્યારે વિકલ્પ રહિત થાય છે, ત્યારે નિર્મલ આનંદમય સુખને અનુભવે છે. ભેદરત્નત્રયી (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ)ની તીક્ષ્ણતા અર્થાત્ તેમાં એકાગ્રપણે તન્મયતા થવાથી અભેદરત્નત્રયી પ્રગટે છે. (અર્થાત્ ત્રણેનો ઉપયોગ એક સમયે વર્તે છે)...

**વિવેચન -** વિકલ્પદશાનો વિલય થતાં નિર્વિકલ્પદશામાં લીન બનેલા (શુદ્ધબ્રહ્મ) નિર્મલ આત્માને પરમાનંદમય સુખનો અનુભવ થાય છે... અને આત્માના મુખ્ય ગુણો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે અત્યાર સુધી પોતપોતાના કાર્ય કરવા દ્વારા પરસ્પર સહાયક હતા તે હવે અન્યોન્ય (પરસ્પર)ની સહાયને બદલે અભેદપણે પરિણમવા લાગ્યા...

કઈ રીતે અભેદપણે પરિણમ્યા તેનું રહસ્ય બતાવે છે -

**દર્શન જ્ઞાન ચરણ ગુણ સમ્યગ્ એક એકના હેતુ**
**સ્વ સ્વ હેતુ થયા સમ કાલે તેહ અભેદતા ખેતુ,**
**પૂર્ણ સ્વજાતિ સમાધિ ઘનઘાતિ દલ છિન્ન**
**ક્ષાયિક ભાવે પ્રગટે આતમ ધર્મ વિભિન્ન (૩૬)**

**અર્થ -** સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ પ્રથમ એક બીજાના હેતુ બનતા હતા (તેને ભેદરત્નત્રયી કહેવામાં આવે છે) તે હવે એક જ સમયે (સમકાલે) આત્માના અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્રમાં સ્વ સ્વ (પોતપોતાના) ગુણનાં જ હેતુ બન્યા (આ અભેદ - રત્નત્રયી કહેવાય છે) અને જ્ઞાનાદિ ગુણોમાં તન્મયતારૂપ પૂર્ણ સમાધિ પ્રાપ્ત થતાં ઘનઘાતી (ચારઘાતી) કર્મોનો નાશ થયો અને જ્ઞાનાદિ ગુણો ક્ષાયિકભાવે પ્રગટ થયા... !

**વિવેચન -** પૂર્વે આત્માના દર્શન, જ્ઞાન ચારિત્ર, ગુણો એ પરસ્પર એકબીજાના હેતુ (કારણ) બને છે. જેમ (દર્શન) સમ્યક્ત્વ ગુણ જાણવામાં જ્ઞાન હેતુ બને છે અને તેમાં સ્થિરતા પ્રાપ્ત કરવા ચારિત્ર હેતુ છે. તેમજ જ્ઞાનની શ્રદ્ધામાં સમ્યગ્દર્શન અને સ્થિરતામાં ચારિત્રગુણ હેતુભૂત બને છે તથા ચારિત્રના શ્રદ્ધાનમાં અને જાણવામાં દર્શન - જ્ઞાન કારણ બને છે.

આ પ્રમાણે પોતપોતાનું ભિન્નભિન્ન કાર્ય કરતાં હોવાથી તે ભેદરત્નત્રયી કહેવાય છે, પરંતુ પરસ્પરની સહાયતા વિના જ્યારે તે ગુણો એક જ સમયમાં આત્માના અસંખ્યાતપ્રદેશ રૂપ ક્ષેત્રમાં સ્વ સ્વ (પોતપોતાના) ગુણના હેતુરૂપ અભેદપણે પરિણમ્યા, ત્યારે ત્રણેની (જ્ઞાનનું જાણપણું, જ્ઞાનની શ્રદ્ધા અને સ્થિરતા એમ ત્રાણેની) એકતા થવાથી તે અભેદરત્નત્રયી કહેવાય છે.... સ્વજાતિ - અનંતગુણરાશિરૂપ આત્મત્વજાતિ સત્તાએ સર્વ જીવોની એક સમાન છે. તેમાં પૂર્ણ તન્મયતા પ્રાપ્ત થતાં પૂર્ણ સમાધિદશા પ્રગટે છે અને તેથી ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થતાં આત્મામાં અભિન્નપણે રહેલા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય ગુણ... ક્ષાયિકભાવે પ્રગટ થાય છે.

**પછી યોગ રૂંધિ થયો તે અયોગી, ભાવ શૈલેશતા અચલ અભંગી;**
**પંચ લઘુ અક્ષરે કાર્યકારી, ભવોપગ્રાહીકર્મ સંતતિ વિકારી (૩૭)**

**અર્થ** - ત્યાર પછી (૧૩મા ગુણ સ્થાનકે) યોગો (મન, વચન, કાયા)ને રુંધિને અયોગી અવસ્થા પ્રાપ્ત કરે છે, તે વખતે મેરુપર્વતની જેમ આત્મા અચલ અને અભંગ સ્વભાવવાળો બને છે અને પાંચ લઘુ (હ્રસ્વ) અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલા સમયમાં જ ભવોપગ્રાહી કર્મસંતતિ (અઘાતી કર્મશ્રેણિ)નો ક્ષય કરે છે...

**વિવેચન** - કેવલી ભગવાન ૧૩મા ગુણસ્થાનકના અંત સમયે +ત્રીજા શુક્લધ્યાનવડે *સર્વ યોગોને રુંધીને ચૌદમા ગુણસ્થાનકે આવે છે, ત્યારે અયોગી કહેવાય છે અને ત્યાં શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થતાં ચોથા શુક્લધ્યાનવડે પાંચ લઘુ અક્ષર (અ.ઈ.ઉ.ઋ.લૃ)ના ઉચ્ચારણ જેટલા સમયમાં જ શેષ રહેલા ચાર (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર) અઘાતીકર્મોનો ક્ષય કરે છે...

[+શુક્લધ્યાનનાં ચાર પ્રકાર - (૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર, (૨) એકત્વ વિતર્ક અવિચાર, (૩) સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી, (૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ, (વિસ્તાર ''તત્વાર્થસૂત્ર કે ગુણસ્થાનકમારોહ'' વિગેરેથી સમજી લેવો...) જેમાં આત્મસ્પંદનરૂપ સૂક્ષ્મક્રિયા અવશ્ય હોય છે, તે સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી કહેવાય છે અને જેમાં આત્મ સ્પંદનરૂપ સૂક્ષ્મક્રિયા પણ ન હોય, તે સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ કહેવાય છે...

*બાદરકાયયોગમાં સ્થિત રહેલા બાદરવચનયોગ અને બાદરમનોયોગને સૂક્ષ્મ બનાવે છે અને તેમાં સ્થિતિ કરીને બાદરકાયયોગને સૂક્ષ્મ બનાવે છે અને તે સૂક્ષ્મકાયયોગમાં સ્થિતિ કરીને સૂક્ષ્મવચનયોગ અને સૂક્ષ્મમનોયોગને રુંધી નાખે છે અને ત્યાં રહીને ચિદાનંદમય સ્વરૂપમાં લીન બને છે. એટલે પ્રથમ બાદરકાયયોગ પછી બાદરવચનયોગ, બાદરમનોયોગ ત્યાર પછી સૂક્ષ્મવચનયોગ, સૂક્ષ્મમનોયોગ અને અંતે સૂક્ષ્મકાયયોગને અનુક્રમે રુંધી દે છે...]

**સમશ્રેણે એક સમયે પહોતા જે લોકાંત...**
**અફુસમાણ ગતિ નિર્મલ ચેતનભાવ મહાંતિ...**
**ચરમ ત્રિભાગ વિહીન પ્રમાણે જસુ અવગાહ...**
**આત્મપ્રદેશ અરુપ અખંડાનંદ અબાહ (૩૮)**

**અર્થ** - સર્વ કર્મનો ક્ષય થતાં મહાન ક્ષાયિકભાવને પામેલો શુદ્ધ ચેતન... માત્ર એકજ સમયમાં સમશ્રેણીથી અસ્પૃશમાનગતિએ લોકના અગ્રભાગે પહોંચી જાય છે. ત્યાં ચરમ (છેલ્લા) શરીરના બીજા ભાગ રહિત અર્થાત્ બે તૃતીયાંશ પ્રમાણ ક્ષેત્રને અવગાહીને રહે છે. સિદ્ધોના આત્મપ્રદેશો અરુપી, સર્વ પીડા રહિત, અખંડ અને આનંદથી પૂર્ણ હોય છે...

**વિવેચન** - આત્મા જ્યારે સર્વ કર્મોનો ક્ષય કરે છે, ત્યારે એક જ સમયમાં લોકના અગ્રભાગે નિર્મલ સિદ્ધશિલા ઉપર જઈ બિરાજમાન થઈ જાય છે. તે સમયે સિદ્ધાત્માની કેવી ગતિ અને કેટલી અવગાહના હોય છે તેનું સ્વરૂપ નીચે પ્રમાણે બતાવવામાં આવ્યું છે -

(૧) સમશ્રેણિથી જાય છે, અર્થાત્ કર્મક્ષય વખતે જે આકાશપ્રદેશમાં રહે છે, તેજ પ્રદેશોની સમશ્રેણિથી (સીધા) ઉપર જાય પણ આડા - અવળા ન જાય..., (૨) અસ્પૃશમાનગતિ - કર્મક્ષય સમયે જે આકાશપ્રદેશોનો સ્પૃશ (સ્પર્શ) થયો છે તે જ આકાશપ્રદેશોની સમશ્રેણિએ વર્તતો સિદ્ધાત્મા સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે, (૩) શૈલેશી અવસ્થામાં ચરમ શરીરની અવગાહનાના ત્રીજા ભાગે ન્યૂન આત્મપ્રદેશો ઘનરૂપ થઈ જાય છે. તેથી બે તૃતીયાંશ જેટલી અવગાહના હોય છે, (૪) તે અસંખ્ય (આત્મ) પ્રદેશો પરમનિર્મલ, ક્ષાયિકભાવે પ્રગટેલા મહાન જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ, અરુપી અને સર્વ પ્રકારની બાધા પીડા રહિત અખંડ - આનંદથી પરિપૂર્ણ હોય છે.

**વાચના પ્રસાદી -** યોગી નિર્વિકલ્પી થાય છે ત્યારે શુદ્ધ આનંદનું સુખ અનુભવે છે. પહેલા જ્ઞાનાદિ અલગ અલગ હતા, એક - બીજાને સહાયક બનતા હતા, હવે એક થઈ જાય છે.

અત્યાર સુધી દર્શનાદિ એકેકના હેતુ હતા. હવે બધા એક સાથે અભેદના હેતુ બને છે.

યોગનો રોધ કરી અયોગી ગુણસ્થાનકે મેરુ જેવી અડોલ સ્થિતિ પ્રાપ્ત કરી, માત્ર પાંચ હ્રસ્વાક્ષર કાળમાં તે આત્મા પૂર્ણ કરી સિદ્ધશિલાએ જઈ બિરાજે છે.

આ બધી ગાથાઓનો અર્થ સાવ જ સહેલો છે, કહેવાની પણ જરૂર નથી. પણ તે જીવનમાં લાવવો ખૂબ જ મુશ્કેલ છે. એના માટે કેટલાય જન્મો જોઈએ. એ મેળવવા જ આ બધો પ્રયત્ન છે.

* વિધિ અને આદરપૂર્વક સતત કરવામાં આવે તો સાધના અવશ્ય ફલવતી બને. વચ્ચે ગેપ પડે તે ન ચાલે.

વેપારીઓને પૂછો : મહિનામાં ૧૫ દિવસ દુકાન બંધ રાખે તો શું થાય ? તુટેલા ગ્રાહકો સાંધતાં કેટલી વાર લાગે ? નર્મદાનો પુલ અખંડ ન હોય, વચ્ચે એક જ ફુટનું ગાબડું હોય તો ચાલનારની શી દશા થાય ? આપણી સાધનાનો પુલ પણ અખંડ જોઈએ.

આત્મસાધના સિવાય બધે જ આપણે સાતત્ય જાળવીએ છીએ. નિયમિત નહિ થવાથી, આદરપૂર્વક નહિ થવાથી, વિધિપૂર્વક સાધના નહિ થવાથી જ આપણો હજુ સુધી મોક્ષ થયો નથી.

* મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આદિ જેમ જેમ મંદ થતા જાય તેમ તેમ સાધનામાં વેગ વધતો જાય, સાધનાનો આનંદ વધતો જાય.

મિથ્યાત્વ જતાં ૪થું ગુણઠાણું આવે, સમ્યક્ત્વનો આનંદ મળે.

અવિરતિ જતાં છટ્ઠું ગુણઠાણું મળે, સર્વવિરતિનો આનંદ મળે.

પ્રમાદ જતાં ૭મું અપ્રમત્ત ગુણસ્થાનક મળે. વીર્યોલ્લાસનો આનંદ મળે.

કષાય જતાં વીતરાગતા (બારમું ગુણસ્થાનક) મળે.

વીતરાગતા મળતાં સર્વજ્ઞતા (તેરમું ગુણઠાણું) મળે.

યોગ જતાં અયોગી ગુણઠાણું મળે. આખરે મોક્ષ મળે.

* શ્રદ્ધાની ખામી હોય તો સમ્યગ્ દર્શન ન મળે.

જિજ્ઞાસાની ખામી હોય તો સમ્યગ્ જ્ઞાન ન મળે.

સ્થિરતાની ખામી હોય તો સમ્યક્ ચારિત્ર ન મળે.

અનાસક્તિની ખામી હોય તો સમ્યક્ તપ ન મળે.

ઉલ્લાસની ખામી હોય તો વીર્ય ન મળે.

વીર્યાચાર ન હોય તો એકેય આચાર પાળી શકાય નહિ. વીર્ય બધે જ અનુસ્યૂત છે. માટે જ બીજા ચાર આચારના ભેદો જ વીર્યના ભેદો મનાયા છે.

હવે ચાર ગાથામાં સિદ્ધ ભગવંતોના સ્વરૂપને સ્પષ્ટ રીતે જણાવે છે...

**જિંહા એક સિદ્ધાત્મ તિંહા છે અનંતા**
**અવન્ના અગંધા નહિ ફાસમંતા...,**
**આત્મગુણ પૂર્ણતાવંત સંતા...**
**નિરાબાધ અત્યંત સુખાસ્વાદવંતા (૩૯)**

**અર્થ -** જ્યાં એક સિદ્ધાત્મા રહે છે, ત્યાં અનંતાસિદ્ધ પરમાત્માઓ હોય છે અને તે સર્વે અવર્ણ-વર્ણરહિત, ગંધરહિત અને સ્પર્શ રહિત હોય છે, તેમજ આત્મગુણોની પૂર્ણતાવાળા અને નિર્મલ હોય છે, તથા અવ્યાબાધ અનંત સુખના આસ્વાદ કરનારા હોય છે.

**વિવેચન -** પૂર્વની ગાથામાં સિદ્ધોની અવગાહના બતાવી... તેજ સ્થળ પર અન્ય પણ અનંતા સિદ્ધો રહી શકે છે. છતાં કોઈને પણ પરસ્પર બાધા થતી નથી... કારણ કે તેઓ બાધામાં હેતુભૂત પાંચે શરીરોથી મુક્ત હોય છે તથા અરુપી જ્ઞાનજ્યોતિર્મય છે.

જેમ અનેક દીવાઓનો પ્રકાશ એક બીજામાં સમાઈ જાય છે, તેમ એક પૂર્ણજ્ઞાન જ્યોતિર્મય આત્મા અન્ય જ્યોતિ સ્વરૂપ આત્મામાં મળી જાય છે. તેથી જ્યાં એક સિદ્ધાત્મા હોય છે ત્યાં જ અનંતા સિદ્ધાત્માઓ હોય છે... અને તે બધા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત હોય છે, કારણ કે વર્ણાદિ પુદ્ગલદ્રવ્યમાં જ હોય છે.

સિદ્ધાત્મા જ્ઞાનાદિ ગુણોની પૂર્ણતાને પામેલા હોય છે... અને નિરાબાધ (પીડા રહિત) અત્યંત અવ્યાબાધ સુખનો આસ્વાદ કરનારા હોય છે...

ત્રણે જગતના મનુષ્યો અને દેવોના ત્રણે કાલના ઈન્દ્રિયજન્ય પૌદ્ગલિક સુખને એકઠું કરી તેનો અનંતીવાર વર્ગ કરવામાં આવે તો પણ સિદ્ધપરમાત્મા એક સમયના સુખની સમાનતા પણ તે કરી શકે નહિ... કારણ કે આત્મિક સુખ અતીન્દ્રિય, અવિનાશી અને સ્વાભાવિક છે, જ્યારે પૌદ્ગલિક સુખ ઈન્દ્રિયજન્ય, વિનાશી અને કાલ્પનિક છે...

**વાચના પ્રસાદી -** આપણે એક ઓરડીમાં મર્યાદિત સંખ્યામાં જ રહી શકીએ, પણ સિદ્ધો જ્યાં એક છે ત્યાં અનંતા રહેલા છે. કારણ કે તેઓ અરૂપી છે. વર્ણ - ગંધ - રસ - સ્પર્શ વગેરેથી રહિત છે.

નામકર્મે આપણને એવા ઢાંકી દીધા છે કે વર્ણાદિથી પર અવસ્થાની કલ્પના જ નથી આવતી.

માણસની આસક્તિ શરીરથી પણ આગળ વધીને વસ્ત્ર, ઘરેણા અને મકાન સુધી પહોંચી ગઇ છે. એની સુંદરતામાં પોતાની સુંદરતા માને છે. અનામી અરૂપી આત્માને શરીર સાથે પણ લાગે વળગે નહિ તો વસ્ત્ર કે મકાનની તો વાત જ શી કરવી ?

બધી ઇન્દ્રિયો સ્વ-ઇષ્ટ પદાર્થો મળતાં રાજી થાય છે. એ બધો સ્વાદ આપણે ચાખ્યો છે, પણ આત્માના સુખનો સ્વાદ કદી જ ચાખ્યો નથી. આથી જ સિદ્ધોના સુખની આપણે કલ્પના પણ કરી શકતા નથી. આપણે તો આસક્તિને સુખ માની લીધું છે, જે ખરેખર દુ:ખ જ છે. વધારે આસક્તિ કરીએ તેમ વધુને વધુ ચીકણા કર્મ બંધાય છે, તે સાવ જ ભૂલી ગયા છીએ.

માટે જ સાધક આસ્વાદ લીધા વિના ભોજન કરે. સાપ જેમ બિલમાં જાય તેમ મુખમાં કોળીયો જાય. ચામાં મીઠું છે કે સાકર ? તેવી તેને ખબર ન પડે, એટલી અંતર્મુખતા હોય.

ઇન્દ્રિયોના બધા જ સુખો (ત્રણે કાળના સુખો) એકઠા કરીને અનંત વર્ગ કરવામાં આવે તો પણ સિદ્ધના અનંતવર્ગહીન એક આત્મપ્રદેશના સુખની તુલનામાં ન આવે. સંસારનું કૃત્રિમ સુખ છે. આ સહજ છે, એ જ મોટો ફરક છે.

આવું સુખ સાંભળવાથી ફાયદો શો ? આથી આપણી અંદર જ આવું સુખ પડેલું છે એવું જણાય ને તેથી તે મેળવવાની તીવ્ર રુચિ પેદા થાય, આ જ મોટો ફાયદો.

**કર્તા કારણ કાર્ય નિજ પરિણામિકભાવ...**
**જ્ઞાતા જ્ઞાયક ભોગ્ય ભોક્તા શુદ્ધ સ્વભાવ...,**
**ગ્રાહક રક્ષક વ્યાપક તન્મયતાએ લીન...**
**પૂરણ આત્મધર્મ પ્રકાશરસે લયલીન... (૪૦)**

**અર્થ -** સિદ્ધના આત્મા એ પોતાના સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોના કર્તા છે. જ્ઞાનાદિ ગુણો એ કારણ છે અને સ્વરૂપ રમણતારૂપ કાર્ય છે, કેવલ જ્ઞાનથી સકલ પદાર્થોને જાણે છે, શુદ્ધ સ્વભાવરૂપ ભોગ્યના ભોક્તા છે, શુદ્ધ સ્વરૂપના જ ગ્રાહક અને રક્ષક છે, શુદ્ધ સ્વભાવમાં જ તન્મયપણે વ્યાપક થયેલા છે અને સંપૂર્ણ આત્મગુણોના પ્રકાશમાં જ લયલીન છે...,

**વિવેચન -** સિદ્ધ અવસ્થામાં આત્મા શરીર વિના કેવા પ્રકારની પ્રવૃત્તિ કરતા હશે ? તેના સમાધાનમાં જણાવે છે કે -

સિદ્ધાત્મા સ્વયં પોતાના પારિણામિકભાવ (જે નૈગમ અને સંગ્રહનયે અનાદિથી સત્તામાં રહ્યો હતો તે, એવંભૂતનયના મતે સિદ્ધિરૂપ કાર્ય ઉત્પન્ન થતાં પ્રગટરૂપે થયો છે તે) ને વિષે જ્ઞાનાદિ ગુણોદ્વારા સદા રમણતા (રૂપકાર્ય) કરી રહ્યા છે, તેને સ્પષ્ટપણે બતાવે છે.

(૧) કેવલજ્ઞાનગુણવડે... અનંતજ્ઞેય પદાર્થોને જાણે છે...

(૨) સ્વશુદ્ધ સ્વભાવરૂપ ભોગ્ય (અનંતગુણ પર્યાયમય)ને સમયે સમયે ભોગવે છે...

(૩) પરપુદ્‌ગલનું ગ્રહણપણું સર્વથા નાબૂદ થઈ જવાથી સ્વરૂપના જ ગ્રાહક બને છે...

(૪) પરપુદ્‌ગલનું રક્ષકપણું સર્વથા દૂર થવાથી સ્વભાવના જ રક્ષક હોય છે...

(૫) પરપુદ્‌ગલની વ્યાપકતા સર્વથા નષ્ટ થઈ જવાથી નિર્મલ સ્વભાવમાં વ્યાપક હોય છે અર્થાત્ પોતાના પૂર્ણ ગુણ પર્યાયરૂપ પ્રકાશમાં જ સદા લયલીન બનેલા હોય છે...

**વાચના પ્રસાદી -** સિદ્ધો શુદ્ધ સ્વભાવના ભોક્તા હોય છે. પ્રકાશ રસમાં લયલીન હોય છે.

સિદ્ધોએ ત્યાં કરવાનું શું ?

વૈશેષિક દર્શન મુક્તને જ માને છે.

આની ઠેકડી ઉડાડતાં કોઈએ કહ્યું છે :

"વૃંદાવનમાં શિયાળ થવું સારું, પણ વૈશેષિકની મુક્તિ સારી નહિ."

જૈનદર્શનની મુક્તિ આવી જડ નથી. ત્યાં અભાવ નથી, પણ આત્મશક્તિઓનો સંપૂર્ણ ઊઘાડ છે. ત્યાં જડતા નથી, પણ પૂર્ણ ચૈતન્યની પરાકાષ્ઠા છે.

દ્રવ્યાદિની અપેક્ષાએ સિદ્ધ સ્વરૂપની વિચારણા :-

**દ્રવ્યથી એક ચેતન અલેશી, ક્ષેત્રથી જે અસંખ્ય પ્રદેશી;**
**ઉત્પાત નાશ ધ્રુવ કાલ ધર્મ, શુદ્ધ ઉપયોગ ગુણ ભાવ શર્મ (૪૧)**

**અર્થ -** દ્રવ્યથી વિચારતાં લેશ્યા રહિત સિદ્ધાત્મા એક જ છે. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી છે. કાળથી સ્વધર્મનું ઉત્પાદ - વ્યય - ધ્રુવપણું છે અને ભાવથી અનંત ગુણપર્યાયના સુખમાં શુદ્ધ ઉપયોગવાળા છે અર્થાત્ અનંત ગુણપર્યાયાત્મક સ્વભાવસુખમાં મગ્ન બનેલા છે...

**વિવેચન -** દરેક વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ ચતુર્ભંગીદ્વારા વિચારવાથી તે વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટપણે સમજી શકાય છે. અહીં સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ પણ દ્રવ્યાદિની અપેક્ષાએ વર્ણવે છે -

(૧) દ્રવ્યની અપેક્ષાએ - સિદ્ધાત્મા જ્ઞાનાદિ ચેતના - ગુણ સહિત હોવાથી તે એક ચેતનદ્રવ્ય છે અને સર્વ લેશ્યા રહિત હોવાથી તે અલેશી છે...

(૨) ક્ષેત્રની અપેક્ષાએ - સિદ્ધાત્મા પોતાના અસંખ્યાતપ્રદેશોમાં રહેલા હોવાથી અસંખ્યપ્રદેશી છે....

(૩) કાળની અપેક્ષાએ - સિદ્ધાત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સ્વરૂપવાળા છે, જેમ જાણવા અને જોવા રૂપ કાર્યનો સમયે સમયે ઉત્પાદ થાય છે અર્થાત્ અભિનવ પર્યાયની ઉત્પત્તિ થાય છે અને પૂર્વ પર્યાયનો નાશ થાય છે, પણ જ્ઞાનાદિ અનંતગુણ પ્રગટેલા છે તે ધ્રુવપણે સદાકાળ - શાશ્વતા જ હોય છે.

(૪) ભાવની અપેક્ષાએ - સિદ્ધાત્મા સ્વગુણ પર્યાયમાં શુદ્ધ ઉપયોગવાળા બની સ્વભાવ - સુખને અનુભવે છે. (ગુણ પર્યાયની સ્વ સ્વ કાર્યમાં પ્રવૃત્તિ એ જ "ભાવ" કહેવાય છે.)

**વાચના પ્રસાદી -** દ્રવ્યથી એક ચેતન લેશ્યારહિત છે.

ક્ષેત્રથી આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે.

કાળથી ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત છે.

ભાવથી શુદ્ધ ઉપયોગમાં રમણ કરનાર છે.

**પ્રશ્ન :** આત્મામાં ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય શી રીતે ઘટે ?

**ઉત્તર :** આત્મામાં અભિનવ પર્યાયની ઉત્ત્પત્તિ થાય છે. પૂર્વ પર્યાયનો નાશ થાય છે અને જ્ઞાનાદિથી આત્મા ધ્રુવ (શાશ્વત) છે.

નિશ્ચયથી આપણું રહેઠાણ આપણો આત્મા જ છે. સ્થાન માટે ઝગડા થવાની સંભાવના ઊભી થાય ત્યારે આ વાસ્તવિકતા યાદ કરજો.

## -: નિક્ષેપાદિ વડે સિદ્ધ સ્વરૂપની વિચારણા :-

**સાદિ અનંત અવિનાશી અપ્રયાસી પરિણામ...**
**ઉપાદાન ગુણ તેહિજ કારણ - કાર્યધામ...**
**શુદ્ધ નિક્ષેપ ચતુષ્ટય જુત્તો અત્તો પૂર્ણાનંદ...**
**કેવલનાણી જાણે જેહના ગુણનો છંદ... (૪૨)**

**અર્થ -** સિદ્ધાત્મા સાદિ અનંત સ્થિતિવાળા છે, અવિનાશી, અપ્રયાસી (પ્રયાસો વિના સ્વભાવમાં પ્રવૃત્તિ) પરિણામવાળા છે, (પોતાના પારિણામિક સ્વભાવમાં વર્તે છે) તેમજ ઉપાદાન આત્મા અને જ્ઞાનાદિ ગુણ તે કારણ, જાણવા જોવા (દેખવા) રૂપ પ્રવૃત્તિ તે કાર્ય. એ રીતે કર્તા, કારણ, કાર્ય ત્રણે સ્વરૂપમાં એકતાપણે પરિણમે છે અને નિર્મલ ચાર નિક્ષેપાયુક્ત અને પૂર્ણાનંદને ભોગવવામાં તન્મય થયેલા તે સિદ્ધ પરમાત્માના ગુણોના વાસ્તવિક સ્વરૂપને તો કેવલજ્ઞાનીજ જાણી શકે છે.

**વિવેચન -** શાસ્ત્રપ્રસિદ્ધ નિક્ષેપાદિદ્વારા અહીં સિદ્ધસ્વરૂપનું વર્ણન કરે છે :-

(૧) એક જીવને આશ્રયીને સિદ્ધોની સાદિ - અનંત સ્થિતિ હોય છે... અને અનેક જીવોને આશ્રયીને અનાદિ અનંત સ્થિતિ હોય છે, કારણ કે એવો કોઈ કાળ નથી કે જેમાં સિદ્ધો ન હોય.

(૨) સિદ્ધાત્મા અવિનાશી છે અને પ્રયાસ (પ્રયત્ન) વિના જ પોતાના પારિણામિક ભાવમાં સદા લીન હોય છે. કારણ કે સિદ્ધ સ્વરૂપ પ્રગટ્યા પછી તેનો વિનાશ થતો નથી. તેમજ કોઈ પણ પ્રયત્ન વિના જ આત્મિક સુખને અનુભવે છે...

(૩) સિદ્ધાત્મા અનંત જ્ઞાનાદિ ગુણરૂપ કારણ વડે સમયે સમયે અનેક જ્ઞેય પદાર્થોને જાણવા તથા જોવા રૂપ કાર્યને આત્મ સ્વરૂપમાં રહીને કરે છે...

(૪) સિદ્ધાત્મા - નિર્મલ નિક્ષેપાયુક્ત છે, તે આ પ્રમાણે -

(૧) નામસિદ્ધ -''સિદ્ધ'' એવું નામ ત્રણે કાળમાં શાશ્વતપણે હોય છે...

(૨) સ્થાપનાસિદ્ધ - ચરમ શરીરના ત્રિભાગન્યૂન (૨/૩) સ્થાપનારૂપ ક્ષેત્રને અવગાહીને રહે છે...

(૩) દ્રવ્યસિદ્ધ - નિર્મલ અસંખ્ય આત્મપ્રદેશોમાં જ્ઞાનાદિ અનંત ગુણોરૂપી (છતી પર્યાય = જ્ઞાનાદિ ગુણોની જાણવાની શક્તિ) વસ્તુ સ્વરૂપે પ્રગટે છે...

(૪) ભાવસિદ્ધ - સામર્થ્ય પર્યાય (જાણવું આદિની ક્રિયામાં પ્રવૃત્તિ) પ્રવર્તનારૂપ અનંતાધર્મો પ્રગટેલા છે તેથી નવા નવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાત અને પૂર્વ પૂર્વ પર્યાયનો વ્યય સમયે સમયે નિરંતર થાય છે.

આ પ્રમાણે નિર્મલ ચાર નિક્ષેપાયુક્ત હોવાથી સિદ્ધ પરમાત્મા સંપૂર્ણ (આત્મિક) આનંદમાં મગ્ન હોય છે.

તેમના સંપૂર્ણ ગુણોનું નિર્મળ સ્વરૂપ કેવલજ્ઞાનીજ જાણી શકે છે, છદ્મસ્થ જીવદ્વારા તે જાણી શકાય તેમ નથી...

કેવલિગમ્ય પદાર્થોના સ્વરૂપ પણ તેમના કહેલા આગમોદ્વારા કંઈક અંશે જાણી શકાય, સંપૂર્ણ રીતે તો કેવલીભગવંતો જાણી શકે છે. છતાં પણ તેઓ સિદ્ધ પરમાત્માના સંપૂર્ણ ગુણોનું વર્ણન કરી શકતા નથી...

સિદ્ધતાની રુચિ એ જ મુનિપણું છે-

**એહવી શુદ્ધ સિદ્ધતા કરણ ઈહા, ઈન્દ્રિય સુખ થકી જે નિરીહા;**
**પુદ્‌ગલી ભાવના જે અસંગી, તે મુનિ શુદ્ધ પરમાર્થ રંગી (૪૩)**

**અર્થ** - જેને (પૂર્વ વર્ણીત) શુદ્ધ સિદ્ધતા પ્રગટાવવાની રુચિ હોય છે અને જે ઈન્દ્રિયજન્ય (વિષય) સુખથી નિસ્પૃહ હોય છે, તેમજ જે શુભાશુભ - પુદ્‌ગલ માત્રના સંગથી રહિત હોય છે, તે જ નિર્મલ બુદ્ધિવાળો મુનિ શુદ્ધ પરમાર્થ (શુદ્ધ આત્મતત્ત્વ)નો રંગી બને છે.

**વિવેચન** - ભાવ મુનિનું લક્ષણ બતાવે છે - જેને શ્રી સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણીને, પોતાની સત્તામાં રહેલી સિદ્ધતાને પ્રગટાવવાની તીવ્ર રુચિ - અભિલાષા ઉત્પન્ન થાય અને બાહ્ય ઈન્દ્રિયજન્ય

સુખ દુ:ખ રૂપ લાગે, તેને ભોગવવાની ઈચ્છા માત્ર પણ ન થાય, તેમજ પ્રત્યેક પુદ્ગલ પદાર્થના સંગના ત્યાગી બને છે. તે જ મુનિ શુદ્ધ (પરમાર્થ) તત્ત્વના રંગી થાય છે. અર્થાત્ શુદ્ધ સિદ્ધતારૂપ સાધ્યને સિદ્ધ કરવા તેના સાધનો (સમ્યગ્દર્શન (આત્મરુચિરૂપ), સમ્યગ્જ્ઞાન (આત્મજ્ઞાનરૂપ) અને સમ્યક્ચારિત્ર (આત્મરમણતારૂપ)માં આનંદપૂર્વક પ્રવૃત્તિ કરે છે.

સિદ્ધતા પ્રગટાવવાના સાધનોનું સ્વરૂપ-

**સ્યાદ્વાદ આતમ સત્તા રુચિ સમકિત તેહ...**
**આતમ ધર્મનો ભાસન નિર્મલજ્ઞાની જેહ...**
**આતમ રમણી ચરણી ધ્યાની આતમ લીન...**
**આતમ ધર્મ રમ્યો તેણે ભવ્ય સદા સુખ પીન... (૪૪)**

**અર્થ -** સ્વાદ્વાદ - અનેકાન્તવાદ વડે પોતાની આત્મસત્તાને ઓળખી તેને પ્રગટાવવાની રુચિ તે જ સમકિત છે. જેને આત્મધર્મનો નિર્મલ બોધ થયો હોય તે જ સમ્યગ્જ્ઞાની છે અને જે આત્મસ્વભાવમાં જ રમણતા કરે છે તે જ ચારિત્રવાન મુનિ છે, જે આત્મામાં લીન બને છે તે જ નિર્મલધ્યાની છે, જે ભવ્યાત્મા નિરંતર આત્મસ્વભાવમાં રમે છે તે જ સદા સુખ - આનંદઘનરસના પાનથી આત્માને પુષ્ટ બનાવે છે.

**વિવેચન -** શુદ્ધ સિદ્ધતા પ્રગટાવવાના સમ્યગ્સાધનોનું સ્વરૂપ જણાવે છે. નિત્ય - અનિત્ય આદિ અનેક ધર્મવાળી વસ્તુનું સાપેક્ષ જ્ઞાન તે સ્યાદ્વાદ છે, તેનાથી (નિશ્ચયનયે) આત્મસત્તામાં તિરોભાવે રહેલા કેવલજ્ઞાનાદિ અનંતગુણોની ઓળખાણ કરી તેને પ્રગટાવવાની રુચિ - ઈચ્છા ઉત્પન્ન થવી તે જ સમ્યગ્દર્શન છે. આત્મધર્મ - આત્માના અનંતગુણો નિશ્ચયનયે આત્મામાં જ છે, એવો નિશ્ચય (નિર્ણયાત્મક) બોધ જેને થયો હોય તે જ નિર્મલજ્ઞાની છે અને તે નિર્મલજ્ઞાનવડે જે આત્મા સ્વભાવમાં રમણતા કરે છે, તે જ ચારિત્રવાન મુનિ છે.

આત્મસ્વભાવમાં લીન બનેલો મુનિ જ નિર્મલધ્યાની છે અને જે ભવ્યાત્માઓ આત્મસ્વભાવમાં રમણતા કરી તેમાં જ સદા લયલીન રહે છે, તે નિરંતર આત્મિક સુખનો અનુભવ કરી આત્માને ગુણોથી પુષ્ટ બનાવે છે.

**વાચના પ્રસાદી -** આવી શુદ્ધ સિદ્ધતા મારી ક્યારે પ્રગટે ? એવી રુચિ જાગે, તો આપણી સાધના સાચી. એ રુચિ માટે ઈન્દ્રિયોના સુખ પર નિ:સ્પૃહતા જાગે, પૌદ્ગલિક ભાવોથી વેગળાપણું રહે તે જ મુનિ સાચા અર્થમાં મુનિ છે.

આત્મસત્તાની રુચિ એટલે સમ્યક્ત્વ.
આત્મસત્તાનો બોધ એટલે સમ્યક્જ્ઞાન.
આત્મસત્તાની રમણતા એટલે સમ્યક્ચારિત્ર.

આ રત્નત્રયીને પામે તે આત્મા પુષ્ટ બને.

## ગ્રન્થનો ઉપસંહાર અને હિતોપદેશ:-

**અહો ભવ્યો તુમે ઓળખો જૈનધર્મ, જિણે પામીએ શુદ્ધ અધ્યાત્મ મર્મ;**
**અલ્પ કાળે ટળે દુષ્ટ કર્મ, પામીએ સોય આનંદ શર્મ (૪૫)**

**અર્થ**-અહો ભવ્યો! તમે જૈનધર્મને ઓળખો, જેથી પરમવિશુદ્ધ અધ્યાત્મનું રહસ્ય પ્રાપ્ત થશે, અર્થાત્ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે અને તેથી અલ્પ કાળમાં જ દુષ્ટ કર્મોનો ક્ષય થવાથી પરમસુખમય મોક્ષની પ્રાપ્તિ થશે.

**વિવેચન**- હે ભવ્ય જનો ! તમે જો દુ:ખથી સર્વથા મુક્ત બની શાશ્વત સુખને મેળવવા ઈચ્છતા હો તો શ્રી જિનેશ્વર ભગવંતે બતાવેલા ધર્મને પિછાણો...! અર્થાત્ જિનાગમમાં નિર્દેશેલા જીવ-અજીવ આદિ તત્ત્વોના સ્વરૂપનું સ્યાદ્વાદ દૃષ્ટિએ અધ્યયન કરો...! તેમ કરવાથી સ્વસત્તાગત અનંત ગુણપર્યાયાત્મક ધર્મની સાચી ઓળખાણ થશે અને અનુક્રમે આત્મસ્વરૂપમાં રમણતા પ્રાપ્ત થતાં અધ્યાત્મનું અલૌકિક રહસ્ય અનુભવ ગોચર થશે અને નિરંતર આત્મસ્વભાવમાં તન્મયતા પ્રાપ્ત થતાં (દુષ્ટ) ઘાતીકર્મો-(જ્ઞાનાવરણીયાદિ) નો ક્ષય થશે અને શાશ્વત સુખમય એવા પરમપદ મોક્ષની પ્રાપ્તિ થશે. !

આ પ્રમાણે શ્રી જિનેશ્વર પ્રરૂપિત ધર્મના આલંબનથી આત્મધર્મની પૂર્ણતા પ્રગટે છે. માટે જૈનધર્મના સૂક્ષ્મ સ્વરૂપને સમજવા સદ્‌ગુરુઓની સેવા-ભક્તિ કરવા દ્વારા તેમની પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

જૈનધર્મની ઓળખાણ મુનિભગવંત દ્વારા થઈ શકે છે. માટે અહીં ભાવમુનિનું લક્ષણ બતાવે છે-

**વાચના પ્રસાદી** - હે ભવ્યો... ! મારી સલાહ માનતા હો તો જૈનધર્મને ઓળખો. તમને શુદ્ધ અધ્યાત્મ ધર્મનો મર્મ મળશે. પ્રયત્ન કરશો તો અલ્પકાળમાં દુષ્ટકર્મો ખપી જશે. અલ્પકાળમાં કલ્યાણ થઈ જશે. એમ પૂ. દેવચન્દ્રજી મ. કહે છે.

મુખ્ય પદાર્થ છે : આત્મા. એને એક ઓળખતાં બીજું બધું પોતાની મેળે ઓળખાઈ જશે.

મુખ્ય વાત તો માર્ગ-દર્શનની છે. બાકીનો માર્ગ તો માર્ગ પોતે જ બતાવશે. આગળ જતા જઈએ તેમ તેમ આગળ-આગળનો માર્ગ સ્પષ્ટ થતો જાય. પૂર્વ અનુભવ જ પછીના અનુભવની ઝાંખી કરાવશે.

**નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,**
**સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદીવ,**
**નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ**
**ભવસાગરના તારણ નિર્ભય તેહ જહાજ (૪૬)**

**અર્થ-** જે નય નિક્ષેપ અને પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણવડે જીવ અને અજીવના સૂક્ષ્મ સ્વરૂપને જાણે છે, જેઓ સદા સ્વ (આત્મા) પર (જડ) નો વિવેક કરીને આત્મ સ્વરૂપનો લાભ પ્રાપ્ત કરે છે અને જેઓ નિશ્ચયદષ્ટિ હૃદયસ્થ કરી વ્યવહારનું (પંચાચારનું) પાલન કરે છે, તે જ મુનિરાજ ભવસાગર તરવા માટે નિર્ભય જહાજ સમાન બને છે.

**વિવેચન-** [1]સાત નય, [2]ચાર નિક્ષેપા અને [3]પ્રત્યક્ષાદિ પ્રમાણ એ પદાર્થના સ્વરૂપને જાણવાનાં સાધનો છે.

જગતમાં મુખ્યતયા બે જ તત્ત્વ (પદાર્થ) છે-જીવ અને અજીવ. બાકીનાં (પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ) સાત તત્ત્વોનો તેમાં સમાવેશ થઇ જાય છે.

[૧ प्रमाणनयैरधिगमः

૨ નિક્ષેપ=વિભાગ-વિવક્ષિત વસ્તુને (ચાર) વિભાગમાં વહેંચી તેનું સ્પષ્ટ જ્ઞાન કરાવનાર તે નિક્ષેપ, અર્થાત્ અનિર્ણીત વસ્તુનો નામાદિ દ્વારા નિર્ણય કરાવે અથવા શબ્દ દ્વારા અર્થનો અને અર્થ દ્વારા શબ્દનો નિશ્ચિત બોધ કરાવે તથા અનભિમત વસ્તુનો ત્યાગ અને અભિમત અર્થનો સ્વીકાર કરાવવામાં ઉપયોગી થાય તે...નિક્ષેપ...

૩ સ્વ-પરનું નિર્ણયાત્મક (નિશ્ચયાત્મક) જ્ઞાન તે પ્રમાણ, પ્રમાણના બે પ્રકાર-(૧) પ્રત્યક્ષ, (૨) પરોક્ષ. પ્રત્યક્ષના ત્રણ પ્રકાર-અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન. પરોક્ષના બે પ્રકાર-(૧) મતિ, (૨) શ્રુત.]

નય, નિક્ષેપ અને પ્રમાણ દ્વારા જીવ અને અજીવ તત્ત્વનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજવાથી સ્વ-પરનો (ચેતન-જડનો) વિવેક પ્રાપ્ત થાય છે...હું આત્મા છું, જ્ઞાનાદિ અનંત ગુણો એજ મારા છે, અન્ય શરીર, ધન, પરિવારાદિ કોઇ મારા નથી, એ રીતે સ્વ-પરનું વિવેચન (પૃથક્કરણ) કરવાથી આત્મસ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે...

નિશ્ચયનયથી (આત્મ) સ્વરૂપ લક્ષ્યી બની વ્યવહારથી અહિંસા, સંયમ અને તપમાં તત્પર બનેલો મુનિ ભવ્ય આત્માઓને શુદ્ધ ધર્મ પમાડી તેમને પણ સંસાર સાગરથી તારે છે. માટે તે મુનિરાજ ભવસાગરને પાર કરવામાં નૌકા (જહાજ) સમાન આલંબનભૂત છે.

આવા ગીતાર્થ ત્યાગી મુનિ ભગવંતો દ્વારા જિનાગમનું શ્રવણ કરવાથી. જૈનધર્મની સાચી ઓળખાણ થાય છે.

**વાચના પ્રસાદી -** ભગવાન જ નહિ, મુનિ પણ તરણ - તારણ જહાજ છે. મુનિ જીવાજીવ, નય-નિપેક્ષ, નિશ્ચય-વ્યવહાર આદિ જાણનારા અને સ્વ-પરનો વિવેક કરનારા હોય છે.

**વસ્તુ વત્ત્વે રમ્યા તે નિર્ગ્રન્થ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;**
**તિણે ગીતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે...(૪૭)**

**અર્થ-** જે આત્મસ્વભાવમાં રમે છે તે જ નિર્ગ્રન્થ (બાહ્ય-અભ્યંતરગ્રન્થી રહિત) મુનિ છે. આત્મતત્ત્વનો અભ્યાસ એ જ મુનિમાર્ગ છે. (સાધુ જીવનની સાધના છે). માટે (તત્ત્વ જિજ્ઞાસુઓએ) ગીતાર્થ મુનિની સેવા ભક્તિમાં તત્પર રહેવું જોઈએ, જેથી શુદ્ધ સિદ્ધાંત-શાસ્ત્રના અભ્યાસવડે જ્ઞાનરૂપ અમૃતરસની પ્રાપ્તિ થાય...

**વિવેચન-**જે સ્વ-પરનો વિવેક પ્રાપ્ત કરીને આત્મતત્ત્વમાં રમણતા કરે છે, તેજ નિર્ગ્રન્થ મુનિ છે. કારણ કે આત્મતત્ત્વની પૂર્ણતા પ્રાપ્ત કરવાનાં સુસાધનો નિશ્ચયથી આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મરમણતારૂપ રત્નત્રયી જ છે અને તે રત્નત્રયીમાં નિરંતર પ્રવૃત્તિ કરવી તે જ તત્ત્વ અભ્યાસ છે અને તેને જ ''સાધુપંથ'' (મુનિમાર્ગ) કે ''ભાવચારિત્ર'' કહેવામાં આવે છે. તથા પંચમહાવ્રતોનું પાલન, ચરણ-કરણ સિત્તરીનું પાલન, નિર્દોષ આહાર ગ્રહણ વિગેરે ભાવચારિત્રના કારણભૂત હોવાથી દ્રવ્યચારિત્ર છે, પરંતુ દ્રવ્યચારિત્રના પાલન સાથે શાસ્ત્ર વાંચન પોતે કરે અને બીજાને પણ કરાવે છતાં શુદ્ધ ઉપયોગપણે ન વર્તે તો દ્રવ્યચારિત્રી કહેવાય.

આત્મસ્વરૂપમાં એકતા સ્થિરતા, રમણતા, નિશ્ચલતા એ ભાવચારિત્રનું લક્ષણ છે. માટે તેવા સુવિશુદ્ધ ચારિત્રધારક ગીતાર્થ મુનિના ચરણકમલની સેવાદ્વારા શુદ્ધ સ્યાદ્વાદ સિદ્ધાંત (જિનવાણી) રૂપ સુધારસનું પાન કરી શકાય છે.

**વાચના પ્રસાદી -** ''આપણે પોતાની મેળે હવે બધું મેળવી લઈશું'' એવા ભ્રમમાં કોઈ ન રહે માટે અહીં અધ્યાત્મવેત્તા ગીતાર્થ ગુરુની આવશ્યકતા બતાવે છે. તો જ શુદ્ધ સિદ્ધાંતરસ પીવા મળશે.

## ગ્રન્થકર્તાનું નામ અને ગ્રન્થરચના સ્થળ-

**શ્રુત અભ્યાસી ચોમાસીવાસી લિંબડી ઠામ,**
**શાસનરાગી સોભાગી શ્રાવકના બહુધામ;**
**ખરતરગચ્છ પાઠક શ્રી દીપચન્દ્ર સુપસાય,**
**દેવચન્દ્ર નિજ હરખે ગાયો આતમરાય (૪૮)**

**અર્થ-** જ્યાં શ્રી જિનશાસનના અનુરાગી અને સૌભાગ્યવાન એવા સુશ્રાવકોના અનેક ગૃહો છે, તેવા લીંબડીનગરમાં ચોમાસું રહીને શ્રુત-શાસ્ત્રના અભ્યાસી, ખરતરગચ્છના પાઠક-ઉપાધ્યાય શ્રી દીપચંદ્રજી મહારાજના સુપસાયે (કૃપાથી) દેવચન્દ્રજીએ હર્ષપૂર્વક આત્મરાજના ગુણોનું ગાન કર્યું છે, અર્થાત્ આત્મસ્વરૂપનું (શાસ્ત્રોક્ત) વર્ણન કર્યું છે.

**વિવેચન-** ગ્રન્થકર્તાએ પોતાનું તથા પોતાના ગુરુવર્યનું નામ સૂચવી, તેમની પરમ કૃપાથી આ ગ્રન્થ રચનાનું મંગલકાર્ય લીંબડીનગરમાં સંપૂર્ણ થયું છે, એમ આ ગાથા દ્વારા જણાવ્યું છે.

**વાચના પ્રસાદી -** લીંબડીમાં શ્રાવકોના ઘણા ઘરો છે. આજે પણ છે. ત્યાં મેં આત્માના ગુણ-ગાન કર્યા છે, એમ કર્તા કહે છે.

## ગ્રન્થ રચનાનું પ્રયોજન-

**આત્મગુણ રમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;**
**દેવચન્દ્રે રચી અધ્યાત્મગીતા, આત્મ રમણી મુનિ સુપ્રતિતા (૪૯)**

**અર્થ-** આત્મગુણોમાં રમણતા કરવાના અભ્યાસ માટે તથા શુદ્ધ આત્મસત્તાના રસીયા (રસીક) જીવોને ઉલ્લસિત બનાવવા માટે આત્મરમણી (આત્મસ્વભાવમાં રમણતા કરનારા) મુનિઓને સુપ્રતીત (સુપ્રસિદ્ધ) આ ''અધ્યાત્મ ગીતા'' નામના ગ્રન્થની રચના દેવચન્દ્રજીએ કરી છે.

**વિવેચન-** ગ્રન્થ રચનાનું પ્રયોજન બતાવી ગ્રન્થ સમાપ્ત કરતાં ગ્રન્થકાર મહર્ષિ સમગ્ર ગ્રન્થનો સાર પોતાના અનુભવજ્ઞાન વડે સમજાવવા પ્રયાસ કરે છે. આ ''અધ્યાત્મ ગીતા'' નામના ગ્રન્થની રચનાનો ઉદ્દેશ (પ્રયોજન) એ જ છે કે-આ ગ્રન્થના અભ્યાસ, ચિન્તન અને મનનદ્વારા મારો આત્મા તથા અનેક ભવ્યાત્માઓ આત્મગુણોમાં નિરંતર રમણતા કરવાનો ઉદ્યમ કરી શકે, તેમજ શુદ્ધ આત્મસત્તાના રસીક જીવો અધ્યાત્મનું શુદ્ધ સ્વરૂપ સરલતાથી સમજી આત્મસાધનામાં અત્યંત ઉલ્લસિત બને એજ ગ્રન્થ રચનાનું પ્રયોજન છે.

આત્મરમણી મુનિએ તો આ ગ્રન્થ આત્મસાત્ કરી લેવો જોઇએ જેથી નિર્વિઘ્નપણે આત્મસ્વભાવમાં રમણતા થશે, એટલે આત્મજ્ઞાન એ અનુભવજ્ઞાનમાં પરિણામ પામશે, અર્થાત્ આ ગ્રન્થના વાંચન, ચિન્તન અને મનન દ્વારા આત્મસ્વરૂપની ઓળખાણ થશે, તેમજ આત્મધ્યાનના સતત અભ્યાસથી સ્વરૂપ રમણતા પ્રાપ્ત થશે. માટે અધ્યાત્મપ્રિય ભવ્યાત્માઓએ આ ગ્રન્થને કંઠસ્થ કરી તેની અનુપ્રેક્ષા (મનન) કરી આત્મસ્વરૂપની રમણતાનો અભ્યાસ કરવા દ્વારા આ ગ્રન્થના પરમ રહસ્યને પામો એજ શુભાભિલાષા !

**વાચના પ્રસાદી -** બીજા અધ્યાત્મથી અજાણ જીવો પર પણ ઉપકાર થાય માટે આ અધ્યાત્મગીતા બનાવી છે.

આમાં મારે શું રચવાનું હોય ? આત્મરમણી મુનિને તો આ સુપ્રતીત જ છે. એમ અંતે કવિશ્રી પોતાનો કર્તૃત્વભાવ હટાવી દે છે.

# સ્યાદ્વાદ દષ્ટિએ જીવનું સ્વરૂપ

**સ્યાદ્વાદ:** નિત્ય, અનિત્ય આદિ અનેક ધર્મયુકત વસ્તુનો સાપેક્ષ સ્વીકાર તે સ્યાદ્વાદ (અનેકાન્તવાદ) કહેવાય છે.

નિત્ય, અનિત્ય, એક, અનેક, સત્, અસત્, વક્તવ્ય, અવક્તવ્ય, એ આઠ ધર્મો જીવતત્ત્વમાં વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ આ પ્રમાણે ઘટે છે-

**(૧) વ્યવહારનયે નિત્યાનિત્યપક્ષ:**

વ્યવહારથી જીવ જે ગતિમાં પોતાના આયુષ્ય પ્રમાણે રહે છે તે ગતિમાં તેટલો વખત નિત્ય છે, પરંતુ સમયે સમયે આયુષ્ય ઓછું થાય છે. તેથી અનિત્ય આમ (નિત્યમાં પણ અનિત્યપાણું) હોવા છતાં તે અનિત્યપાણામાં પણ જીવ સ્વયં નિત્યપણે વર્તે છે (આમ અનિત્યમાં પણ નિત્યપણું જાણવું).

**(૨) નિશ્ચયનયે નિત્યાનિત્યાપક્ષ:**

જીવના ચાર ગુણ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય) તથા ત્રણ પર્યાય (અવ્યાબાધ, અમૂર્ત, અનવગાહ) એ સાતે નિત્ય છે. પરંતુ અગુરુલઘુ પર્યાય એ સર્વ ગુણોમાં હાનિ વૃદ્ધિરૂપ ઉત્પત્તિ અને વિનાશ સ્વભાવમય છે. તેથી નિત્ય (ગુણો) માં પણ અનિત્યપણું થયું, અનિત્યપણામાં પણ જ્ઞાનાદિગુણો નિત્યપણે વર્તે છે. તેથી અનિત્યમાં પણ નિત્યપણું ઘટી ગયું...

**(૩) વ્યવહારનયે એક અનેક પક્ષ:**

ઉદયભાવના યોગે જે ગતિમાં જીવ રહે છે, તે ગતિમાં એક છે. છતાં કોઈનો પુત્ર, કોઈનો પિતા, કોઈનો ભાઈ વિગેરે સંબંધો હોવાથી જીવમાં પુત્રત્વ, પિતૃત્વ વિગેરે અનેક ધર્મો રહેલા છે, માટે અનેક પણ છે, આમ એકમાં અનેકપણું થયું. પરંતુ પુત્રત્વ, પિતૃત્વ વિગેરે અનેક ધર્મોમાં પોતે એકરૂપ વર્તે છે, આમ અનેકમાં એકપણું થયું.

**(૪) નિશ્ચયનયે એક અનેક પક્ષ:**

સર્વજીવોનો ધર્મ સત્તાએ એક સમાન છે, માટે સર્વજીવ એક કહેવાય છે. (ऐगे आया)- પરંતુ જીવમાં અસંખ્યાતપ્રદેશો છે, અનંતાગુણ અને અનંતાપર્યાયો છે, માટે અનેક કહેવાય છે. આમ એકમાં અનેક પાણું ઘટવું, છતાં તે અનેક પ્રદેશ, ગુણ, પર્યાયમાં જીવ તો એક જ છે, માટે અનેકમાં એકપણું છે.

**(૫) વ્યવહારનયે સત્-અસત્ પક્ષ:**

જીવ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણે સત્ છે, જેમકે-સ્વદ્રવ્ય-જીવદ્રવ્ય જે ગતિમાં વર્તે છે તે, સ્વક્ષેત્ર-જે ક્ષેત્રને અવગાહીને રહ્યો છે તે, સ્વકાળ-પોતાનું આયુષ્ય પ્રમાણ હોય છે તે, સ્વભાવ-

શુભાશુભ ભાવમાં રહે છે તે સ્વભાવ, એનાથી અન્ય-જે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, અને પરભવની અપેક્ષાએ અસત્ છે. આ પ્રમાણે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ હોવા છતાં પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ હોવાથી સત્‌માં અસત્‌પણું થયું અને તે અસત્‌પણામાં પણ જીવ પોતે સત્‌પણે રહે છે. તેથી અસત્‌માં સત્‌પણું જાણવું.

**(૬) નિશ્ચયનયે સત્-અસત્ પક્ષ:**

નિશ્ચયનયની અપેક્ષાએ જીવ સ્વદ્રવ્યાદિથી સત્ છે અને પરદ્રવ્યાદિથી અસત્ છે, તે પૂર્વવત્ સમજી લેવું. અહીં સ્વદ્રવ્ય-જ્ઞાનાદિ ગુણોવાળો જીવ, સ્વક્ષેત્ર-પોતાના અસંખ્યાતપ્રદેશોને અવગાહીને રહેવું તે, સ્વકાળ-અગુરુ-લઘુપર્યાયની હાનિ વૃદ્ધિ રૂપ, અને સ્વભાવ-પોતાના ગુણપર્યાયની પ્રવૃત્તિ જાણવી, એ સિવાયના અન્ય પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણવા.

**(૭) વ્યવહારનયે વક્તવ્ય-અવક્તવ્ય પક્ષ:**

ઔદયિક ભાવને યોગે જીવ પ્રથમ ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી વર્તે છે. તે સંસારી જીવના જેટલા ગુણો કેવલીભગવાનથી વર્ણવી શકાય તે વકતવ્ય અને જેટલા ગુણ વર્ણવી ન શકાય તે અવક્તવ્ય જાણવાં.

**(૮) નિશ્ચયનયે વક્તવ્ય-અવક્તવ્ય પક્ષ:**

સિદ્ધ પરમાત્મા જેઓ ગુણસ્થાનક રહિત છે અને લોકના અન્તભાગે બિરાજમાન થયેલા છે, તેમના જેટલા ગુણો કેવલીભગવાનથી કહી શકાય તે વક્તવ્ય અને તેઓથી પણ કહી શકાય નહિ તે ગુણો અવક્તવ્ય જાણવા.

એ રીતે પ્રત્યેક પદાર્થોમાં સ્યાદ્‌વાદનું જ્ઞાન થઈ શકે છે. આ સ્યાદ્‌વાદ (અનેકાન્તવાદ) એજ વસ્તુનો તાત્ત્વિક (સત્ય) બોધ કરાવનાર છે અને એ બોધ એજ સમ્યગ્‌જ્ઞાન કહેવાય છે કે જે આત્માના મોક્ષનું પ્રધાન કારણ છે, જેના દ્વારા આત્મામાં સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર પ્રગટ થાય છે, પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ થાય છે.



# પૂજ્યશ્રીનું સાહિત્ય

૧. તત્ત્વજ્ઞાન પ્રવેશિકા (હિન્દી - ગુજરાતી)

૨. અધ્યાત્મગીતા

૩. પરમતત્ત્વની ઉપાસના

(પૂ. દેવચન્દ્રજીની સાર્થ-સવિવેચન સ્તવન ચોવીશી,

હિન્દીમાં પરમ તત્ત્વકી ઉપાસના)

૪. સર્વજ્ઞ કથિત પરમ સામાયિક ધર્મ

૫. મિલે મન ભીતર ભગવાન

૬. ધ્યાન-વિચાર (સવિવેચન હિન્દી-ગુજરાતી)

૭. સહજ સમાધિ

૮. યોગશતક (સવિવેચન)

૯. યોગસાર (સાર્થ-સવિવેચન)

૧૦. તાર હો તાર પ્રભુ ! (સ્તવન વિવેચના)

મુદ્રક: જયંત પ્રિન્ટરી, મુંબઈ-૨. ફોન: ૨૦૫ ૭૧ ૭૧